Super Visa/ Visitor to Canada Insurance
- Best Mortgage Rates
- 1st and 2nd Mortgages
- Life and Critical Illness Insurance
- RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



કોરોનાની બીજી લહેર તૂફાન , લોકડાઉન અંતિમ વિકલ્પ :મોદી
વાંચો પેજ નં. ૧૬

FRIDAY, 23 APRIL, 2021 Vol. 18, No. 17 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ભારતમાં ૨૪ કલાકમાં અધધધ ૩.૧૪ લાખ લોકો કોરોનાથી સંક્રમિતઃ ૨૧૦૪ના મૃત્યુ

# ભારત હવે કોરોનાનું એપી સેન્ટર, વિશ્વમાં પ્રથમ ક્રમે

## વિશ્વમાં દૈનિક મોતના ગ્રાફમાં ભારત બીજા ક્રમે પહોંચી ગયું, સતત ૮ દિવસથી ૨ લાખથી વધુ કેસ

નવી દિલ્હી : ભારતમાં કોરોનાનો વાઈરસનો વિસ્ફોટ થયો હોય તેવી સ્થિતિ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ગુરુવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૩,૧૪,૮૩૫ નવા કેસ સામે આવ્યા હતા. તે ઉપરાંત કોરોનાના કારણે એક જ દિવસમાં દેશમાં સૌથી વધુ ૨૧૦૪ લોકોનાં મોત પણ થયા હતા. ભારતમાં કોરોના મુદ્દે સ્થિતિ અત્યંત વિકટ થઈ રહી છે. તેના અનુસંધાનમાં વડા પ્રધાન દ્વારા તાકીદે શુક્રવારે બેઠક બોલાવવામાં આવી છે. તેમણે બંગાળનો ચૂંટણી પ્રચાર પણ રદ કરી દીધો છે અને સ્વાસ્થ્ય સેવાઓ તથા રાજ્યોની સ્થિતિ અંગે વિગતે ચર્ચા માટે મહત્ત્વની બેઠક બોલાવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે આ આંકડા અત્યાર સુધીના સૌથી વધુ ભયાવહ છે. જાણકારોના મતે વિશ્વમાં સૌથી વધુ દૈનિક કેસ આવવા મુદ્દે ભારત હવે ટોચના સ્થાને છે. આ પહેલાં અમેરિકામાં ૮ જાન્યુઆરીએ ૩.૧૩ લાખ દૈનિક કેસ આવ્યા હતા. રોજિંદા મોતના આંકડામાં પણ સતત વધારો થતા હવે ભારત દુનિયામાં આ મામલે બ્રાઝિલ બાદ બીજા ક્રમે છે. દેશમાં ૩.૧૪ લાખ નવા કેસ આવતા જ કુલ કેસની સંખ્યા ૧,૫૯,૩૦,૯૬૫ પહોંચી ગઈ છે. આ ઉપરાંત દેશમાં કુલ મોત પણ ૧,૮૪,૬૫૭ થઈ ગયા છે.

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર**<br>૬૭૦૧૩ નવા કેસ,<br>૫૬૮નાં મોત | **દિલ્હી**<br>૨૬૧૬૯ નવા કેસ,<br>૩૦૬નાં મોત |
| **ઉત્તરપ્રદેશ**<br>૩૪૩૭૮ નવા કેસ,<br>૧૯૫નાં મોત | **કેરળ**<br>૨૬૯૯૫ નવા કેસ,<br>૨૮નાં મોત |



### એપ્રિલમાં જ કોરોનાની ભયાવહ સ્થિતિ

ભારતમાં ફેબ્રુઆરીના અંતથી કેસ વધવાનું શરૂ થયું હતું પણ હવે તો એપ્રિલ પૂરો થવા આવતા તો સ્થિતિ કાબુ બહાર જતી રહી છે. જાણકારોના મતે દેશમાં છેલ્લાં ૨૨ દિવસમાં કુલ ૩૭,૮૧,૬૩૦ નવા કેસ સામે આવ્યા છે. તેવી જ રીતે આ દિવસોમાં દેશમાં કુલ ૨૨,૧૮૯ લોકોનાં મોત પણ થયા છે. દેશમાં આ સતત આઠમો દિવસ છે જ્યારે બે લાખથી વધારે કેસ આવ્યા છે. તેવી જ રીતે દોઢ લાખથી વધારે કેસ મુદ્દે આજે બારમો દિવસ અને એક લાખથી વધારે કેસ મુદ્દે ૧૬મો દિવસ છે. જાણકારોનો મતે હજી કોરોનાની પિક આવી નથી. તેને આવતા સમય લાગશે. તેમના મતે કોરોનાની આ બીજી લહેર ૧૦૦ દિવસ સુધી રહેશે અને પછી કેસમાં મોટાપાયે ઘટાડો થવા લાગશે. આ દરમિયાન દેશની ૭૦ ટકા વસતીનું રસીકરણ પણ થઈ જવું જરૂરી છે. તેના દ્વારા જ સ્થિતિ કાબુમાં લાવી શકાશે.

# કોરોના ઈફેક્ટ : કેનેડાએ ભારતીય તમામ ફલાઈટ પર પ્રતિબંધ મૂક્યો

## સાંસદોએ પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂર આપી

ટોરોન્ટો : ભારતમાં કોવિડ -૧૯ના કેસમાં જે રીતે વધારો થઈ રહ્યો છે એ જોતા કેનેડાની ફેડરલ સરકારે ગુરુવારે ભારત તથા પાકિસ્તાનથી આવતી તમામ ફ્લાઈટ પર હંગામી ધોરણે પ્રતિબંધ લાદી દીધો હતો. આ અંગેની જાહેરાત ગુરુવારે પરિવહન વિભાગના મંત્રી ઓમર અલઘબ્રાએ કરી હતી. આ પહેલાં ઓટાવા પ્રાંતે તો સરહદને વધુ સુરક્ષિત કરવાની માંગણી બુધવારે કરી હતી. કેનેડાના ચીફ પબ્લીક હેલ્થ ઓફિસર ડોક્થેરેસા ટેમે કહ્યું હતું કે, સરકાર માને છે કે કેટલાક દેશોમાંથી આવનારા પ્રવાસીઓને મર્યાદિત કરવા જોઈએ અને ભારત એ



પૈકીનો એક દેશ છે. કેમ કે ત્યાં કોવિડના નવા વેરીયન્ટસ પ્રસરી રહ્યા છે. અમારે કેનેડીયન નાગરિકોના આરોગ્યની સલામતી વિશે પણ ધ્યાન આપવાનું હોવાથી અમે કોઈ જોખમ લઈ શકતા નથી. બુધવારે ભારતમાં કોવિડ -૧૯ના નવા ૩ લાખ કેસ નોંધાયા હતા અને ૨૦૦૦થી વધુના મોત નોંધાયા છે. ભારતમાં મેડીકલ ઓકિસજનની તંગી જોવા મળી રહી છે અને મરણાંક વધી રહ્યો છે. છતાં ભારતના વડાપ્રધાન લોકડાઉન જાહેર કરવા તૈયાર નથી. માત્ર માઈક્રો કન્ટેટમેન્ટ ઝોન બનાવાઈ રહ્યા છે. કેનેડા સરકારના જણાવ્યા મુજબ છેલ્લા બે અઠવાડિયામાં કેનેડા આવેલી ૩૫ ફલાઈટસમાં કમસે કમ એક પ્રવાસી કોરોનાગ્રસ્ત જોવા મળ્યો હતો. ઓન્ટેરિયોની સરકાર પણ ભારતના પ્રવાસીઓ પર પ્રતિબંધની માંગણીમાં ઓટાવા સાથે જોડાઈ હતી. જે બાદ સાંસદોએ ગુરુવારે સંસદમાં રજૂ કરેલા પ્રસ્તાવને મંજૂરી આપી હતી. જે મુજબ હવે હંગામી ધોરણે ભારત અને પાકિસ્તાનથી આવતી ફ્લાઈટો પર કેનેડામાં હંગામી પ્રતિબંધ અમલી રહેશે.

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

- Residential
- New Condos
- Investments
- Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે ચશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RUMA LAW OFFICE
- Real Estate Law
- Family Law (Legal Aid Certificate Accepted)
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Immigration Law
- Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

S&S LAWYERS LLP
- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# બજેટ ૨૦૨૧ : ૧૦૧.૪ બિલીયન યુએસ ડોલરનો નવો ખર્ચ

**૩૦ બિલીયન યુએસ ડોલર નેશનલ ચાઈલ્ડ કેર પ્લાન માટે ફાળળાયા: જીડીપીના ૪.૨ ટકા જેટલો ખર્ચ અર્થતંત્રને વેગ આપવા માટે ૩ વર્ષ સુધી કરાશે**

ઓટાવા : કેનેડાની ફેડરલ સરકારે વર્ષ ૨૦૨૧નું બજેટ રજુ કર્યું હતું. જેમાં અર્થતંત્રને વેગ આપવા નવા ૧૦૧.૪ બિલીયન યુએસ ડોલરની ફાળવણી કરી છે. ડેપ્યુટી પાંઈમ મિનીસ્ટર અને નાણાંમંત્રી ક્રિસ્ટીયા ફ્રીલેન્ડે સોમવારે મહામારી બાદનું ઐતિહાસિક બજેટ રજુ કરતા કહ્યું હતું કે, વધારાના ખર્ચની જોગવાઈમાં મહામારી બાદ વ્યાપાર અને જાહેર આરોગ્યને ટેકો મળે એ રીતે ૩૦ બિલીયન યુએસ ડોલર નેશનલ ચાઈલ્ડ કેર પ્લાન માટે ફાળવ્યા છે. જફારે ફેડરલ મિનીમમ વેજીસમાં વધારો કર્યો છે, એ રીતે જ ગ્રીન ઈન્વેસ્ટમેન્ટસ માટે ૧૭.૬ બિલીયન યુએસ ડોલરની ફાળવણી કરવામાં આવી છે. આ બજેટને એ રીકવરી પ્લાન ફોર જોબ્સ, ગ્રોથ એન્ડ રેસીલીયન્સ તરીકે ઓળખાવવામાં આવ્યું હતું. જે બધા કેનેડીયનોને સાથે રાખનારૂં હશે એમ જણાવવામાં આવ્યું હતું. સરકારે ફેડરલ ખાધને આ વર્ષ પુરતી ૩૫૪.૨ બિલીયન યુએસ ડોલર જેટલી દર્શાવી હતી. જે આ વર્ષે ઘટીને ૧૫૪.૭ બિલીયન યુએસ ડોલર જેટલી અંદાજવામાં આવી છે. સરકારે અર્થતંત્રના સુધારાને મજબૂત ગણાવ્યો હતો. નાણાંમંત્રીએ કહ્યું હતું કે, કેનેડાના જીડીપીના ૪.૨ ટકા જેટલો ખર્ચ અર્થતંત્રને વેગ આપવામાં થશે અને આવનારા ત્રણ વર્ષ સુધી આ ઉપક્રમ ચાલુ રખાશે. જેથી અર્થતંત્ર ફરીથી પહેલા જેવું મજબૂત બની શકશે. તેમણે આ બજેટને જવાબદાર, ચતુર અને રોજગારી અને વિકાસ માટે આશાભર્યું ગણાવ્યું હતું. જે કોવિડ -૧૯ મહામારીને કારણે પહોંચેલી આડઅસરને ઝડપથી દૂર કરી શકશે.

### બજેટમાં મહત્વની જોગવાઈ શું શું છે



● ૨૦૨૧ના બજેટમાં કોવિડ -૧૯ને લગતા વ્યાપારીઓને સહાય માટે ૧૨ બિલીયન યુએસ ડોલરની જોગવાઈ છે. એ ઉપરાંત ૩.૯ બિલીયન યુએસ ડોલરની ફાળવણી ઈઆઈના સુધારા માટે કરાઈ છે, એ રીતે જ ૩ બિલીયન યુએસ ડોલર પ્રાંતો અને વિસ્તારોમાં આવેલા લોંગ ટાઈમ કેર સેન્ટર્સની સુવિધાઓ વધારવા ફાળવાશે. ● ૨.૨ બિલીયન યુએસ ડોલર આવનારા સાત વર્ષમાં કેનેડાના બાયોમેડીકલ અને લાઈફ સાયન્સના વિકાસ અને વેક્સીનના વિકાસ માટે ફાળવાશે. ● ૪૨૪ મિલીયન યુએસ ડોલરની ફાળવણી કેનેડાની સરહદોને સલામતીપૂર્વક ખુલ્લી મુકવા માટે કરાશે. જેમાં ક્વોરન્ટાઈન સુવિધાઓ વધારવામાં કરાશે. ● ૧૦૦ મિલીયન યુએસ ડોલરની ફાળવણી કોવિડ-૧૯ને કારણે સર્જાતી મેન્ટલ હેલ્થ સુધારણા માટેના પ્રોજેક્ટસ માટે કરાશે. જેમાં ફ્રંટલાઈન વર્કર્સનો પણ સમાવેશ થશે. ● ૪૧.૩ મિલીયન યુએસ ડોલરની ફાળવણી વર્ષ ૨૦૨૧-૨૨ થી આવનારા છ વર્ષ માટે સ્ટેસ્ટીક્સ કેનેડાના ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુધારણા માટે કરાશે.

# આઈઆરસીસીએ સાત ઈમિગ્રેશન પ્રોગ્રામ્સ માટે ઓનલાઈન એપ્લીકેશન પોર્ટલ શરૂ કર્યું

ઓન્ટેરિયો : કેનેડાના કેટલાંક ઈમિગ્રેશન પ્રોગ્રામ્સને હવે પેપરબેઝથી ઓનલાઈન એપ્લીકેશન પ્રોસેસ તરફ વાળવામાં આવી રહ્યા છે. પહેલી એપ્રિલથી ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડાએ ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યું છે, જે પરમેનન્ટ રેસીડેન્સ અરજીઓ ઓનલાઈન સ્વીકારશે. ઈમિગ્રેશન વિભાગે એપ્લીકેશન પ્રોસેસને ડીજીટલાઈઝડ કરી છે.

જો કે, હજુ આ બધી કેટેગરી માટે પેપર એપ્લીકેશન સ્વીકારાય છે. પરંતુ આઈઆરસીસી પોતાના આ પોર્ટલને તબક્કાવાર બીજા પસંદગીના જુથો માટે શરૂ કરશે. જે અન્ય ઈકોનોમી કે ફેમિલી પ્રકારથી અલગ હશે અને એનું પ્રમાણ ઘણું ઓછુ હોય. ઈમિગ્રેશન વિભાગનું આ પોર્ટલ મર્યાદિત ગૃપ એપ્લીકેશન સ્વીકારશે. જેમ જેમ ડીજિટલાઈઝેશનનું કામ આગળ વધશે તેમ તેમ પ્રક્રિયા ઝડપી બનશે. આ ઓનલાઈન વિકલ્પ વિભાગે એટલા માટે શરૂ કર્યો છે કે, કોવિડ -૧૯ને કારણે ટપાલ મેળવવામાં થતો વિલંબ ટાળી શકાય અને અરજદારો પણ વ્યકિતગત રીતે આવવાને બદલે ઓનલાઈન એપ્લીકેશન રજૂ કરી શકે. સાથે જ જરૂરી હોય ત્યારે રૂબરૂ આવીને દસ્તાવેજોની ચકાસણી કરાવી શકે. મીડિયાને માહિતી આપતા આઈઆરસીસીએ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ બાદ ઈમિગ્રેશન સિસ્ટમને અપગ્રેડ કરવાની જરૂર ઉભી થઈ હોવાથી હવે સિસ્ટમને વધુ સક્ષમ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

૧. નોન એક્સપ્રેસ એન્ટ્રી પ્રોવિન્શીયલ નોમિની પ્રોગ્રામ
૨. રૂરલ એન્ડ નોર્ધન ઈમિગ્રેશન પાઈલોટ
૩. એગ્રી -ફુડ પાઈલોટ
૪. એટલાન્ટીક ઈમિગ્રેશન પાઈલોટ
૫. ક્યુબેક સિલેક્ટેડ ઈન્વેસ્ટર
૬. ક્યુબેક એન્ટરપ્રિન્યોર પ્રોગ્રામ
૭. ક્યુબેક સેલ્ફ એમ્પ્લોઈડ પર્સન્સ

# સ્ટે એટ હોમના અમલ માટે ટોરોન્ટો પોલીસ નવો અભિગમ શરૂ કરશે

● યોગ્ય કારણ વિના થતાં કાર્યક્રમો કે ઉજવણી પર નજર રખાશે



ટોરોન્ટો : ટોરોન્ટો પોલીસે જણાવ્યું હતું કે, તેઓ ઓન્ટેરિયોમાં સ્ટે એટ હોમના આદેશના અમલ માટે ગુરૂવારથી નવો અભિગમ શરૂ કરશે. પોલીસે જણાવ્યું હતુ કે નવા અભિગમની શરૂઆત ૨૨મી એપ્રિલની સાંજે ૫.૦૦ વાગ્યે થશે. ટોરોન્ટોના પોલીસ વડા જેમ્સ રેમરે બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ હવે કટોકટીની સ્થિતિમાં છે અને એ હવે જાહેર આરોગ્ય અને સલામતીની બાબત છે. ટોરોન્ટો પોલીસ પ્રાંતીય સરકારના આદેશનું પાલન કરાવશે. તેમણે કહ્યું હતું કે, તેઓ લોકોના વાહનોને નહીં અટકાવે, પરંતુ મોટા મેળાવડાઓ કે ખાનગી રાહે થતી ઉજવણીઓ પર જ ધ્યાન આપશે. જેમની પાસે આવી સ્થિતિમાં બહાર જવાનું યોગ્ય કારણ હોય તેમને નહીં અટકાવાય. પરંતુ જેમની પાસે કોઈ યોગ્ય કારણ નહીં હોય એવા આયોજનોને અટકાવી દેવાશે.

# બેંકના સૌથી ઓછો વ્યાજદર સાથે કેનેડામાં આર્થિક તેજીની આગાહી

ટોરોન્ટો : બેંક ઓફ કેનેડા દ્વારા બુધવારે જાહેર થયેલા વ્યાજદર પણ અત્યાર સુધીના સૌથી ઓછા એટલે કે ૦.૨૫ ટકા જેટલો રાખીને જણાવાયું હતું કે મહામારીને કારણે અર્થતંત્રને થયેલી અસરમાંથી બહાર લાવી શકાય એ આશયથી જ વ્યાજદર ઓછો રખાયો છે. જયારે તાજેતરમાં બહાર આવેલા આર્થિક સર્વેક્ષણમાં જે આગાહી જોવા મળી છે એ અર્થતંત્રના ઉજળા ભાવિનો સંકેત આપનારી છે જે મુજબ આ વર્ષે ૬.૫ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. જે મહામારીના વર્ષ દરમિયાન ૪ ટકા જેટલી રહી હતી. બેંકના નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, વ્યાજદર નીચો રાખવાની જરૂર ત્યાં સુધી જ છે, જયાં સુધી અર્થતંત્ર ફરીથી સ્થિર નહીં થાય અને જેની શરૂઆત વર્ષ ૨૦૨૨ના બીજા ભાગમાં થશે. જે વર્ષ ૨૦૨૩ સુધી થવાની આગાહી અગાઉ કરવામાં આવી હતી. બેંક ઓફ કેનેડાએ છેલ્લા ત્રણ માસમાં જે રીતે પગલા લીધા છે એ નોંધપાત્ર છે એમ બીએમઓ કેપિટલ માર્કેટસના બેન્જામિન રેઈટઝે જણાવ્યું હતું. વ્યાજદર વધારવાની જરૂર નહીં જણાય ત્યાં સુધી નહીં વધારવામાં આવે એમ બેંકે જણાવ્યું હતું.

**આ વર્ષે દેશનો આર્થિક વિકાસદરમાં ૬.૫ ટકાની વૃદ્ધિની આશા**

# ઓન્ટેરિયોમાં કોરોનાના સંકટ સાથે હવે પરિચારિકાઓની ભારે અછતના સંકેત

● અનેક પ્રાંતો અને વિસ્તારોમાં કોવિડ-૧૯નું સંક્રમણ વધી જતાં સમસ્યા સર્જાઈ

ઓન્ટેરિયો : કેનેડીયન નસીસ એસોસિયેશનના પ્રમુખ ટીમ ગેસ્ટે જણાવ્યું હતું કે કેનેડાના અન્ય પ્રાંતોમાંથી ઓન્ટેરિયોને નર્સોની સહાય મળવાનું હવે મુશ્કેલ બનશે. કેમ કે ઘણાં પ્રાંતો અને વિસ્તારોમાં પણ કોવિડ-૧૯નું સંક્રમણ ઘણું વધ્યું હોવાથી ત્યાં પણ નર્સોની તંગી જોવા મળી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતુ કે, ન્યુ બ્રુન્સવીક, યુકેન અને ઉત્તર પશ્ચિમ વિસ્તાર તથા નુનાવુટ વિસ્તારમાં વેકસીનની પણ તંગી જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૬થી જે વિસ્તારોમાં નર્સોની તંગી નથી એમાં અલ્બર્ટા, પીઈઆઈ અને ન્યુફાઉન્ડલેન્ડ તથા લાબ્રાડોરનો સમાવેશ થાય છે. બાકીના બધા વિસ્તારોમાં તંગી છે. જો કે, અત્યારે તો પીઈઆઈમાં પણ આઈસીયુ માટેની નર્સોની અછત જોવા મળી રહી છે. તેમણે કહ્યું હતું કે, નર્સોને વધુ પ્રમાણમાં નોકરીઓ અપાય, એનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. આમ છતાં હાલમાં સમય ઘણો કપરો હોવાથી જોઈએ એટલા પ્રમાણમાં નર્સો ઉપલબ્ધ નથી. ઓન્ટેરિયોએ ગત શુક્રવારે પણ અન્ય પ્રાંતોના વડાઓને પત્ર લખીને નર્સોની મદદ માટે રજુઆતો કરી હતી. મહામારી પહેલા નર્સોની ઘણી જગ્યાઓ ખાલી હતી અને ઓપરેશન થીયેટર, આઈસીયુ, ઈમરજન્સી અને લોંગટર્મ કેર હોમ્સ તથા ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં પણ ઘણી તકો હતી. પરંતુ મહામારી આવ્યા બાદ નર્સોની માંગ વધતી ગઈ અને અમેરિકા જેવા દેશોએ કેનેડામાંથી ઘણી નર્સોને નોકરીઓ આપી હોવાથી કેનેડામાં તંગી ઉભી થઈ હતી.

# આવશ્યક સેવાઓના વધુ વિદેશી કામદારોને કેનેડામાં પ્રવેશ મળશે

**અમલમાં મુકાયેલા પ્રતિબંધોને કારણે કેનેડા યુએસ બોર્ડર પરથી માલસામાનની હેરફેર ઘણી ઘટી ગઈ**

ટોરોન્ટો : કેનેડાની ફેડરલ સરકાર હવે વધુ વ્યવસાયોને આવશ્યક સેવાઓમાં સમાવવા માંગે છે. જેથી વધુ કામદારો કેનેડા-અમેરિકા સરહદને કોવિડ -૧૯ના પ્રતિબંધો છતાં પાર કરી શકે એમ કેનેડાના વિદેશી બાબતોના મંત્રી માર્ક ગ્રેનેઉએ જણાવ્યું હતું. તેમણે પાર્લામેન્ટરી કમિટીને કહ્યું હતું કે, અમે એવા જુથોની વાત કરીએ છીએ જેમને આવશ્યક સેવાઓના દાયરામાં લાવી શકાય. જેમ કે, ઓટો ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ટેકનીશીયનોને આવશ્યક સેવાના કામદાર ગણી શકાય. તેમણે કહ્યું હતું કે, પ્રતિબંધોને કારણે કેનેડા યુએસ બોર્ડર પરથી માલસામાનની હેરફેર ઘણી ઘટી ગઈ છે. અમે હવે બદલાતા માહોલમાં અર્થતંત્રને ઝડપથી પાટા પર લાવવા માંગીએ છીએ. લાખો ડોલરનો સામાન હજુ કેનેડા અને યુએસમાં દરરોજ આવે છે. કેનેડાના યુએસ સાથેના એક્ષપોર્ટમાં ત્રણ ચતુર્થાંશ હિસ્સો છે. જયારથી માત્ર આવશ્યક માલસામાન જ આવે છે ત્યારથી એ લગભગ આઠ ટકા જેટલો થઈ ગયો છે. જો બિનજરૂરી સામાન ઉપર પ્રતિબંધ લાવવાથી ૯૨ ટકાનો ઘટાડો આવી જતો હોય તો આવશ્યક સેવાઓ અને સામાનની વ્યાખ્યામાં સુધારો જરૂરી છે.

પહેલી એપ્રિલથી શરૂ થતા અઠવાડિયામાં ૧૦૩૦૦૦ ટ્રક ડ્રાઈવરોએ કેનેડા યુએસ બોર્ડર પાર કરી હતી. જે ૨૦૧૯ની એપ્રિલના પહેલા અઠવાડિયમાં એ આંક ૧૧૨૦૦૦ જેટલો હતો. જો કે, અત્યારે એ સ્પષ્ટ નથી કે, બોર્ડર ફરીથી ખુલ્લી મુકાશે કે નહીં.

ગ્રેનેઉએ કહ્યું હતું કે, બોર્ડર ફરીથી ખુલ્લી મુકતા પહેલા કેનેડીયનોના આરોગ્ય અને સલામતીનો વિચાર મહત્વનો બની રહેશે. આમ છતાં જો કેનેડાના અર્થતંત્રને બેઠું કરવું હોય તો એ જરૂરી પણ છે. માર્ચ ૨૦૨૦થી અમેરિકા અને કેનેડાએ બિનજરૂરી પ્રવાસ પર પ્રતિબંધ મુકયો હતો અને દર મહિને સમીક્ષા બાદ એ મુદત લંબાતી રહી છે. ૨૦૨૧ના એપ્રિલ સુધી પ્રતિબંધ રહ્યો છે. માત્ર આવશ્યક સેવાઓના કામદારોને જ પ્રવેશ મળે છે, જેમાં કેનેડીયન સીટીઝન્સ, પરમેનન્ટ રેસીડેન્ટસ અને કેનેડીયન સીટીઝન્સ અને પરમેનન્ટ રેસીડેન્ટસના પરિવારના સભ્યોનો સમાવેશ થાય છે. વિદેશી કામચલાઉ કામદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાથીઓ જે કોવિડ-૧૯ના ધારાધોરણો મુજબ ચાલતી હોય એવી શાળાઓમાં ભણતા હોય તેમને કેનેડામાં પ્રવેશ મળે છે. જોકે તેમણે પણ પ્રવેશ પહેલા કોવિડનો પીસીઆર ટેસ્ટનું પ્રમાણપત્ર આપવું પડશે. સાથે જ આગમન સમયે ફરીથી ટેસ્ટ કરાવવાનો રહે છે જો કે મળતી માહિતી મુજબ કોરોનાના કેસને લઈને જે તે દેશના કામદારોના પ્રવેશને અટકાવી શકાશે.

# કેનેડામાં કોરોનાથી વધુ ૬૫૧૩ સંક્રમિત, ૫૩ના મોત

## સૌથી વધુ કેસમાં ઓન્ટેરિયા ફરી પ્રથમ, ૩૬૮૨ કેસ સાથે ૪૦ દર્દીઓએ દમ તોડ્યો



### • કેનેડામાં ૧૩૧૨ લોકોની હાલત અત્યંત કટોકટ, એક્ટિવ કેસની સંખ્યા વધીને ૮૫૬૦૭ ઉપર પહોંચી

ટોરોન્ટો : દુનિયાના અન્ય દેશની જેમ કેનેડામાં પણ કોરોનાની કૂચ યથાવત રહી હતી. ગુરુવારે કેનેડામાં વધુ ૬૫૧૩ નાગરિકો કોરોનાથી સંક્રમિત થવા સાથે નવા ૫૩ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. જયારે મોડી સાંજે દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૮૫૬૦૭ નોંધાઈ હતી. આ ઉપરાંત દેશની વિવિધ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૧૩૧૨ લોકોની હાલત અત્યંત ગંભીર હોવાનું આરોગ્ય ખાતાના સુત્રોએ જણાવ્યું હતુ.

અમેરિકા, બ્રાઝીલ અને યુકે તથા ભારતની જેમ કેનેડામાં પણ કોરોના વાયરસનો કેર યથાવત રહ્યો છે. ગુરુવારે સાંજે વીતેલા ૨૪ કલ્કામાં ઓન્ટેરિયોમાં દેશના સૌથી વધુ ૩૬૮૨ લોકો કોરોનાથી સંક્રમિત હોવાની પૃષ્ટિ આરોગ્ય પરિક્ષણમાં થઈ હતી. આ ઉપરાંત આ જ સમયગાળામાં અહીં ૪૦ લોકોએ પોતાના જીવ ગુમાવવાની નોબત આવી હતી.

આ ઉપરાંત નોવા સ્કોસીયામાં નવા ૩૮ કેસ મળતાં વિસ્તારમાં એકટિવ કેસની સંખ્યા ૧૧૧ ઉપર પહોંચી હતી. ક્યૂબેકમાં આજે નવા ૧૨૪૮ દર્દી કોરોનામાં સપડાયા હતા. જયારે દિવસ દરમિયાન ક્યૂબેકમાં ૭ કોરાનાગ્રસ્તના મોત સરકારી ચોપડે નોંધવામાં આવ્યા હતા.

મોનીટોબામાં નવા ૨૬૧ કેસ નોંધવા સાથે એક દર્દીનું મોત થયું હતુ. જયારે સાસ્કેચવાનમાં નવા ૨૫૪ કેસ કોરોના પોઝિટિવ તરીકે નોંધાવા સાથે એક દર્દીનું મોત થયું હતુ. બ્રિટીશ કોલંબિયામાં ગુરુવારે કરાયેલા ટેસ્ટ પૈકી ૧૦૦૬ સેમ્પલમાં કોરોના વાયરસની પૃષ્ટિ થઈ હતી. જયારે આ જ સમયગાળામાં બીસીમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા હતા.

આજના દર્દીના ઉમેરા સાથે દેશમાં કુલ સંક્રમિતોનોઆંકડો ૧૧૫૩૯૭૭ ઉપર પહોંચ્યો હતો. ગુરુવારે ઓન્ટેરિયોમાં ૪૫૯૭, સાસ્કેચવાનમાં ૨૯૯ દર્દી સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

કેનેડામાં કોરનાના એક્ટિવ કેસની સંખ્યા સતત ઉંચે જઈ રહી હોવાથી સરકાર અને આરોગ્ય વિભાગને ફરીવાર દેશમાં સંક્રમણ વધવાનો ડર સતાવી રહ્યો છે. જો કે, સરકાર અને વિવિધ પ્રાંતના સત્તાધીશો દ્વારા કેટલાક પ્રતિબંધો લાદીને કોરોનાને નિયંત્રણમાં રાખવા પ્રયાસો થઈ રહ્યા છે.

# ઓન્ટેરિયો પ્રાંતમાં તમામ બિનજરૂરી સર્જરી તત્કાળ અટકાવી દેવા આદેશ

## કોવિડના કેસ વધતા અનેક હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ ઉઠી

ટોરોન્ટો : ઓન્ટેરિયો પ્રાંતની તમામ હોસ્પિટલોને નોન ઈમરજન્ટ સર્જરીઓ અટકાવી દેવા આદેશ કરાયો છે. કેમ કે, કોવિડ-૧૯ના ત્રીજા તબક્કાના કેસો વધતા હોવાથી હોસ્પિટલો ભરાઈ રહી છે. આ આદેશ ઓન્ટેરિયોના ચીફ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો.ડેવિડ વિલિયમ્સે મંગળવારે જારી કર્યો હતો. જે મુજબ તમામ બિનઆવશ્યક સર્જરીઓને ટાળવી પડશે અને દરદીઓને એની યોગ્ય રીતે જાણકારી આપવી પડશે.

**નવા આદેશમાંથી બાળરોગોની સર્જરી કરનારી સ્પેશિયાલીટી હોસ્પિટલોને મુકિત અપાઈ**

આ માસના આરંભે ઓન્ટેરિયોના આરોગ્ય વિભાગે પસંદગીની સર્જરીઓનું પ્રમાણ ઘટાડવા આદેશ કર્યો હતો. જેથી હોસ્પિટલોમાં કોવિડ-૧૯ના વધુ દર્દીઓ માટે જગ્યા થઈ શકે. જરૂર જણાય તો એવા દરદીઓને બીજી હોસ્પિટલોમાં મોકલી શકે છે. આ નવા આદેશમાં જણાવાયું હતું કે, જે રીતે કોવિડ-૧૯ના કેસોમાં વધારો થઈ રહ્યો છે. એ જોતા બધી હોસ્પિટલોમાં એમના માટે આઈસીયુ સહિતની સુવિધાઓ પુરતા પ્રમાણમાં હોય એ જરૂરી હોવાથી બિનઆવશ્યક કે ટાળી શકાય એવી સર્જરીઓને હાલ પુરતી ટાળવી જોઈએ. આ જાણકારી આપતા ઓન્ટેરિયોના આરોગ્યમંત્રી ક્રિસ્ટીન એલિયટના પ્રવકતાએ કહ્યું હતું કે, આ આદેશનું પાલન થાય એના પર મંત્રાલય પુરતું ધ્યાન રાખશે. તેમજ હોસ્પિટલોની સર્જિકલ ક્ષમતા વધારવાના પ્રયાસો પણ ચાલી રહ્યા છે. ત્રીજા તબક્કામાં કોરોના વાઈરસના નવા વેરીયન્ટસ એટલા ઝડપથી ફેલાઈ રહ્યા છે કે દરદીઓને તત્કાળ આઈસીયુમાં જ દાખલ કરવા પડે છે. એવા સંજોગોમાં અન્ય સર્જરીના દરદીઓ જો હોસ્પિટલમાં હોય તો આઈસીયુ ભરાયેલા રહેવાની શકયતા રહે છે. ઓન્ટેરિયોના આરોગ્ય વિભાગે ૧૫મી એપ્રિલે જાહેર કરેલા આંકડાઓ મુજબ જે સેમ્પલો લેવાય છે એમાંથી ૯૦ ટકામાં ત્રણ પૈકીના એક વેરીયન્ટ જોવા મળી રહ્યા છે. બુધવારે જ ૭૯૦ દરદીઓ આઈસીયુમાં હતા. નવા આદેશમાંથી બાળરોગોની સર્જરી કરનારી સ્પેશિયાલીટી હોસ્પિટલોને મુકિત અપાઈ છે.

# સમગ્ર દેશમાં આગામી સપ્તાહે ૧.૯ મિલિયન વેક્સીનના ડોઝ આપવા સરકારનો લક્ષ્યાંક

ટોરન્ટો : કોવિડના ચેપને કારણે કેનેડાના અનેક પ્રાંતમાં આવેલી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ ચૂકી છે. તેથી આરોગ્ય સુવિધાની મુશ્કેલી ઉભી થવાના સંજોગો છે. આ કટોકટીને દૂર કરવા માટે દેશના નાગરિકોને વહેલી તકે વેક્સીન આપવાની જરૂર છે. જે અંગે આરોગ્ય વિભાગના વડાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આરોગ્ય સમિતિ આગામી એક અઠવાડિયામાં દેશમાં વેક્સીનેશનનું કામ ઝડપભેર આગળ વધારે. સરકાર આગામી અઠવાડિયે દેશમાં ૧.૯ મિલિયન વેક્સીનના ડોઝ આપવા વિચારી રહી છે. હાલ આ ડોઝના સપ્લાયમાં મુશ્કેલી હોવાથી તેના અભિયાનને અસર પડી હતી. હવે દોષારોપણ બંધ કરીને તમામ લોકોએ વેક્સીનેશન માટે રસ દાખવવો જોઈએ.







# ભારતમાં કોરોનાની સુનામી : સરકાર અને જનતાની બેદરકારી જ કારણ

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં કોરોનાની બીજી લહેરને કારણે સર્જાયેલી પરિસ્થિતિએ દેશવાસીઓને રીતસર કટોકટી જેવી સ્થિતિનો અહેસાસ કરાવવાનો શરુ કરાવી દીધો છે. દેશની હોસ્પિટલોમાં નવા દર્દીને સારવાર માટે જગ્યા નથી, મેડિકલ સ્ટોર અને કંપનીઓ પાસે દવા, ઓક્સિજન કે ઈન્જેકશન નથી. મોટા શહેરોમાં પ્રતિબંધો લાગુ છે. વળી, વાત આટલેથી અટકતી નથી સારવાર વિના ટપોટપ મરી રહેલા દર્દીઓના અંતિમ સંસ્કાર માટે સ્મશાનઘરોમાં પણ કલાકો સુધી વેઈટીંગની સ્થિતિ છે. આ તમામ બાબત દેશની વર્તમાન અને દારુણ સ્થિતિને દર્શાવી રહી છે. ખરેખર તો આ સંકટે કેન્દ્ર અને રાજ્ય સરકારોની તૈયારીઓ અને આરોગ્ય સુવિધામાં રહેલી ખામીઓની પોલ ખોલી દીધી છે. ગત વર્ષે ઓક્ટોબરથી લઈને આ વર્ષના ૨૦૨૧ના ફેબ્રુઆરી માસ સુધી કોરોનાની અસર ઘટવા લાગી હતી. પરંતુ આ સમય દરમિયાન કેન્દ્ર કે રાજય સરકારે કોરોના સંકટ ટળી ગયુ હોવાનું માની કોઈ જ તૈયારી કરી નહીં. પરિણામ એ આવ્યું કે, આખો દેશ આજે કોરોનાના અજગરી ભરડામાં સપડાઈ ચૂક્યો છે. છેલ્લાં ચાર પાંચ દિવસથી તો કેસનો આકંડો અઢી લાખ આસપાસ નોંધાયો અને હજારો લોકોના મોત થયા છે.

ભારતમાં ૨૦૨૦ના સપ્ટેમ્બરમાં સતત ૯૦ હજારની આસાપાસ રહેતા સંક્રમણના મામલાથી સ્થિતિ કંઈક અંશે સુધરવા લાગી હતી. જયારે ફેબ્રુઆરી સુધીમાં તો કોરોના સંક્રમિતોનો આંકડો ૯ હજારે પહોંચી ગયો હતો. આ સાથે જ સમગ્ર સ્વાસ્થ્ય વ્યવસ્થાને રાહત મળી હતી. જોકે નિષ્ણાંતોના મતે આ સમયગાળાનો ઉપયોગ ભવિષ્યની સ્થિતિને પહોંચી વળવા કરવાનો હતો. સરકાર અને પ્રજા બંને નચિંત રહ્યા. વળી, કોરોનાની ગાઈડલાઈનના ધજાગરા શાસકોએ જ નહીં પરંતુ સામાન્ય પ્રજાએ પણ ઉડાડ્યા. પરિણામ એ આવ્યું કે, આજે કોરોનાની બીજી લહેર પ્રજા અને સરકાર માટે સૌથી મોટો પડકાર બની ચુકી છે. ૧૦ દિવસથી તો તેને નિયંત્રણમાં લેવા સરકાર દ્વારા થયેલા તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. આજે દેશના ૧૯ રાજ્યો કોવિડથી એટલા બધા પ્રભાવિત છે કે, કેટલાય વિસ્તારમાં લોકડાઉન તો કેટલાય વિસ્તારમાં કડક પ્રતિબંધો મુકવાની ફરજ પડી છે.

વળી, કોરોનાના કેસોમાં અભૂતપૂર્વ ઉછાળા વચ્ચે તમામ રાજ્યોમાં હોસ્પિટલોમાં બેડ, ઓક્સિજન અને આવશ્યક દવાઓની ભારે તંગી પડી રહી છે. ઓક્સિજનના સંકટને જોતાં સરકારે ૨૨ એપ્રિલથી ઓક્સિજનના ઔદ્યોગિક વપરાશ પર પ્રતિબંધ મૂકી દીધો છે. જોકે જાણકારોનું કહેવું છે કે જો સંક્રમણ ફેલાવાની ગતિ ધીમી ન પડી તો આ તમામ ઉપાયો અપૂરતા નીવડશે. છેલ્લા કેટલાક દિવસથી કોરોના સંક્રમણના રોજના અઢી લાખ કરતા વધારે કેસો આવ્યા છે. આ આંકડો વધીને ગુરુવારે ૩.૧૬ લાખને આંબી ગયો હતો. જયારે આ જ ગુરુવારે દેશમાં કોરોનોએ ૨૧૦૧ લોકોનો જીવ લઈ લીધો હતો.

કોરોના પર કાબુ મેળવવા માટે કેટલાક રાજ્યોમાં રાત્રિ કર્ફ્યુ કે વીકએન્ડ કર્ફ્યૂ લાગુ કરવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં તો એક અઠવાડિયા માટે કડક કર્ફ્યૂ લાગુ કરવામાં આવ્યો છે. અલાહાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશના વારાણસી, ગોરખપુર, કાનપુર, લખનૌ અને પ્રયાગરાજ એમ પાંચ શહેરોમાં અઠવાડિયાનું લોકડાઉન લગાવવાના આદેશ આપ્યાં છે. મહારાષ્ટ્રમાં પણ ૧૦ દિવસનું લોકડાઉન અમલી બન્યું છે.

કોરોનાને કાબુમાં કરવા સરકારોએ જે પગલાં લીધાં છે એ ટાળવા અનિવાર્ય હતાં. સરકાર દ્વારા કડક પગલા લેવા પાછળનું કારણ એ છે કે લોકો ઘરની બહાર નીકળતા બંધ થાય અને સંક્રમણની ચેન તૂટે. આવા કડક પગલા થોડા સમય પહેલા જ લેવામાં આવ્યાં હોત તો પરિસ્થિતિ બેકાબુ બનતા અટકી હોત. પરંતુ વિશેષજ્ઞોની ચેતવણીને પ્રજા અને સરકારે ગંભીરતાથી લીધી નહીં.

તેથી સંક્રમિતોની સંખ્યામાં વધારા સાથે મૃતાંક પણ ઉંચે જતો ગયો. હકીકતમાં કોરોના સંક્રમણના મામલે ભારત અમેરિકાને પછાડીને પહેલા નંબરે આવી ગયું છે. દુનિયાના કોરોનાના પ્રત્યેક દસમાં ચોથો દર્દી ભારતનો છે. ભારતની હોસ્પિટલો અને સ્મશાનગૃહોની સામે આવી રહેલી તસવીરો પરિસ્થિતિની ભયાવહતાનો ચિતાર આપે છે. વડાપ્રધાને ઉચ્ચસ્તરીય બેઠક યોજીને દવાઓ અને ઓક્સિજનનું ઉત્પાદન વધારવાના નિર્દેશ આપ્યાં છે. રાજ્ય સરકારો પોતાના રાજ્યમાં પરિસ્થિતિ કાબુમાં હોવાના દાવા કરી રહી છે પરંતુ હોસ્પિટલોમાં લોકોની ભીડ અને સ્મશાનગૃહોમાં મૃતદેહોના ઢગલા તમામ સરકારોના દાવાને પોકળ સાબિત કરી રહ્યા છે. ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, દિલ્હી, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા જેવા રાજ્યોમાં પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે.

# કેનેડામાં કોરોનાના એક્ટિવ કેસનો ઊંચો ગ્રાફ સરકાર માટે ચિંતાજનક

સમગ્ર દુનિયાની સાથે કેનેડા પણ કોરોના સામેની જંગ લડી રહ્યું છે. તમામ પ્રયાસ છતાં દર્દીઓની સંખ્યા દિવસે દિવસે વધવા માંડતા સરકાર અને આરોગ્ય વિભાગની ચિંતા વધી છે. ગુરુવારે નવા ૬૫૧૩ દર્દી સાથે એક્ટિવ કેસની સંખ્યા ૮૫૬૦૭ નોંધાઈ હતી. આ સાથે જ દેશમાં સંક્રમણ ફેલાવાનો ડર સૌ કોઈને સતાવી રહ્યો છે. કેનેડામાં સૌથી ખરાબ સ્થિતિ ઓન્ટેરિયોમાં છે. ગુરુવારે પણ અહીં ૩૬૮૨ નવા સંક્રમિતો મળવા સાથે ૪૦ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. જયારે ક્યૂબેકમાં વધુ ૭ દર્દીના મોત સાથે નવા ૧૨૪૮ લોકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા.

આ ઉપરાંત દેશના નોવા સ્કોસીયા, મોનીટોબા, સાસ્કેચવાન તથા બ્રિટીશ કોલંબિયા જેવા વિસ્તારોમાં ગુરુવારે વાયરસના નોંધપાત્ર કેસ મળ્યા હતા. સરકારની સાવધાની અને તેના દ્વારા સતત પગલા લેવાયા છતાં પણ વિવિધ પ્રાંતોમાં કોરોના સંક્રમણ ફેલાઈ રહ્યું છે. તેથી આગામી દિવસોમાં વધુ સાવચેતી રાખવાની આવશ્યકતા ઉભી થઈ છે. આ જ કારણોસર સરકારે ગુરુવારથી હંગામી ધોરણે ભારત તથા પાકિસ્તાનના પ્રવાસીઓ પર ૩૦ દિવસ માટે પ્રતિબંધ મુકી દીધો હતો. આ વિશેની જાહેરાત પરિવહન વિભાગના મંત્રી ઓમર અલઘબ્રાએ કરતા જણાવ્યું હતુ કે, દેશના નાગરિકોના આરોગ્યની સલામતી એ અમારી પ્રાથમિકતા છે. આ માટે રજૂ કરેલા એક પ્રસ્તાવને સંસદસભ્યોએ મંજૂરી આપતા હવે ભારત અને પાકિસ્તાન તરફથી આવતી ફલાઈટને હંગામી ધોરણે અટકાવી દેવાઈ છે. કેનેડાના સાંસદોએ ગુરુવારે ચર્ચા દરમિયાન ભારત, બ્રાઝીલમાં વધી રહેલા કોરોનાના કેર વિશે પણ ચર્ચા કરી હતી. જાહેર સલામતી ખાતાના પ્રધાન બિલ બ્લેરે પણ કહ્યું હતુ કે, કોરોનાના સંકટને કારણે ઓન્ટેરિયો અને ક્યૂબેકના પ્રીમીયરોએ સરકારને કેનેડામાં આવતી આંતર રાષ્ટ્રીય ફલાઈટની સંખ્યા ઘટાડવા સાથે યુએસ સરહદે વધુ ચોકસાઈ રાખવા અપીલ કરી હતી.

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax



**CATERING SPECIAL**

$ 7.99 10 items
+Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine Special Package
$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# રાજ્યમાં કોરોનાનો આતંક : ૧૩૧૦૫ કેસ, ૧૩૭ના મોત

ગાંધીનગર : રાજ્યમાં કોરોના કેસે હાહાકાર મચાવ્યો છે. ગુરુવારે રાજ્યમાં ૧૩૧૦૫ નવા કેસ નોંધાયા હતા. રાજ્યમાં કોરોનાને કારણે ૧૩૭ લોકોના મૃત્યુ થયા છે. તો છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને માત આપી ૫૦૧૦ લોકો સાજા થયા હતા. નવા કેસની સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૪ લાખ ૫૩ હજાર ૮૩૬ પર પહોંચી ગયો છે. ગુજરાતમાં કોરોનાને કારણે અત્યાર સુધી ૫૮૭૭ દર્દીઓના મૃત્યુ થયા છે. અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૨૩ દર્દીના મોત થયા છે. તો સુરતમાં ૨૨, રાજકોટ શહેરમાં ૧૦, વડોદરા શહેરમાં ૧૦, સુરત ગ્રામ્ય ૫, મહેસાણા ૩, જામનગર શહેર ૫. બનાસકાંઠા ૫, જામનગર ગ્રામ્ય ૪. કચ્છ ૪. વડોદરા ગ્રામ્ય ૪, પાટણ ૩, ભરૂચ ૨ અને ભાવનગર શહેરમાં બે દર્દીઓના મૃત્યુ થયા છે.



રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૫૧૪૨ નવા કેસ સામે આવ્યા છે. તો સુરત શહેરમાં ૧૯૫૮, રાજકોટ શહેરમાં ૬૯૭, વડોદરા શહેરમાં ૫૯૮, સુરત ગ્રામ્યમાં ૫૧૮, મહેસાણા ૪૪૪, જામનગર શહેર ૩૩૬, બનાસકાંઠા ૨૩૬, જામનગર ગ્રામ્ય ૨૨૮, કચ્છ ૨૧૪, વડોદરા ગ્રામ્યમાં ૧૮૩ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૯૨ હજાર ૮૪ થઈ ગઈ છે. જેમાં ૩૭૬ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૩ લાખ ૫૫ હજાર ૯૭૫ લોકો સાજા થયા છે. કોરોનાને કારણે ૫૮૭૭ લોકોના અવસાન થયા છે. રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૭૮ ટકા થઈ ગયો છે. તો રાજ્યમાં આજે વધુ ૧ લાખ ૪૨ હજાર ૫૩૭ લોકોને કોરોના વેક્સિન આપવામાં આવી છે.

## અમદાવાદમાં કોરોનાથી એટલા મોત વધ્યાં કે શબવાહિની ખૂટી પડી

અમદાવાદ : કોરોનાકેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે ત્યારે કોરોનાને કારણે થતાં મોતમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. મોત થયાં બાદ મૃતદેહ લેવા માટે પણ કલાકો સુધી રાહ જોવી પડી છે. હવે મૃતદેહ લઈ જવા માટે શબવાહિની ખૂટી પડી હોય એવું લાગી રહ્યું છે, કારણ કે ૧૦૮ એમ્બ્યુલન્સ પર શબવાહિનીનું સ્ટિકર લગાવીને હવે એમાં મૃતદેહ લઈ જવામાં આવી રહ્યા છે. કોરોનાને કારણે મોટા ભાગની સરકારી હોસ્પિટલ પણ દર્દીઓથી ભરાઈ ગઈ છે. હોસ્પિટલની બહાર દર્દીઓને દાખલ કરવા એમ્બ્યુલન્સની લાંબી લાઇન લાગે છે. બીજી તરફ, કોરોનાને કારણે મોત થયાં બાદ ડેડબોડી હોસ્પિટલમાંથી લેવા અને સ્મશાનમાં પણ લાંબી લાઇન લાગે છે. ડેડબોડી વધતાં સરકારી શબવાહિની અને પ્રાઇવેટ એમ્બ્યુલન્સ બંનેનો ઉપયોગ કરવામાં આવે છે છતાં ડેડબોડી લઈ જવા માટે વપરાતી શબવાહિની અને એમ્બ્યુલન્સ ખૂટી પડતાં હવે ૧૦૮નો ઉપયોગ પણ ડેડબોડી લઈ જવા માટે કરવામાં આવી રહ્યો છે.

## ઉત્તર ગુજરાતમાં ૨૦થી વધુના મોતઃ મહેસાણામાં વધુ ૪૬૦ને સંક્રમિત

ઉત્તર ગુજરાતમાં કોરોના દર્દીઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઇ રહ્યો. તમામ જિલ્લાઓમાં શનિ–રવિ લોકડાઉન જાહેર કરેલ તેમ છતાં કોરોના સંક્રમણ ઘટવાનું નામ લેતો નથી બુધવારે મહેસાણા જિલ્લામાં કોરોનાના ૪૬૦ કેસ નોંધાયા છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૨૦થી વધુના મોત થયા છે. મહેસાણા જિલ્લામાં ૨૧મી એપ્રિલ સુધીમાં ૭૬૩૧૦ના સેમ્પલ લેવાયા છે. આજે ૧૨૧૪ પૈકી ૮૭૭નું રીઝલ્ટ આવેલ છે. જેમાં ૫૭૫નો રીપોર્ટ નેગેટીવ આવેલ છે. સરકારી લેબમાં ૩૦૨ તથા ખાનગી લેબમાં ૧૫૮ પોઝેટીવ કેસ નોંધાતા જિલ્લામાં કુલ ૪૬૦ કેસ જોવા મળ્યા છે. હજુ ૧૦૯૪નું રીઝલ્ટ પેન્ડીંગ છે. જ્યારે એકટીવ કેસ ૩૬૮૮ નોંધાયા છે. શહેરી વિસ્તારમાં ૨૪૯ તથા ગ્રામ્ય વિસ્તારમાં ૨૧૧ કેસ નોંધાય છે. જ્યારે ૪૬ દર્દીઓ સાજા થતાં રજા અપાઇ છે. મહેસાણા જિલ્લામાં પાંચ, પાટણ–૭, ડીસા–૫, પાલનપુર –૫, જેટલા કોરોના ગ્રસ્ત દર્દીઓના મોત નિપજવા પામ્યા છે.

## ભાવનગરમાં ૭૭૩ કર્મીઓ સંક્રમિત અને ૨૦ના કોરોનાથી મોત

ભાવનગર : પીજીવીસીએલમાં નોકરી કરતા ૭૭૩ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે, જેમાં ૨૦ના મોત નિપજ્યા છે, ત્યારે અંગે સરકારના નિતી નીયમોનું પાલન થાય તેવી જીઈબી એન્જિનિયર એસોસીએશન અને જીઈબી સુપરવાઈઝર સ્ટાફ એસોસીએશન દ્વારા કેન્દ્રમંત્રીને રજુઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, સરકારના કચેરીમાં ૫૦ ટકા કર્મચારીની હાજરીના પરિપત્રનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. તેમજ અલ્ટરનેટ ડે ફરજ બજાવવામાં આવે તો કર્મચારીઓ પણ નિષ્ઠાપૂર્વક કામગીરી કરશે. વધુમાં એમ પણ જણાવાયું છે કે, વીજ કર્મચારીઓ ફિલ્ડમાં કામ કરતા હોય છે ત્યારે કોરોના સંક્રમણ વધ્યું છે, આ ઉપરાંત રાજકોટમાં શહેરમા ઓકસીજનની અછત હોય તેવા દર્દીઓની સંખ્યા વધી રહી છે. શહેરમા સિવીલમા ૨૦૦ વેન્ટિલેટર છે જયારે ખાનગી હોસ્પિટલોમા મહત્તમ ૩૦૦ વૈન્ટિલેટરને જોતા ૫૦૦૦ દર્દીઓ સામે ૫૦૦ વેન્ટિલેટર છે. દર્દીની નાજૂક સ્થિતિ સર્જાય રહી છે. પરંતુ તેમને વેન્ટિલેટર સપોર્ટ મળતો નથી.

## સુરતમાં એક મહિનામાં ૧૦ વર્ષથી નાના ૨૮૬ બાળકો ચેપગ્રસ્ત થયા

સુરત : સુરતમાં આજે કોરોના ૧૪ દિવસની નવજાત બાળકીને ભરખી જતાં છેલ્લા એક માસમાં કોરોનાના કારણે આ ત્રીજા બાળકનું મોત થયું છે. સુરતમાં છેલ્લા એક મહિનામાં દસ વર્ષથી નાની ઉંમર ધરાવતાં ૨૮૬ બાળકો કોરોના ગ્રસ્ત થયાં છે. હજી પણ ચાર બાળકો ખાનગી હોસ્પીટલમાં સારવાર લઈ રહ્યાં છે તેમાંથી બે બાળકો સાજા થયાં છે જ્યારે ચાર સાવરાર હેઠળ છે. સુરતમાં ૧૪ દિવસની નવજાત બાળકીનું કોરાનાના કારણે મોત થતાં પિતાએ કલ્પાત કરતાં હોસ્પીટલમાં સ્ટાફની આંખોમાં પણ આસુ આવી ગયાં હતા. સુરતમાં કોરોનાની બીજી લહેર નાના બાળકો માટે ધાતક સાબિત થઈ રહી છે છેલ્લા એક માસમાં ૧૦ વર્ષથી નાના હોય તેવા ૨૮૬ બાળકો કોરોના સંક્રમણની ઝપેટમાં આવી ગયાં છે જેમાંથીકેટલાક નસીબદાર બાળકો સારા થઈ ગયાં છે. પરંતુ આ બાળકોમાંથી ત્રણ બાળકો કમનસીબ સાબિત થયાં છે જેમનો જીવ કોરોનાએ લઈ લીધો છે.



# કોરોના દર્દીને લઈ જતી એમ્બ્યુલન્સ ડમ્પર સાથે અથડાતાં ત્રણનાં મોત

- હળવદના સુંદરગઢ નજીક ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો
- પિતા-પુત્ર અને ડ્રાઈવરે પ્રાણ ગુમાવ્યા, યુવતીને ગંભીર ઈજા

હળવદ, : મોરબીના કોરોનાના દર્દી પરિવારજનો સાથે સારવાર લેવા માટે ખાનગી એમ્બ્યુલન્સમાં અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે હળવદ તાલુકાના સુંદરગઢ ગામ નજીક ડમ્પર સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો, જેમાં વૃદ્ધ દર્દી, તેમના પુત્ર અને એમ્બ્યુલન્સના ચાલકના ઘટનાસ્થળે કમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે એક યુવતીને ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. સોમવારે બપોરના સમયે સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતમાં કોરોનાના દર્દી અલીમહંમદ રહેમતલ્લાહભાઈ અબ્બાસી(૭૮), તેમના પુત્ર યાસીનભાઈ (૪૫) અને એમ્બ્યુલન્સ ડ્રાઈવર જીતુભાઈ મુન્નાભાઈ ઝાલા (૨૫)એ પ્રાણ ગુમાવ્યા હતા, જ્યારે રેહાનાબેન યાસીનભાઈ (૨૫)ને ગંભીર ઈજા થતાં સારવાર માટે મોરબીની હોસ્પિટલ ખાતે લઈ જવામાંઆવ્યાહતા. અકસ્માતને પગલે ગ્રામજનો દોડી આવ્યા હતા. જાણ થતા હળવદ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો આવ્યો હતો. ટ્રાફિક હળવો કર્યો હતો અને મૃતકોને હળવદની સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સરકારી ગાઈડલાઈન મુજબ સરકારી હોસ્પિટલના તબીબો દ્વારા પીએમ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે યાસીનભાઈ સામાન્ય કામકાજ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેના પિતા અલીમહંમદભાઈને કોરોનાની સારવાર અપાવવા માટે એમ્બ્યુલન્સમાં લઈને મોરબીથી અમદાવાદ જતા હતા. એવામાં સુંદરગઢ ગામ પાસે એમ્બ્યુલન્સ કોઈ વાહનને ઓવરટેક કરીને આગળ જવા ગઈ ત્યાં સામેથી આવતા ડમ્પર સાથે અથડાઈ ગઈ હતી.

# કચ્છમાં સતત ત્રીજા દિવસે માવઠું, ભચાઉમાં ઝાડ પડતાં ૨નાં મોત

કચ્છ: સૌરાષ્ટ્ર સહિતના કેટલાક વિસ્તારમાં વરસાદની આગાહી કરાઈ હતી. જે બાદ ગત રવિવારથી કચ્છ વિસ્તારમાં વરસાદી માહોલ છવાયો હતો. અંજારના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદી ઝાંપટા થયા હતા. ભચાઉ અને આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદને કારણે ખેતીને નુકસાનની ભીતિ ઉભી થઈ છે. આંબરડી, કબરાઉ, મેઘપર, કુજીસરમાં વરસાદ થયાના અહેવાલો છે. જયારે ભૂજમાં કરા સાથે વરસાદ થયો હતો. ભચાઉમાં ઝાડ પડતા ૨ વ્યક્તિનાં મોત નિપજ્યા હોવાનું તંત્રએ નોંધ્યું હતુ. ભચાઉના છાડવાર રોડ પરની આ ઘટનામાં રસ્તેથી પસાર થતી રીક્ષા પર ઝાડ પડ્યું હતુ. તેથી રિક્ષામાં સવાર બે મુસાફરોને ગંભીર ઈજા થઈ હતી. જેને કારણે તે બંને મુસાફરોના મોત થઈ ગયા હતા. આ જ ઘટનામાં રીક્ષામાં દબાઈ જવાથી અન્ય ૩ લોકોને ઈજા થઈ હતી, અકસ્માત બાદ તેઓને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડાયા હતા.

# મેવાસામાં મહેસુલ વિભાગના બોગસ પત્રને આધારે અબજોનું જમીન કૌભાંડ

- સુરેન્દ્રનગરનાં તત્કાલીન નિવાસી અધિક કલેકટર એમ.બી.પટેલ ત્રણ દિવસના રિમાન્ડ ઉપર

રાજકોટ : ચોટીલાનાં મેવાસા ગામની અબજો રૂપીયાની સરકારી જમીન પ્રાઈવેટ પાર્ટીને આપી દેવાના કૌભાંડ અંગે સુરેન્દ્રનગર એસીબીએ ગુનો દાખલ કર્યા બાદ સુરેન્દ્રનગરના તત્કાલીન નિવાસી અધિક કલેકટર અને હાલ નિવૃત એમ.બી.પટેલ (રહે.છાલા ગામ, તા.ગાધીનગર) ની ધરપકડ કર્યા બાદ આજે કોર્ટમાં રજુ કરી સોમવાર સુધીનાં ત્રણ દિવસનાં રીમાન્ડ પર મેળવી તપાસનો દોર જારી રાખ્યો છે.

બે દિવસ પહેલા ચોટીલાના નાયબ કલેકટર અંગારીએ સુરેન્દ્રનગર એસીબીમાં એમ.બી.પટેલ ઉપરાંત ચોટીલાના તત્કાલીન પ્રાત અધિકારી અને હાલ નિવૃત ડી.એસ. ત્રિવેદી, અને ચોટીલાના તત્કાલીન મામલતદાર અને હાલ નવસારીના નાયબ જીલ્લા ચુંટણી અધિકારી પી.આર.જાની સામે ફરીયાદ નોંધાવી હતી.

જેમાંથી એસીબીએ હાલ એમ.બી. પટેલની ધરપકડ કરી છે. એસીબીની તપાસમાં એવું ખુલ્યુ છે કે ચોટીલાના તત્કાલીન મામલતદાર જાનીએ ટોચ મર્યાદા ધારા હેઠળ ફાજલ કરાયેલી જમીનનો કેસ ચલાવી તે જમીન પ્રાઈવેટ પાર્ટીને ફાળવવાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ આ કેસ ચોટીલાના તત્કાલીન પ્રાંત અધિકારી ત્રિવેદીને સુપ્રત કર્યો હતો. જેણે આ કેસ તત્કાલીન નિવાસી અધિક કલેકટર પટેલને કેસ મોકલી આપ્યો હતો. પટેલે નિયમ મુજબ મહેસુલ વિભાગમાં કેસ મોકલી આપ્યો હતો.

મહેસુલ વિભાગે કેટલીક કવેરી કાઢી જમીન ફાળવવાનો હુકમ રદ કરવાનો આદેશ આપ્યો હતો. આમ છતાં મહેસુલ વિભાગનો આ આદેશ ગુમ કરી તેની જગ્યાએ મહેસુલ વિભાગે પણ કલીયરન્સ આપી દીધાનો બનાવટી પત્ર બનાવી પ્રાઈવેટ પાર્ટીને જમીન સોંપી અપાઈ હતી. જો કે મહેસુલ વિભાગનો બનાવટી પત્ર કોણે બનાવ્યો તે હજુ તપાસમાં બહાર આવ્યું નથી.

# રાજુલા પંથકમાં માત્ર ૭ દિવસમાં ૧૦ અગ્રણીઓની ચિરવિદાયથી ગમગીની

રાજુલા : રાજુલામાં ૭ દિવસમાં વિવિધ જ્ઞાતિ - સમાજના ૧૦ અગ્રણીઓના અવસાનથી શહેરમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. અને લોકોમાં પણ ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. જયારે માળિયા હાટિના પંથકમાં પણ મોતના બનાવો વધતા ડર વ્યાપ્યો છે.

રાજુલામાં ૭ દિવસમાં વિવિધ જ્ઞાાતિ સમાજના ૧૦ આગેવાનોના અવસાનથી શહેરમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. લોકોમાં પણ ડરનો માહોલ ઉભો થયો છે. સોની જ્ઞાાતિનાં અગ્રણીઓ વસંતભાઈ વાવડીયા તથા નાથાભાઈ ઝગડા, પ્રજાપતિ સમાજના આગેવાન નારણભાઈ વાળા, ટપુભાઈ પુનાભાઈ તથા કાળુભાઈ પ્રજાપતિ જયારે વોરા સમાજના અગ્રણી હાતીમભાઈ કપાસી, મુસ્લિમ સમાજના તથા પાલિકાના નિવૃત્ત કર્મી અબ્દુલભાઈ ગોરી તથા પાનના વેપારી વિપુલભાઈ સોલંકી સહિત ૧૦ આગેવાનોના નિધન થતા શોક વ્યાપ્યો છે. માળિયા હાટીના શહેર તથા નજીકના ગામોમાં કોરોના કારણે લોકોના મોતના આંકડા વધતા લોકોમાં ભય વ્યાપ્યો છે. મોમીન સમાજના જ યુવાનું પણ કોરોનાના કારણે મૃત્યુ થયું છે. તો બાજુનાજ ગાંગેચા ગામની યુવતીનું પણ મોત થયું છે. તો માળિયાના લોહાણા સમાજની પણ યુવતીનું કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ થયું અને તેની અંતિમક્રિયા ચાલુ જ હતી. ત્યાં જ માળિયાના સેવાભાવી હર્ષદભાઈ રૂઘાણીના અવસાનના સમાચારથી ગમગીની છવાઈ ગઈ છે.

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance
We represent many insurance companies, we can shop around for best rates.

Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# કપડવંજમાં લઘુમતિ કોમ-પોલીસ વચ્ચેના ઘર્ષણ બાદ ભારે અજંપોઃ ૨૧૦ સામે ગુનો

**• મસ્જિદ પાસે સોશિયલ ડિસ્ટન્સની કાર્યવાહી કરવા જતા હુમલો થયો**

નડિયાદ : કપડવંજ શહેરમાં મંગળવારની મોડી રાતે પોલીસ અને લઘુમતિ કોમ વચ્ચે ઘર્ષણ થયુ હતુ. પોલીસ ટીમ મસ્જીદ પાસે સોશિયલ ડિસ્ટન્સની કાર્યવાહી કરવા માટે જતા મામલો બિચક્યો હતો. જેમાં પથ્થરમારો અને પોલીસ સ્ટેશનમાં લઘુમતી કોમના ટોળા ધસી આવી નુકસાન પહોચાડયુ હતુ. આ બનાવ અંગે કપડવંજ ટાઉન પોલીસે કુલ ૨૧૦ વ્યક્તિઓ વિરુધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કપડવંજ શહેરની અલી મસ્જીદ પાસે કપડવંજ ટાઉન પોલીસની ટીમ કોવિડ ગાઈડલાઈન અને સોશિયલ ડિસ્ટન્સ બાબતે શહેરમાં પેટ્રોલિંગમાં હતી. તે સમયે શહેરની મસ્જીદ પાસે વધુ માત્રામાં લોકોની અવર જવર જોવા મળી હતી.જેથી પોલીસ ટીમે મસ્જિદમાં નમાઝ અદા કરતા લઘુમતિ કોમના લોકોને સોશિયલ ડિસ્ટન્સ અંગે સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. તે સમયે કોઈ કારણોસર લઘુમતી કોમના લોકો અને પોલીસ ટીમ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા બંને વચ્ચે ઘર્ષણ સર્જાતા લઘુમતિ કોમના ટોળા મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.

જેમાં સૌ પ્રથમ શહેરના કુંડાવાવ પોલીસ ચોકી ઉપર અને ત્યાથી કપડવંજ ટાઉન પોલીસ મથકે લઘુમતિ કોમના ટોળા ધસી આવ્યા હતા. જ્યા ઉશ્કેરાયેલા ટોળાએ ભારે પથ્થરમારો કર્યો હોવાનુ સ્થાનિક નાગરિકો જણાવી રહ્યા છે. વળી એટલાથી ન અટકતા કપડવંજ ટાઉન પોલીસ મથકમાં ધસી આવેલા લોકોએ પોલીસ સ્ટેશનમાં લગાવવામાં આવેલ સી.ટી.ટી.વી કેમેરા, બારીઓના કાચને તોડફોડ કરી નુકસાન કર્યુ હતુ.

# વડતાલના સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિનો ૨૪૦મો જન્મોત્સવ ઉજવાયો

**• અંગન્યાસ, કરન્યાસના મંત્રોચ્ચાર કરી શ્રી હરિને કેસર જળથી અભિષેક કરાયો : બપોરે અન્નકૂટ ધરાવાયો**

વડતાલ : ખેડા જિલ્લામાં આવેલા સ્વામીનારાયણ તીર્થસ્થળ વડતાલમાં શ્રીહરિનો ૨૪૦મો જન્મોત્સવ અને ભગવાનશ્રી રામચંદ્રજીનો પ્રાગટય ઉત્સવ ઉજવાઈ ગયો. કોરોનાના સંકટને ધ્યાનમાં રાખી ભક્તો માટે મંદિરમાં દર્શન બંધ રાખવામાં આવ્યા હોવાથી ભક્તોએ ઓનલાઈન દર્શનનો લાભ લીધો હતો. વડતાલધામમાં બુધવારે ભગવાન શ્રી રામચંદ્રજીનો અને રાતે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામીનારાયણનો પ્રાગટય ઉત્સવ ઉજવાયો હતો. ચૈત્રી સુદ નોમ એટલે શ્રીહરિનો પ્રાગટય ઉત્સવ. બુધવારે વહેલી સવારે પ્રાતઃકાળમાં ભગવાન સ્વામીનારાયણનો મંત્રાભિષેક કરવામાં આવ્યો હતો. આચાર્ય શ્રી રાકેશપ્રસાદ મહારાજે ૨૪૦ માજન્મદિવસ નિમિત્તે અંગન્યાસ, કરન્યાસ વગેરે કરીને મંત્રોચ્ચાર સાથે કેસર જળથી અભિષેક કર્યો હતો. ત્યારબાદ ૧૧ વાગ્યે દેવોને અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. બપોરે ૧૨ વાગ્યે પરંપરાગત રીતે જ પણ બંધબારણે મર્યાદા પુરુષોત્તમ ભગવાનશ્રી રામચંદ્રજીના પ્રાગટય મહોત્સવની આરતી કરવામાં આવી હતી.

# કોરોના ઈફેક્ટ : યાત્રાધામ શામળાજી મંદિર વધુ ૧૦ દિવસ બંધ કરી દેવાયું

મોડાસા : અરવલ્લી જિલ્લાનું સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી વિષ્ણુ મંદિર કોરોનાનું સંક્રમણ વધતા ફરી એકવાર મંદિર વધુ ૧૦ દિવસ બંધ રહેશે. અગાઉ તા.૧૧ થી ૨૦ એપ્રિલ દરમ્યાન મંદિર બંધ કરવામાં આવ્યું હતું. વધતા જતાં કોરોના સંક્રમણને રોકવા મંદિર ટ્રસ્ટ તરફથી મહત્વનો નિર્ણય કરાયો હતો. આમ આગામી ૩૦ એપ્રિલ સુધી દર્શનાર્થીઓ માટે ફરી મંદિર બંધ રહેશે. જયારે બંધ મંદિરમાં રામનવમી પર્વે ભગવાનની ખાસ વિશેષ પૂજા કરાશે. કોરોના મહામારીએ માઝા મૂકી છે. અરવલ્લી જિલ્લામાં હવે શહેરો જ નહિ ગામડાઓમાં પણ કોરોના ચિંતાજનક હદે પ્રસરી રહયો છે. ત્યારે લોકોને વાયરસના સંક્રમણનો ભોગ બનતા અટકાવવા અને કોરોનાના વ્યાપની ચેઈન તોડવા, અને સલામતી માટે યાત્રાધામ શામળાજી મંદિર વધુ ૧૦ દિવસ બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો.

# પરિણીતાને ‘Hi’નો મેસેજ કરવાના ઝઘડામાં યુવકની હત્યા, 3 પકડાયા

વડોદરાઃ કારેલીબાગ વિસ્તારમાં બે દિવસ પહેલાં રાતે કમલેશ ઉર્ફે સૌકત માળી નામના યુવકની મિત્ર પત્નીને મેસેજ મોકલનાર કૌશિક,તેના ભાઇ કમલેશ અને પિતા નટવરસિંહે હત્યા કરી હતી.જે પૈકી કલ્પેશનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં તેને સારવાર માટે દાખલ કરાયો છે.

ન્યુ વીઆઈપી રોડના ખોડિયારનગર વિસ્તારમાં રહેતા કમલેશ ઉર્ફે સૌકત માળીના મિત્રની પત્નીને જલારામનગર-૨માં રહેતો કૌશિક દરબાર હાય..ના મેસેજ મોકલતો હોવાથી મહિલાએ તેના પતિને વાત કરી હતી. જેથી મહિલાના પતિ અને ભાઈએ કમલેશ ઉર્ફે સૌકતને મદદ કરવા કહ્યું હતું. શનિવારે રાતે કમલેશ જલારામનગરમાં આવ્યો હતો અને મિત્રની પત્નીને મેસેજો કરનાર કૌશિક દરબારને ઠપકો આપતાં કૌશિક દરબાર,તેના ભાઈ કલ્પેશ દરબાર અને પિતા નટવરસિંહ દરબારે મારક હથિયારો વડે હુમલો કરી કમલેશની હત્યા કરી હતી. હરણી પોલીસના પીઆઇ વી.કે.દેસાઈએ ત્રણેય હત્યારાને ઝડપી પાડી કોરોના ટેસ્ટ કરાવતાં કલ્પેશનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.જેથી પોલીસે તેને સારવાર માટે મોકલી નટવરસિંહ અને કૌશિકની ધરપકડ કરી છે. મિત્રની પત્ની માટેના ઝઘડામાં દરમિયાનગિરી કરનાર કમલેશને જીવ ગુમાવવાનો વખત આવ્યો હતો.

# પેટલાદમાં બાંધણીના રઢુપુરાની સગીરાને ભગાડી જવાના કેસમાં યુવકને ૭ વર્ષની કેદ

આણંદ : પેટલાદના બાંધણી તાબે રઢુપુરા ખાતે રહેતા એક પરિવારની સગીર વયની પુત્રી (ઉં.વ.૧૬)ને ૨૦૧૩માં બાંધણી સીમમાં આવેલ નાડપુરા ખાતે રહેતો અજય મહેન્દ્રભાઈ સોલંકી નામનો યુવક લગ્ન કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવી કાયદેસરના વાલીપણાંમાંથી ભગાડી ગયો હતો. સગીર વયની પુત્રી ઘરેથી અચાનક લાપત્તા થતાં તેના પરિવારજનોએ ગામ સહિત સગાસંબંધીઓમાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેણીની મળી આવી ન હતી. દરમ્યાન નાડપુરાનો રહીશ અજય સોલંકી ભગાડી ગયો હોવાનું માલુમ પડયું હતું. આ કેસ આણંદના સ્પેશ્યલ જજ અને એડીશનલ સેશન્સ જજની અદાલતમાં ચાલી જતા પુરાવાને ધ્યાનમાં લઈ ન્યાયાધીશે અજય મહેન્દ્રભાઈ સોલંકીને તકસીરવાન ઠેરવી સાત વર્ષની સખત કેદની સજાનો હુકમ સંભળાવ્યો હતો.

# હીટ એન્ટ રન કેસઃ વૃદ્ધનું મોત નીપજતાં કરજણના ધારાસભ્યના પુત્ર સામે ગુનો

વડોદરા : કરજણના મેથી ગામે ગઈરાત્રે પંચાયત ઘર પાસે નાગજીભાઈ પટેલ નામના સીનીયર સીટીઝન રોડ ક્રોસ કરતા હતા ત્યારે પૂરઝડપે ધસી આવેલી કારે તેમને અડફેટમાં લેતા તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્રની સંડોવણી હોવાથી ચકચાર વ્યાપી હતી. પરંતુ પોલીસને પૂછતા આવો કોઈ બનાવો પોલીસ સુધી આવ્યો નથી તેવા જવાબ આપવામાં આવતા હતા. આખરે મૃતકના વડોદરાના ભાયલી ખાતે રહેતા ભાણેજ મનિષ પટેલે મોડી રાત્રે કરજણ પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ નોંધવાનો આગ્રહ રાખતા પોલીસે મરનારના ભત્રીજા જીગ્નેશ પટેલની ફરિયાદ નોંધી હતી. ફરિયાદમાં જિજ્ઞેશ પટેલે પોલીસને કહ્યું હતું કે, મારા કાકાનો અકસ્માત થયો ત્યારે બાજુમાં સિલ્વર કલર કમ્પાસ કાર પડી હતી. જે કાર અક્ષય પટેલનો પુત્ર ઋષિ ચલાવતો હોવાનું તેમજ બાજુમાં એક યુવક પણ બેઠો હોવાનું મને જાણવા મળ્યું હતું. ઉપરોક્ત ફરિયાદના આધારે કરજણ પોલીસે અક્ષય પટેલના પુત્ર ઋષિ સામે ગુનો નોંધ્યો છે.

## કરજણ ધારાસભ્યના પુત્રનો વિવાદ,પોલીસ બચાવમાં આવી

વડોદરાઃ તપાસ કરનાર પીએસઆઇ એ આ કેસ હિટ એન્ડ રનનો નહીં હોવાનું કહ્યું છેભ્ પીએસઆઇ સોલંકીએ કહ્યું હતું કે,આ કેસ હિટ એન્ડ રનનો નથી.ઉપરોક્ત બનાવમાં કાર સ્થળ પરથી જ કબજે લેવામાં આવી છે.જ્યારે આરોપી ઋષિને લીલોડ ગામેથી પકડવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે,સમગ્ર બનાવ અંગે ફોરેન્સિક નિષ્ણાતોની મદદ લેવામાં આવી છે તેમજ આરટીઓને પણ જાણ કરી તપાસમાં મદદ લેવામાં આવી છે.આરોપીનું નિવેદન પણ લેવામાં આવ્યું છે. મરનારના હાથ,પગ,પીઠ અને માથાના ભાગે ઇજાઓ થઇ છે તેમજ કારના બોનેટના ભાગે મોટો ગોબો પડી ગયો છે તે જોતાં મરનાર ૧૦ ફૂટ જેટલા ફંગોળાયા હશે તેમ મનાય છે. જો કે બસસ્ટેન્ડ નજીક બનેલા આ બનાવને નજરે જોનારા હજી પોલીસને મળ્યા નથી.

# ગોધરા ટ્રેન હત્યાકાંડનો આરોપી પેરોલ જંપ બાદ ફરાર થઈ જતા ફરિયાદ દાખલ

**• ટ્રેન હત્યાકાંડમાં ગોધરાની સેશન્સ કોર્ટે તા.૦૧-૦૩-૨૦૧૧ના રોજ આજીવન કેદની સજા કરી હતી**

વડોદરા. ગોધરા ટ્રેન હત્યાકાંડમાં આજીવન કેદની સજા પામેલો કેદી ૧૪ દિવસની પેરોલ ફર્લો રજા પર જેલમાંથી છૂટયા પછી હાજર નહી થતા તેની સામે જેલરે રાવપુરા પોલીસ સ્ટેશનાં ફરિયાદ નોંધાવી છે.

સાબરમતી ટ્રેન હત્યાકાંડમાં ગોધરાના પોલન બજારમાં રહેતા બિલાલ અબ્દુલ્લા ઈસ્માઈલ ઘાંચીને ગોધરાની સેશન્સ કોર્ટે તા.૦૧-૦૩-૨૦૧૧ના રોજ આજીવન કેદની સજા કરી હતી. કોર્ટના ઓર્ડર મુજબ,તા.૧ લી એપ્રિલે તેને ૧૪ દિવસની પેરોલ રજા પર મુક્ત કરવામાં આવ્યો હતો.તા.૧૪ મી એપ્રિલે તેને ફરીથી જેલમાં હાજર થવાનુ હતું.પરંતુ,તે હાજર થયો નહતો.અને ફરાર થઈ ગયો હતો. જે અંગે વડોદરા જેલના જેલર બી.કે.રાઠવાએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પ્લેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



## સંગીતકાર જોડી નદીમ-શ્રવણના શ્રવણ રાઠોડનું નિધન

આશિકી ફિલ્મું યાદગાર સંગીત આપનારા પ્રખ્યાત સંગીતકાર જોડી નદીમ–શ્રવણના શ્રવણ રાઠોડનું ગુરુવારે સાંજે નિધન થયું હતું. તેઓ બે દિવસ પહેલાં જ કોરોના સંક્રમિત થઈ ગયા હતા. ડાયાબિટક હોવાની સાથે સાથે કોરોનાથી તેમના ફેફસાં સંપૂર્ણપણે સંક્રમિત થઈ ગયા હતા. શ્રવણની સારવાર રહેજા હોસ્પિટલમાં ચાલી રહ્યો હતો. રહેજા હોસ્પિટલના ડૉ. કીર્તિ ભૂષણે ઘટનાની પૃષ્ટી કરી હતી. ડૉ. ભૂષણે કહ્યું કે– શ્રવણનું નિધન રાત્ર ૯:30 વાગ્યે થયું. અમે અમારા તરફથી પૂરો પ્રયાસ કર્યો પરંતુ તેઓ આ મુસીબતમાંથી બહાર ન આવી શક્યા.

સ્વદેશ



## દેશવાસીઓ, ઘરમાં જ રહો, પત્ર લખી પ્રિયંકા ચોપરાએ કરી આજીજી

હાલમાં માહોલ એવો છે કે દેશમાં કોરોના આઉટ ઓફ કંટ્રોલ બની રહ્યો છે. દરરોજ સેંકડો લોકો કોરોનાને કારણે પોતાનો જીવ ગુમાવી રહ્યા છે. આવી સ્થિતિમાં પ્રિયંકા ચોપરા જોનાસે મંગળવારે ભારતની વર્તમાન કોવિડ –૧૯ પરિસ્થિતિ પર એક પત્ર લખીને વર્તમાન પરિસ્થિતિને ગંભીર ગણાવી છે. તેણે પોતાના ચાહકોને ઘરે રહેવા વિનંતી કરી છે. આ સાથે જ તેમણે લોકોને મરામારી કેટલી ગંભીર છે એના વિશે પણ જણાવ્યું છે. પ્રિયંકા ચોપરાએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે– આખા દેશમાં કોરોની સ્થિતિ ગંભીર છે. હું દેશના વિવિધ રાજ્યોમાંથી આવતી તસવીરો અને કહાનીઓ જોઈ રહી છું કે જે ખૂબ જ ડરામણી છે. સ્થિતિ નિયંત્રણ બહાર છે. હું તમારી પાસે ભીખ માંગુ છું કે કૃપા કરીને ઘરે રહો. હું તમને ઘરે રહેવા વિનંતી કરું છું. તમારા, તમારા પરિવાર, મિત્રો, પડોશીઓ માટે પણ તે મહત્વપૂર્ણ છે. દરેક ડોક્ટર અને ફ્રન્ટ લાઇન વર્કર પણ આ જ વાત કહી રહ્યા છે કે ઘરે રહો. પ્રિયંકા આગળ લખે છે કે એ પણ જુઓ કે તમારા પરિજનો અને સગા વ્હાલા પણ ઘરે જ રહે. જો તમે બહાર જાઓ છો તો માસ્ક પહેરો. તમારી આસપાસના લોકો સાથે વાત કરો અને આ બાબતની ગંભીરતા સમજાવવાનો પ્રયાસ કરો. આપણે આ વાતને હળવાશથી લેવા જેવી નથી. જ્યારે પણ તમારો વારો આવે ત્યારે રસી લો. આ બધું કરવાથી આપણી હેલ્થ સિસ્ટમને ભાર ઓછો પડશે.



## કબીર બેદીની આત્મકથા લોન્ચ કરશે પ્રિયંકા ચોપરા

દિગ્ગજ અભિનેતા કબીર બેદીની આત્મકથા સ્ટોરીઝ આઇ મોસ્ટ ટેલ: ધ એમોશનલ લાઇફ ઓફ એક્ટર પ્રિયંકા ચોપડા જોનાસ દ્વારા લોંચ કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન હાંસલ કરનાર અને તેમની જીવનકથાઓ સાથે લેખક બનેલા હિન્દી ફિલ્મના બે વ્યક્તિત્વ જોવાનું એ રસિક રહેશે, હવે તેઓ કબીરના પુસ્તકની ચર્ચા અને લોકાર્પણ કરવા માટે એકઠા થયા છે. પ્રિયંકા લંડનમાં કબીરના પુસ્તક પ્રક્ષેપણ માટે વર્ચુઅલ રીતે જોડાશે.

## કરણ જોહરના ધર્મા પ્રોડક્શનમાંથી કાર્તિક આર્યનની કાયમ માટે હકાલપટ્ટી

મુંબઇ: યંગસ્ટર્સમાં ભારે લોકપ્રિય કાર્તિક આર્યનની કરણ જોહરની ફિલ્મ નિર્માણ કંપની ધર્મા પ્રોડક્શનમાંથી કાયમ માટે છુટ્ટી થઈ ગઈ છે. બોલીવૂડમાં હાલમાં આ જ મુદ્દો જોર શોરથી ચર્ચાઈ રહ્યો છે. કાર્તિક આર્યનને કરણ જોહરે પોતાની આગામી ફિલ્મ દોસ્તાના–૨ માટે સાઈન કર્યો હતો. આ ફિલ્મ કરણની જ અગાઉની ફિલ્મ દોસ્તાનાની સિક્વલ છે. જોકે આ ફિલ્મ બને તે પહેલા જ કાર્તિકની તેમાંથી કરણે હકાલપટ્ટી કરી છે. ધર્મા પ્રોડક્શન સાથે સંકળાયેલા એક વ્યક્તિએ એક ન્યૂઝ ચેનલને જાણકારી આપતા કહ્યુ હતુ કે, કરણે ભવિષ્યમાં ક્યારે પણ કાર્તિક સાથે કામ નહીં કરવાનો નિર્ણય લીધો છે. દોસ્તાના ૨નુ શૂટિંગ પણ શરુ થઈ ગયુ હતુ. તેના શૂટિંગના ૨૦ દિવસ થઈ ગયા છે. આમ છતા હવે કરણે કાર્તિક સાથે કામ નહીં કરવાનુ નક્કી કર્યુ છે. આ માટે કાર્તિકની અનપ્રોફેશનલ વર્તણૂંક જવાબદાર છે.



## હોલીવૂડમાં એન્ટ્રીથી ખુબ જ ખુશ છે હુમા

બોલીવૂડની અભિનેત્રી હુમા કુરેશી હોલીવૂડ સુધી પહોંચી ગઇ છે. જૈન સ્નાયડરની જોમ્બી હિસ્ટ ફિલ્મ આર્મી ઓફ ધ ડેડનું ટ્રેલર રિલીઝ થઇ ગયું છે. આ ફિલ્મ આ વર્ષની સોથી વધુ પ્રતિક્ષિત ફિલ્મ છે. ટ્રેલરમાં હુમા કુરેશી પણ જોવા મળી છે. ફિલ્મમાં તેના પાત્રનું નામ ગીતા છે. જો કે કેવું પાત્ર છે તેની વધુ જાણકારી ટ્રેલરમાં મળતી નથી. હુમા બહુમુખી અભિનેત્રીની છાપ ધરાવે છે. તે પોતાની ભુમિકાઓ અને નિર્દેશકોને પસંદ કરીને કામ કરે છે. આર્મી ઓફ ધ ડેડનો ભાગ બનીને તે અત્યંત ખુશ છે. નોંધનીય છે કે આ ફિલ્મ અગાઉ ૨૦૦૪માં આવેલી ડોન ઓફ ધ ડેડની સિકવલ છે. આ ફિલ્મને પણ જૈક સ્નાયડરે બનાવી હતી. એ પછી હોલીવૂડમાં અનેક જોમ્બી-થ્રિલર ફિલ્મો બની ચુકી છે.














હવે, સ્વદેશ વેબસાઇટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## સામ્યવાદી દેશ રશિયામાં રાજકીય વિરોધને દબાવી દેવાની ક્રુર નીતિ અત્યંત જોખમી

# પુતિન વિરોધી નાવલ્નીને મોતના મુખ તરફ ધકેલાયા

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના કટ્ટર વિરોધી એલેક્સી નાવાલ્નીને અચાનક જેલમાંથી હોસ્પિટલમાં ખસેડાયા હોવાના અહેવાલો છે. નાવાલ્નીના ડોકટરોએ આ ઘટના પાછળ તેની નાદૂરસ્ત તબિયતને જવાબદાર ગણાવી છે. જોકે, નાવાલ્ની સામે નાણાની હેરફેરનો ગંભીર આરોપ મુકાયો હોવાથી તેને જેલમાં ધકેલી દેવાયા હતા. જે બાદ જેલમાં તેમની તબિયત લથડવા માંડી હતી. આમ છતાં તેમને ડોકટરને મળવાની પરવાનગી અપાતી ન હતી. આખરે તેમણે ભૂખ હડતાળ કરતા તબિયત વધુ લથડી હતી.

ગત વર્ષે નાવાલ્નીને ઝેર આપીને મારી નાંખવા પ્રયાસ પણ થયો હતો. ઝેર અપાયા બાદ નાવાલ્નીની તબિયત લથડી અને તેઓ કોમામાં જતાં રહ્યાં હતા. આખરે તેમને સારવાર માટે જર્મની લઇ જવામાં આવ્યાં. મહિનાઓ સુધી કોમામાં રહ્યાં બાદ છેવટે તેમનું સ્વાસ્થ્ય સુધર્યું અને તેઓ રશિયા પાછા ફર્યા હતા. પરંતુ રશિયામાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. હકીકતમાં ૪૪ વર્ષના નાવાલ્ની પુતિનના સૌથી કટ્ટર વિરોધી મનાય છે. વકીલમાંથી નેતા બનેલા નાવાલ્ની રાજકારણમાં આવ્યા ત્યારથી પુતિનના વિરોધી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી રશિયાના રાજકારણમાં અનેક વખત કેટલાક નેતાઓને ઝેર આપીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યાના બનાવો બની ચૂક્યા છે. રાષ્ટ્રપતિ પુતિનના વિરોધીઓને પણ આ પ્રકારને નિશાન બનાવાયા હોવાના આક્ષેપો ઉઠી ચૂક્યા છે.

બે વર્ષ પહેલા રશિયાના ભૂતપૂર્વ જાસૂસ સર્ગઇ સ્ક્રીપાલ અને તેમની પુત્રી ઉપર બ્રિટનમાં કેમિકલ હુમલો થયો હતો. ત્યારપછી તેમની તબિયત લાંબો સુધી સમય ગંભીર રહી હતી. જો કે, બાદમાં બંને પિતા-પુત્રીનો જીવ બચી ગયો હતો. અગાઉ શીતયુદ્ધના દોરમાં બલ્ગેરિયાના વિદ્રોહી નેતા મારકોવને ઝેરી છત્રી વડે ઈજા પહોંચાડવામાં આવી હતી. જે પછી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. તે વખતે હુમલા પાછળ રશિયાની જાસૂસી સંસ્થા કેજીબીનો હાથ હોવાનો આક્ષેપ થયો હતો. વર્ષ ૨૦૧૬માં કેજીબીના જ ભૂતપૂર્વ જાસૂસ એલેક્ઝાન્ડર લિતવિનેકોએ લંડનની એક હોટલમાં ગ્રીન ટી પીધી હતી. જેમાં પોલોનિયમ-૨૧૦ નામનો ઝેરી પદાર્થ મળ્યો હતો. લિતવિનેકોનું મૃત્યુ નીપજ્યું એ વખતે પણ એવા આરોપ લાગ્યા હતાં કે, તેમની હત્યા પુતિનના કહેવાથી થઈ હતી. નવેમ્બર ૨૦૧૨માં લંડનમાં એલેક્ઝાન્ડર પેરેપીલિછની નામના રશિયન શખ્સ તેમના નિવાસસ્થાને મૃત અવસ્થામાં મળી આવ્યાં હતા. તેમણે રશિયાના મનીલોન્ડરિંગના મામલાની તપાસમાં મદદ કરી હતી અને એ પછી તેમને રશિયામાંથી ભાગી જવું પડયું હતું. તેમના મોતમાં પણ રશિયાનો હાથ હોવાના આરોપો ઉઠ્યા હતા.

બે વર્ષ પહેલા પણ નાવાલ્નીએ દાવો કર્યો હતો કે, પ્રદર્શનો બાદ તેમને જેલમાં પૂરવામાં આવ્યાં, ત્યારે ત્યાં તેમને ઝેર આપવામાં આવ્યું હતું. ગયા વર્ષે મોસ્કોમાં સરકાર વિરોધી પ્રદર્શનો કર્યા બાદ નાવાલ્નીને એક હજાર લોકો સાથે અટકાયતમાં લેવામાં આવ્યા હતાં. પરંતુ આંખોમાં પીડા અને ચામડીના રંગોમાં ફેરફારની ફરિયાદ સાથે તેમને બીજા જ દિવસે હોસ્પિટલમાં દાખલ કરવા પડયાં હતાં. રશિયામાં અન્ય વિપક્ષી નેતાઓની જેમ નાવાલ્નીની પણ છાશવારે ધરપકડ કરાય છે. રાજકીય કારણોસર વિરોધીઓને પરેશાન કરવામાં આવે છે. ૨૦૧૭માં કેટલાક લોકોએ તેમના ચહેરા પર કેમિકલ નાખી દેવાયું હતું. જેમાં તેમની એક આંખને નુકસાન થયું હતું. થોડા સમય પહેલા પુતિને બંધારણમાં સુધારો કરીને વર્ષ ૨૦૩૬ સુધી સત્તામાં રહેવાની જોગવાઇ કરી લીધી છે. જાણકારોનું માનવું હતું કે, છેક ૧૯૯૯થી રશિયાની કમાન સંભાળનારા પુતિન કાં તો ફરી વડાપ્રધાન બને અથવા તો પોતાના માટે એક નવા પદનું સર્જન કરે અથવા તો પડદાની પાછળ રહીને જ શક્તિશાળી ભૂમિકા ભજવતા રહેશે. છેલ્લા બે દાયકાથી પુતિન સતત રશિયાના વડાપ્રધાન અથવા તો રાષ્ટ્રપતિ તરીકે સત્તામાં છે.

જોસેફ સ્ટાલિન બાદ પુતિન રશિયા અથવા તો સોવિયેતના બીજા કોઈ પણ નેતા કરતા સૌથી વધારે વખત સત્તામાં રહેનારા નેતા છે. સ્ટાલિને લગભગ ૨૯ વર્ષ સુધી સોવિયેત સંઘનું નેતૃત્ત્વ કર્યું હતું. બંધારણમાં ફેરફાર માટે પુતિને રાષ્ટ્રવ્યાપી મતદાનની દરખાસ્ત મૂકી હતી. આમ તો રશિયાની જનતા છેલ્લા પાંચ વર્ષથી આવકમાં વધારો ન થવાના કારણે અથવા તો આવક ઘટતી જવાના કારણે પરેશાન હતી. બીજી બાજુ પેન્શન મળવાની વયને વધાર્યા બાદ લોકોમાં નારાજગી પણ હતી અને પુતિનની લોકપ્રિયતામાં ઘટાડો થયો હતો. તેમ છતાં પુતિનને બંધારણમાં તેમના મનગમતા સુધારા કરાવવાથી ન તો જનતા રોકી શકી કે ન તો વિપક્ષ રોકી શક્યો. ૬૭ વર્ષીય પુતિનનો રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યકાળ ૨૦૨૪ સુધીનો હતો અને હવે પુતિન ૮૩ વર્ષની વય સુધી રાષ્ટ્રપતિપદે રહેશે. એક અઠવાડિયા સુધી ચાલેલા જનમત સંગ્રહમાં રશિયાના ૭૮ ટકા લોકોએ પુતિનને રાષ્ટ્રપતિપદે રહેવા માટેની અનુમતિ આપી હતી.

વિપક્ષનો આક્ષેપ છે કે જનમત સંગ્રહમાં ચેડાં કરીને પુતિને બંધારણને પોતાની મરજી મુજબ બદલ્યું છે. પુતિનનો વિરોધ કરનારાઓમાં એક બુલંદ અને મજબૂત અવાજ અલેક્સી નાવાલ્નીનો છે. ૨૦૦૮માં એક બ્લોગ લખીને રશિયાના રાજકારણ અને સરકારી કંપનીઓના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરનારા નાવાલ્ની આજે વિપક્ષી નેતાઓમાં સક્ષમ મનાય છે.

એ પછી તો તેમના બ્લોગ અનેક લોકોના રાજીનામાનું કારણ બન્યાં હતા. જે રશિયાના રાજકારણમાં દુર્લભ ગણાય એવી બાબત છે. ૨૦૧૧માં નાવાલ્નીની પહેલી વખત ધરપકડ થઈ હતી. મોસ્કોની સંસદ બહાર થયેલા પ્રદર્શનો બાદ તેમને ૧૫ દિવસની સજા થઈ હતી. ચૂંટણીમાં પુતિનની પાર્ટીનો વિજય તો થયો, પરંતુ સોશિયલ મીડિયા પર ચૂંટણી દરમિયાન થયેલી ગેરરીતિની તસવીરો પોસ્ટ થયા બાદ પુતિનની ભારે નાલેશી થઈ હતી. વર્ષ ૨૦૧૨માં પુતિનના ફરી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદ નાવાલ્નીના ભૂતકાળની તપાસ કરીને આરોપો ઘડી કાઢવામાં આવ્યાં અને પાંચ વર્ષની સજા ફટકારાઈ હતી. જોકે તેમને બીજા જ દિવસે મુક્ત કરી દેવાયા હતા. કારણ કે, તેમની વિરુદ્ધના અપરાધો ઉચ્ચ અદાલતમાં પુરવાર ન થઈ શક્યાં. અનેક અવરોધ છતાં ૨૦૧૩માં નાવાલ્નીએ મોસ્કોના મેયર તરીકે ચૂંટણી લડી હતી. જોકે પુતિનના સહયોગી સર્ગેઇ સોબ્યાનિન સામે તેમની હાર થઈ છતાં પુતિન વિરુદ્ધની તેમની લડાઈ વધારે મજબૂત થતી રહી. પુતિનના વિરોધી હોવાના નાતે રશિયાના સરકારી ટેલિવિઝન પર તેમના માટે પ્રતિબંધ પણ લદાયો હતો. પરંતુ સોશિયલ મીડિયા અને બ્લોગ દ્વારા નાવાલ્નીએ પુતિન વિરુદ્ધ લડત ચાલુ રાખી હતી. પુતિન અને તેમના સહયોગીઓ પર આકરા કટાક્ષ કરવાની કાર્યશૈલીને કારણે આજે પણ રશિયામાં તેમના યુવાન પ્રશંસકોની સંખ્યા મોટી છે.

વર્ષ ૨૦૧૬માં નાવાલ્નીએ રશિયાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પુતિન વિરુદ્ધ ઝંપલાવવાનું નક્કી કર્યું હતુ. પરંતુ તેમના પર અનેક આરોપો મૂકીને તેમને ચૂંટણીમાં ભાગ લેતા અટકાવવામાં આવ્યાં હતા. ૨૦૧૭માં ફરી તેમની જૂની પાંચ વર્ષની સજા ફરી લાગુ કરવાની હિલચાલ કરવામાં આવી જેની સુનાવણી હજુ ચાલુ છે. ફેબ્રુઆરી ૨૦૧૭માં તેમણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ આરંભેલા પ્રદર્શનો ભારે અસરકારક રહ્યાં હતા. જોકે ફરી વખત તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા. ૨૦૧૭ના જ એપ્રિલમાં તેમના ચહેરા પર કેમિકલ ફેંકવામાં આવ્યું જેમાં તેમની આંખને નુકસાન થયું હતુ. સામ્યવાદી દેશ રશિયામાં પુતિન વિરુદ્ધ બોલવું ભારે જોખમભર્યું છે પરંતુ એલેક્સી હંમેશા પુતિન વિરુદ્ધ અવાજ ઉઠાવતા રહ્યાં છે. એટલા માટે રશિયામાં તેમની લોકપ્રિયતા પણ ઘણી છે.



રશિયામાં પુતિન વિરુદ્ધ બોલવું જોખમભર્યું છે પરંતુ એલેક્સી હંમેશા અવાજ ઉઠાવતા રહ્યાં છે તેથી તેમની લોકપ્રિયતા એ હદે વધી છે કે, તેઓ આજે સોશિયલ મીડિયાના સ્ટાર બની ગયા છે.

SHARP
INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## GOOD NEWS FOR RECENTLY GRADUATED STUDENTS INSIDE CANADA

STUDENTS UNDER POST GRADUATION WORK PERMIT WITH IELTS 5 BAND CAN QUALIFIED TO APPLY FOR PERMANENT RESIDENCY RIGHT AWAY !!

Effective May 6, 2021, Immigration, Refugees and Citizenship Canada (IRCC) will begin accepting applications under the following 3 streams:

**20,000** applications for temporary workers in health care

**30,000** applications for temporary workers in other selected essential occupations

**40,000** applications for international students who graduated from a Canadian institution

FIRST COME FIRST SERVE BASIS !!

CONTACT US IMMIDIATELY



AMI MEHTA
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM

SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca

# કેવી રીતે રાખશો સ્કીનને તરોતાજા?



ગરમી શરૂ થતાની સાથે જ સ્કિન પર ઈન્ફેક્શન અને બીજી અનેક પ્રકારની સમસ્યાઓ શરૂ થઈ જાય છે. આ કારણે ગરમીમાં સ્કિનની યોગ્ય રીતે કાળજી કરવી જરૂરી છે. આકરો તાપ, પ્રદૂષણ, હ્યુમિડિટી અને ઊડતી ધૂળ-માટીને કારણે ચહેરા પરનો નેચરલ ગ્લો તો જાણે ગાયબ જ થઈ જાય છે અને સ્કિન નિસ્તેજ લાગે છે. આવા સમયમાં એક યોગ્ય સ્કિન કેર રૂટિનની તાતી જરૂર છે. આજે ગરમીથી સ્કિનને બચાવવા કેટલીક ટિપ્સ જાણીશું જેના પ્રયોગથી તમારી સ્કિન ફરી તાજગીભરી થઈ જશે.

## સ્કિનને એક્સફોલિએટ કરો

સ્કિન કેરમાં સૌથી જરૂરી છે તમારી સ્કિનને એક્સફોલિએટ કરવી. ગરમીમાં આપણી બોડી અને સ્કિન પરથી વધારે પ્રમાણમાં ડેડ સ્કિન સેલ્સ નીકળે છે અને તેના કારણે સ્કિન ડ્રાય અને ડલ બની જાય છે. આ સમસ્યાને રોકવા માટે સ્કિનને એક્સફોલિએટ કરવી જરૂરી છે. તેમાં પણ ખાસ કરીને ગરમીમાં સ્કિનને એક્સફોલિએટ કરવી ખૂબ જ જરૂરી છે. ત્વચાને એક્સાફોલિએટ કરવા સર્કલમોડમાં આંગળીના ટેરવા ફેરવો.

## મેકઅપનો કરો ઓછો ઉપયોગ

ગરમીમાં જેટલો બની શકે તેટલો મેકઅપનો ઓછો ઉપયોગ કરવો, કારણ કે મેકઅપ સ્કિનનાં છિદ્રોને બંધ કરી દે છે. અને જો તમારે મેકઅપ કરવો જ પડે તો તે પહેલાં એક સારા એસપીએફ ફેસ પાઉડરનો ઉપયોગ કરવો જેનાથી સ્કિન પરનો મેકઅપ જળવાઈ રહે છે અને કોઈ આડઅસર થતી નથી.

## સનસ્કીન લગાવવું ન ભૂલવું

ગરમીમાં એક સારા સનસ્કીનની પસંદગી કરવી ખૂબ જ જરૂરી છે. હંમેશાં એવા સનસ્કીનનો ઉપયોગ કરવો જેનો એસપીએફ રેટિંગ ૩૦ અથવા ૭૦ હોય અને જે સૂર્યનાં હાનિકારક યૂવી કિરણોથી સ્કિનને બચાવે. દર એક બે કલાકે સ્કિન પર સનસ્કીન લગાવવું ન ભૂલવું.

## સ્કિનને હાઈડ્રેટ કરો

ગરમીમાં સ્કિન અને બોડીને હાઈડ્રેટ કરવી ખૂબ જરૂરી છે. આ માટે અમુક સમયના અંતરે પાણી પીતા રહેવું જોઈએ. સ્કિનને હાઈડ્રેટ રાખવાથી સ્કિનમાં રહેલા હાનિકારક ટોક્સિન્સનો નિકાલ થાય છે. નેચરલ સ્કિનકેર પ્રોડક્ટનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખવા ગરમીમાં એવી સ્કિનકેર પ્રોડક્ટનો ઉપયોગ કરવો જે નેચરલ હોય જેથી સ્કિનનાં રોમછિદ્રો ખુલ્લાં રહે. આ માટે તમે લાઈટ લોશન્સ અને સિરમનો ઉપયોગ કરી શકો છો. તેમાં પણ વોટરબેઝ મોઈશ્ચરાઈઝર સૌથી બેસ્ટ ઓપ્શન છે.

# આ રીતે કરો લિપ શેડની પસંદગી



જ્યારે પણ ક્યાંક બહાર પાર્ટીમાં જવાનું હોય અથવા મિત્રો સાથે મૂવિ કે શોપિંગ હોય કે પછી કોઈ પ્રસંગ હોય સ્ત્રીઓ હંમેશાં સજીધજીને નીકળે છે. સામાન્ય રીતે ફાઉન્ડેશન, કોમ્પેક, કાજલ અને લિપસ્ટિકથી પોતાની સુંદરતામાં વધારો કરે છે. પણ આ બધામાં લિપસ્ટિક એ આકર્ષક દેખાવમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે, કારણ કે જો નોર્મલ મિત્રો સાથે મૂવિ જોવા કે લંચ કરવા જાવ અને તમે એકદમ ભભકાદાર કે ડાર્ક કલરની લિપસ્ટિક કરો તો ક્યારેક હાંસીને પાત્ર બનાય છે. આ કારણે ઓકેઝન પ્રમાણે લિપસ્ટિકના શેડ્સની પસંદગી કરવી જરૂરી છે. લિપસ્ટિકનો કયો શેડ્સ ક્યારે લગાવવો તે વિશે થોડું જાણીએ.

## લાઈટ પિંક લિપ શેડ્સ

લાઈટ ગુલાબી લિપસ્ટિક કોલેજિયન માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. તેઓ કોલેજમાં પણ આ શેડ્સ લગાવીને જઈ શકે છે. તેનાથી તમારા હોઠ ફૂલની પાંખડી જેવા ગુલાબી લાગશે. આ ઉપરાંત તમે મિત્રો સાથે લંચ પાર્ટી કે મૂવિ પાર્ટી દરમિયાન પણ લગાવી શકો છો. લાઈટ ગુલાબી શેડ્સ કોઈપણ ડ્રેસ સાથે મેચ થઈ જાય છે.

## હોટ પિંક લિપ શેડ્સ

નાઈટ પાર્ટી હોય, નાઈટ આઉટ હોય અથવા રાતનો કોઈ પ્રસંગ હોય તેમાં તમે હોટ પિંક લિપ શેડ્સ કરી શકો છો. આ શેડ્સની લિપસ્ટિક તમને પાર્ટીના મૂડમાં લાવી દેશે.

## મેટ લિપ શેડ્સ

મેરેજ કે કોઈ પ્રસંગમાં એકદમ ક્લાસી લુક મેળવવો હોય અથવા કોઈ ઓફિસ મિટિંગ હોય તો તમે મેટ લિપ શેડ્સ પર પસંદગી ઉતારી શકો છો.

# SMS Hijack Fraud




મોબાઈલની ખામી શોધીને તેમાંથી બેન્કીંગ સંબધિત SMS માહિતી હેકર સુધી પહોચાડવામાં આવે છે. આ માહિતી કોઈ એપ્લીકેશન અથવા તો મોબાઈલ માં છુપું રહેલું સ્પાયવેર દ્વારા હેકર સુધી પહોંચે છે. ગૂગલ પ્લે સ્ટોરમાં છેતરપિંડીવાળી એપ્લીકેશન મળી આવી છે જે આ રીતે યુઝર્સની માહિતી લીક કરે છે. આ એપ્લીકેશન ૭ લાખથી વધુ લોકો ડાઉનલોડ કરી ચુક્યા છે.

હેકરએ મોટેભાગે દક્ષિણ-પશ્ચિમ એશિયા અને અરબી દ્વીપકલ્પના યુઝર્સને ટાર્ગેટ/શિકાર બનાવ્યા હતા. આ તારણો સાયબર સિક્યુરિટી કંપનીઓ Trend Micro અને McAfee દ્વારા સ્વતંત્ર રીતે નોંધાયા હતા. વધુમાં જાણવા મળ્યું હતું કે આ એપ્લીકેશન ૭ લાખથી વધુ વખત ડાઉનલોડ થઈ છે અને યુઝર્સની માહિતી હેકર સુધી પહોચી ગઈ છે. ત્યારબાદ આ એપ્લીકેશન ગૂગલ પ્લે સ્ટોર પરથી હટાવવામાં આવી.

McAfee જણાવે છે કે ફોટો એડીટીંગ એપ, વોલપેપર સંબધિત એપ, puzzles એપ, કીબોર્ડ સ્કીન એપ, કેમેરા સંબધિત એપ માં માલવેર હોય છે જે ડેટા ને લગતી છેતરપિંડી કરવા માટે ઉપયોગી છે. એજ રીતે આ એપ્લીકેશનમાં સ્પાયવેર પણ હોય છે. જે SMS હાઈજેક કરી અનધિકૃત ટ્રાન્ઝેક્શન કરી શકે છે. માલવેરમાં સામાન્ય રીતે વર્ઝનિંગ નામના કોડિંગ તકનીકનો ઉપયોગ થાય છે. યુઝર્સનો વિશ્વાસ બનાવી રાખવા માટે ગૂગલ પ્લે સ્ટોર પર એપ્લિકેશનને કલીન એપ્લિકેશન તરીકે ડેવલોપર્સ દ્વારા અપલોડ કરવામાં આવે છે. પછી અપડેટ દ્વારા માલવેર ઉમેરવામાં આવે છે. આ કોડ પેલોડ(payload) તરીકે ઓળખવામાં આવે છે જે કોઈ પણ ફોરમેટમાં હોય છે.

SMS હાઈજેકથી બચવા માટે કોઈ પણ એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ જે-તે એપ્લિકેશન કઈ-કઈ પરમિશન માંગે છે તે કાળજી પૂર્વક વાંચ્યા બાદ જ એક્સેપ્ટ કરવી. આ એપ્લીકેશનનું લીસ્ટ મારા ટ્વીટર એકાઉન્ટ્ પર મુકવામાં આવ્યું છે. જો તમારા મોબાઈલમાં આ એપ્લિકેશન ઈનસ્ટોલ હોય તો તરત જ કાઢી નાખવી. એપ્લીકેશનમાં માલવેરની માહિતી મળતા ગૂગલએ પણ 2020માં 1700થી વધુ એપ્લિકેશન પ્લે સ્ટોર પરથી હટાવવામાં આવી છે.

@beinghumanmj

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# ગુજરાતનું સાચું ચિત્ર રજૂ કરો: કોર્ટે સરકારને ફરી ખખડાવી

## ગુજરાતમાં રેમડેસિવિર, બેડ, ઓક્સિજન પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે તેવું સોગંધનામું રાજ્ય સરકારે રજૂ કરતાં જ કોર્ટ નારાજ

ગુજરાતમાં વકરતાં કોરોનાની સ્થિતિને ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટમાં થયેલી સુઓમોટો પર હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. વકરતાં કોરોનાની સ્થિતિને ધ્યાને લઈ હાઈકોર્ટે રૂપાણી સરકારની ઝાટકણી કાઢી કોરોનાની કામગીરી અંગે સોગંદનામું રજૂ કરવા આદેશ કર્યો હતો. જે બાદ ગુજરાત સરકારે સોમવારે હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું હતું. તેના પર હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. જેમાં રાજ્ય સરકારે કોવિડ ૧૯માં ઉભા કરેલા આરોગ્યના માળખાની સવિસ્તાર માહિતી આપી હતી.

### દર્દીની પરિસ્થિતિ પ્રમાણે ૧૦૮ પહોંચાડવાની પ્રાથમિકતા હોવી જોઇએ : હાઇકોર્ટ

અમદાવાદ– ૧૦૮ એમ્બ્યુલન્સ વહેલા તે પહેલાંના ધોરણે નહીં પરંતુ કોવિડ દર્દીની પરિસ્થિતિ કેટલી ગંભીર છે તેના આધારે પહોંચવી જોઇએ તેવું સૂચન ગુજરાત હાઇકોર્ટે કર્યું છે. દર્દીની પરિસ્થિતિ પ્રમાણે નહીં પરંતુ જે પહેલાં ફોન કરે ત્યાં ૧૦૮ પહેલાં પહોંચતી હોય તો આ વ્યવસ્થાનો હેતુ સિદ્ધ નહીં થાય . કોરોનાની બીજી લહેર અંગે ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયાની ખંડપીઠે સરકારને આ અંગે વધુ માહિતી મેળવી રજૂ કરવા નિર્દેશ કર્યો છે. સુઓમોટોની વધુ સુનાવણી ૨૭મી એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે. મંગળવારે સુનાવણી દરમિયાન ખંડપીઠે કહ્યું હતું કે કોર્ટના ધ્યાનમં આવ્યું છે કે જે પણ દર્દી ૧૦૮ એમ્બ્યુલન્સને પહેલાં ફોન કરે ત્યાં પહેલાં એમ્બ્યુલન્સ પહોંચાડવામાં આવે છે. દર્દીની પરિસ્થિતિ કેટલી ગંભીર છે તે પ્રમાણે ૧૦૮ પહોંચડાવાનો ક્રમ નક્કી કરવામાં આવતો નથી.

સરકારે હાઈકોર્ટમાં દાવો કર્યો છે કે કોરોનાની સ્થિતિને પહોંચી વળવા માટે સક્ષમ છે. અને ઓક્સિજનની અછતને પહોંચી વળવા માટે પણ સક્ષમ હોવાનો દાવો કર્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪ લાખ ૧૦ હજાર કોરોના કેસ નોંધાયા છે. તેની સામે આરોગ્ય ક્ષેત્રે ઉભી કરેલી તમામ મશીનરીનો કોરોના સામે લડવામાં ઉપયોગ થઈ રહ્યો હોવાની વાત કોર્ટમાં કરી છે. ગુજરાત સરકારે હાઈકોર્ટમાં જણાવી રહી છે કે, ગુજરાતમાં રેમડેસિવિર, બેડ, ઓક્સિજન પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. સાથે કોરોના ટેસ્ટિંગ વધે તેના માટે ૨૬ યુનિ.માં RTPCR મશીન ઉપલબ્ધ કરાવ્યા છે. ૧૪ રિયલ ટાઈમ RT-PCR મશીન ઈન્સ્ટોલ કરી રહ્યા છીએ. અમે રાજ્યમાં દરરોજ ૧ લાખ ૪૫ હજાર કોરોના ટેસ્ટિંગ કરી રહ્યા છીએ. રાજ્ય સરકારે કરેલા સોંગદનામા પ્રમાણે જવાબ રજૂ કર્યા બાદ હાઈકોર્ટ પણ આકરા પાણીએ દેખાઈ રહી છે. ગુજરાત હાઈકોર્ટે સરકારને જણાવ્યું કે તમે ભારત સરકારના આંકડા સાથે સરખામણી ના કરશો. તમે સાચા આંકડા રજૂ કરો.

## લગ્નમાં વધુ લોકો ભેગા થશે તો કાર્યવાહી પોલીસ સામે

અમદાવાદ: ગુજરાતમાં કોરોના વાયરસ બેકાબૂ થઈ જતા ખુદ સરકાર અને આરોગ્ય વિભાગ જ સ્થિતિને નિયંત્રણમા રાખવા ગોથા ખાઈ રહ્યા છે. સરકાર દ્વારા ફરી ગાઈડલાઈનના કડક અમલ માટે ફતવા જારી કરવામાં આવી રહ્યા છે. આ સાથે નિયમોનો ભંગ કરતા લોકો પાસેથી દંડની વસુલાત શરુ કરાઈ છે. ગત રોજ મોડી સાંજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દાહોદમાં પહોંચ્યા હતા. દાહોદમાં રુપાણીએ કોવીડ હોસ્પિટલની જાહેરાત પણ કરી હતી. જે બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આગામી તારીખ ૨૫, ૨૬ અને ૨૭ના રોજ લગ્નપ્રસંગો યોજાવાના છે. તેથી આ સમયે કોરોનાની ગાઈડલાઈનનું પાલન થવું આવશ્યક છે. કારણ કે અત્યારે જ રાજ્યની પરિસ્થિતિ વિકટ છે.આવા સંજોગોમાં લગ્નપ્રસંગે કોવિડની ગાઈડલાઈનનું પાલન કરાવવાની જવાબદારી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનના અધિકારીઓની રહેશે.

## સંક્રમણને અટકાવવા રાજ્યના ૧૨ ટકાથી વધુ વિસ્તારોમાં સ્વયંભૂ બંધ

ગાંધીનગર : પાટણ, વલસાડ પછી મંગળવારે મહેસાણા, અરવલ્લી અને આણંદ એમ વધુ ત્રણ જિલ્લાના મુખ્ય મથકો, નાના શહેરોના વેપારીઓએ પણ સળંગ સાત થી દસ દિવસના સ્વયંભૂ લોકડાઉન લાદવાનો એક આવકારદાયક અને પ્રશંસાપાત્ર નિર્ણય કર્યો હતો. માત્ર ૪૮થી ૭૨ કલાકમાં જ ગુજરાતના ૧૨ ટકાથી વધારે ભૂ-ભાગ ઉપર સળંગ લોકડાઉન જાહેર થઈ ચૂક્યું છે.

કોરોનાના સેકન્ડ વેવમાં વાઈરસનો ફેલાવો જેટ વિમાનની ગતિએ વધી રહ્યો છે. નવા દર્દીઓની સારવાર માટે વધતા ભારણને કારણે આરોગ્ય સેવાઓ પણ ધ્વસ્ત થઈ રહી છે. નાના શહેરોના વેપારીઓ હવે અડધો દિવસ બજારો ખુલ્લા રાખવા, શનિ- રવિ દુકાનો બંધ રાખવાના ક્ષણિક શટડાઉનને બદલે લોકડાઉનનો અમલ કરાવવા આગળ આવી રહ્યાં છે. મંગળવારે સવારે મહેસાણા શહેરના તમામ વેપારી એસોસિએશનોએ સ્થાનિક વહિવટી તંત્ર સાથે બેઠક યોજીને ૨૨ એપ્રિલને ગુરૂવારથી ૨જી મે સુધી એટલે કે ૧૦ દિવસના સળંગ દૂધ, દવા અને શાકભાજી જેવી આવશ્યક ચીજ વસ્તુઓ સિવાય બજારો બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. અગાઉ પાટણ અને વલસાડમાં મંગળવારથી ૭ દિવસનું લોકડાઉન અમલમાં છે. અરવલ્લી જિલ્લાના મોડાસા અને બાયડમાં પણ બુધવારથી સળંગ સાત દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.

## વડોદરામાં નર્સિંગ કોલેજના ૧૦૦૦ સ્ટુડન્ટસ સસ્પેન્ડ

વડોદરા: તાજેતરમાં જ તંત્ર દ્વારા વડોદરા શહેર અને જિલ્લાની કોવિડ હોસ્પિટલોમાં ફરજ બજાવવા માટે તમામ મેડિકલ કોલેજ અને નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓને તૈયાર રહેવા માટે જાહેરનામુ બહાર પાડીને સૂચના આપવામાં આવી હતી.બીજી તરફ સુમનદીપ વિદ્યાપીઠમાં સ્ટુડન્ટસ ઘરેથી ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે.તેમને વહિવટીતંત્રના નિર્ણયના પગલે સુમનદીપ વિદ્યાપીઠની કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવવા માટે હાજર થવા જાણ કરવામાં આવી હતી. જોકે વાલીઓને સલામતીની ચિંતા ઉભી થઈ હતી અને મોટાભાગના વાલીઓએ પોતાના વિદ્યાર્થીઓને મોકલવાનો ઈનકાર કરી દીધો હતો.

જેના પગલે રજિસ્ટ્રાર દ્વારા તેમને જ્યાં સુધી કોરોનાને લગતી ફરજ બજાવવા માટે હાજર ના થાય ત્યાં સુધી ૧૦૦૦ વિદ્યાર્થિનીઓને સ્ટુડન્ટ તરીકે સસ્પેન્ડ કરવા માટેની નોટિસો મોકલવામાં આવી છે. વાલીઓમાં અને વિદ્યાર્થીઓમાં આ મુદ્દે કચવાટ પણ છે.

## RT-PCRના પરિણામમાં વિલંબ ટાળવા માટે ૨૬ યુનિ.લેબને પરિક્ષણની મંજૂરી

અમદાવાદ: ગુજરાતમાં ૧૫ દિવસથી હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસથી હવે સરકાર ખુદ ચિંતામાં મુકાઈ ગઈ છે. દરરોજ કોરોનાના કેસમાં ઉછાળો આવી રહ્યો હોવાથી આરોગ્ય તંત્ર પણ સતત દોડધામ કરી રહ્યું છે. જો કે, સંક્રમણ ફેલાવા પાછળ મહત્વનું એક કારણ આરટીપીસીઆર રિપોર્ટના પરિણામમાં વિલંબ હોવાનું પણ જણાય રહ્યું છે. સેમ્પલ લીધા બાદ ૩ થી ૫ દિવસમાં તેનો રિપોર્ટ આવે છે. આવા સંજોગોમાં જે દર્દી પોઝિટિવ હોય તે બહાર ફરતો રહેતો હોવાથી અન્યને ચેપ લાગી રહ્યો છે. રાજ્યમાં અત્યારે આરટી-પીસીઆર ટેસ્ટ માટે કેટલાક જિલ્લા મુખ્ય મથકે જ લેબ છે. આ લેબમાં એક સાથે લાખો સેમ્પલ આવી રહ્યા છે. તેથી પર્યાપ્ત સ્ટાફ અને સુવિધા ટાંચા પડવા માંડ્યા છે. જેને કારણે રિપોર્ટ આવવામાં મોડું થઈ રહ્યું છે. આ બાબતે વ્યાપક ફરિયાદો ઉઠી છે. તેથી રાજ્ય સરકારે સોમવારથી રાજ્યની ૨૬ શિક્ષણ સંસ્થાઓની માઈક્રોબાયોલોજી તથા બાયોટેક્નોલોજીની લેબોરેટરીઓમાં આરટી-પીસીઆર ટેસ્ટ કરવાનો નિર્ણય કર્યો છે. લગભગ એકાદ-બે દિવસમાં ૨૬ યુનિ.ની લેબમાં પરિક્ષણ શરૂ થઈ જતાં રિપોર્ટ મોડા આવવાની સમસ્યા દૂર થઈ જશે.

**રિપોર્ટ મોડા આવતા રાજ્યમાં સંક્રમણ વધી રહ્યું હોવાની ફરિયાદો**

## રાજકોટમાં પાંચમાં માળેથી છલાંગ લગાવીને કોરોનાગ્રસ્તનો આપઘાત

રાજકોટ: ગાંધીગ્રામ-૨ પોલીસની તપાસમાં બહાર આવ્યા પ્રમાણે નીરૂબેને કોરોના હોવાની શંકા પરથી રીપોર્ટ કરાવ્યો હતો. જે પોઝીટીવ આવતા સીવીલમાંથી બપોરે સમરસ કોવીડ હોસ્ટેલની બી-વીંગમાં પાંચમા માળે દાખલ કરવામાં આવ્યા હતાં. જે રૂમમાં શોભનાબેન નામનાં બીજા પણ પેશન્ટ હતાં. તેની સાથે ગઈકાલે રાત્રે ૧૨.૩૦ વાગ્યા સુધી નીરૂબેને વાતચીત કરી હતી ત્યારે પોતાને બઉ બિમારી છે મારે હવે અહીં રહેવું નથી તેવી વાત-ચીત કરી હતી. ત્યારબાદ બન્ને સુઈ ગયા હતાં. આ પછી બે વાગ્યાની આસપાસ નીરૂબેને ઉઠી પાંચમાં માળની બાલકની માંથી નીચે ઝંપલાવતા લોબીમાં પટકાયા હતાં. જેને કારણે સ્થળ પર જ તેનું મોત થયું હતું. પરોઢીએ ત્યાંનાં ડોકટરે જાણ કરતાં ગાંધીગ્રામ-૨ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે જણાવ્યું કે, આ ઉપરાંત રાજકોટમાં અન્ય ત્રણ કિસ્સામાં કુલ ત્રણ લોકોએ પોતાને કોરોના હોવાની શંકા જતા પોતે આત્મહત્યા કરી લીધી હતી. રાજ્યમાં હવે કોરોનાના ડરથી આપઘાતના કિસ્સા વધી રહ્યા છે.

**રાજકોટમાં કોરોનાના બે અને કોરોનાની શંકા પરથી એકની આત્મહત્યા**

## સંતરામપુર જેલમાં ૨૩ કેદી કોરોના પોઝિટિવ

સંતરામપુર: મહીસાગર જિલ્લા મથકે કાચા કામના કેદીઓને રાખવા જેલની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી જિલ્લાના ૬ તાલુકાના તમામ કેદીઓને સંતરામપુરની સબ જેલમાં રાખવામાં આવી રહ્યા છે. અહીં જેલની ક્ષમતા કરતા વધુ કેદીઓ રાખેલ છે. ત્રણ દિવસ પહેલા જ ૩થી ૪ કેદીઓની તબિયત લથડતા તમામના કોરોના ટેસ્ટ કરાવતા પોઝિટિવ આવ્યા હતા. જેથી અન્ય કેદીઓના પણ કોરોના ટેસ્ટ કરતા ૨૩ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. હાલ તમામને સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં આવેલ કોવિડ હેલ્થ સેન્ટરમાં દાખલ કરાયા છે. અહીં ક્ષમતા કરતા વધુ કેદી હોવાથી કોરોનાના નિયમોનું પાલન ન થતાં આટલી મોટી સંખ્યામાં કેદીઓ કોરોનાથી સંક્રમિત થયા છે.

## પાટનગરમાં સારવાર તો ઠીક, ટેસ્ટિંગનાં પણ ફાંફાં

ગાંધીનગર : ગાંધીનગરમાં હાલ સરકારી ટેસ્ટિંગ સેન્ટર ચાલી રહ્યા છે. જો કે બપોર સુધીમાં તમામ સેન્ટર પર ટેસ્ટિંગ કિટ ખાલી થઈ જાય છે. જેના કારણે લોકો ટેસ્ટિંગથી વંચીત રહે છે. જ્યારે બીજી તરફ ખાનગી લેબોરેટરીઓ દ્વારા સ્ટાફ કોરોના સંક્રમિત થઈ જતા કામકાજ કાં તો બંધ કરી દીધું છે કાં તો કોરોના સિવાયનાં ટેસ્ટ જ થાય છે. જેના કારણે નાગરિકોની સ્થિતી જાયે તો કહાં જાયે જેવી થઈ છે. સરકાર દ્વારા ખાનગી લેબોરેટરીમાં થતા આરટીપીસીઆ ટેસ્ટિંગની કિંમતમાં ઘટાડો કર્યો છે. ટેસ્ટનાં ભાવમાં ઘટાડાને કારણે પણ અનેક લેબોરેટરી દ્વારા ટેસ્ટ બંધ કરી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. જેના કારણે સરકારી ટેસ્ટિંગ સેન્ટર પર લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે.

## જૂનાગઢમાં સારવાર ન મળતાં દર્દીનું મોત

જૂનાગઢ: જૂનાગઢ સિવિલ હોસ્પિટલના તંત્રએ માનવતા નેવે મૂકી દીધી હોય તેમ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર માટે પ્રવેશ કરે ત્યારે ચાર ચાર કલાક સુધી આમતેમ રઝળપાટ કરાવતા એક દર્દીને સારવાર પહેલાં જ દમ તોડી દેતાં ભારે હોબાળો મચી ગયો હતો. દર્દીના પરિવારજનોએ તબીબો પર પોતાનો રોષ ઠાલવ્યો હતો. અંતે હોસ્પિટલના સત્તાધીશોએ પોલીસને બોલાવી હતી અને દર્દીના પરિવારજનોને દબાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલના નિષ્ફળ તંત્રની સામે દર્દીના પરિવારજનોમાં ભારોભાર રોષ ફાટી નીકળ્યો છે. અને આવા બેજવાબદારો સામે પગલાં ભરવાની માંગ ઉઠી રહી છે.

## લોકડાઉનની આવશ્યકતા હશે ત્યારે આપીશું: રૂપાણી

દાહોદ: દાહોદમાં CM રૂપાણીએ કોવિડ હોસ્પિટલની મુલાકાત બાદ પ્રેસ કોન્ફરન્સ કરીને લોકડાઉન અંગે માહિતી આપી હતી. તેઓએ નિવેદન આપતાં જણાવ્યું હતું કે, લોકડાઉનની આવશ્યકતા હશે ત્યારે આપીશું. લોકડાઉનથી લોકોને તકલીફ પડે છે. લોકોને બિનજરૂરી તકલીફ ન પડવી જોઈએ. રૂપાણીએ કહ્યું કે, લોકડાઉનની આવશ્યકતા વખતે નિર્ણય કરીશું. અત્યારે લોકડાઉનની કોઈ વાત નથી. ૨૪ કલાકમાંથી ૧૦ કલાકનો કરફ્યૂ ૨૦ શહેરોમાં લગાવાયો છે. અને જ્યાં કેસ વધશે ત્યાં કરફ્યૂ લાદવાનો નિર્ણય રાતોરાત કરશું. સવારના ૯થી સાંજના ૮ વાગ્યા સુધી લોકો આવશ્યક કામ કરી શકે તે માટે કરફ્યૂ લાદવામાં આવ્યો છે.

# ૭ દિવસમાં ૧૦૮ પર રેકોર્ડબ્રેક ૧.૮૩ લાખ લોકોએ મદદ માગી, દર કલાકે ૧૦૦૦ કોલ, ૯૯ ટકા કોલ્સ માત્ર કોવિડના

અમદાવાદ : ગુજરાતમાં કોરોનાના સસત વધતા જતા કેસો જનતા માટે ભયજનક સાબિત થઈ રહ્યા છે. એક તરફ સંક્રમણનું પ્રમાણ અત્યંત ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે, ત્યારે બીજી તરફ દર્દીઓને સારવાર આપવા માટે ગુજરાતમાં મેડિકલ સારવાર ખૂટી પડી છે. આ પ્રકારની કપરી સ્થિતિ વચ્ચે હાલમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ખૂબ જ મહત્ત્વની જવાબદારી નિભાવી રહી છે. છેલ્લા ૭ દિવસમાં જ ૧૦૮ કોલ સેન્ટર પર રેકોર્ડબ્રેક ૧.૮૩ લાખ કોલ્સ આવ્યા છે, જેમાંથી ૯૯ ટકા કોલ્સ માત્ર કોવિડને લગતા આવ્યા છે. ગુજરાતમાં હાલમાં અંદાજે ૬૬૦ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ માત્ર કોવિડ દર્દી માટે કાર્યરત છે, જે સતત ૨૪ કલાક અલગ-અલગ વિસ્તારોમાં દોડાદોડ કરી રહી છે. ૧૦૮ પર દરરોજ ૨૬ હજારથી વધુ કોલ્સ આવી રહ્યા છે, એટલે



કે દર કલાકે ૧૦૦૦થી વધુ લોકો ૧૦૮ પર કોલ કરી મદદ માગી રહ્યા છે, જેમાં સૌથી વધુ કોલ્સ અમદાવાદમાંથી કરવામાં આવે છે. ૧૦૮ની ટીમ એકસાથે ૧૦૦થી ૧૩૦ જેટલા કોલ્સ અટેન કરે છે.

દિવસે દિવસે કોલ્સની સંખ્યામાં વધારો થતાં સ્ટાફની પણ અછત સર્જાઈ રહી છે, જેને કારણે નવા સ્ટાફની પણ ભરતી કરવામાં આવી છે, જેને કારણે હવે સ્ટાફ રાઉન્ડ ધ ક્લોકમાં કામગીરી કરી રહ્યા છે, જેથી અન્યને આરામ મળી શકે. હાલની સ્થિતિ એવી છે એક મિનિટ પણ કોલ્સ બંધ નથી થતા. બીજી તરફ સિવિલ સહિતની હોસ્પિટલોમાં જગ્યાના અભાવે ૧૦૮ને કલાકો સુધી લાઈનમાં ઊભી રહેવું પડે છે, જેને કારણે પહેલા કોલ કર્યા ને ૫ મિનિટમાં આવતી ૧૦૮ હવે ૨થી ૩ કલાકે દર્દીને લેવા માટે આવે છે.

## મહેસુલ મંત્રીના અધિક અંગત સચિવનું નિધન

કોરોનાની બીજી લહેરે રાજ્યમાં હાહાકાર મચાવ્યો છે. સામાન્ય નાગરિકોની સાથે સરકારી બાબુઓમાં પણ કોરોનાનો અજગરી ભરડો જોવા મળી રહ્યો છે. અગાઉ કોરોનાને કારણે અનેક સરકારી કર્મચારીઓનાં મોત નિપજ્યા છે. તેવામાં વધુ એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. મહેસૂલ મંત્રી કૌશિક પટેલના અધિક અંગત સચિવ આત્મારામ પટેલનું નિધન થયું છે. જ્યારે નીતિન પટેલના અધિક અંગત સચિવ પણ કોરોનાથી સંક્રમિત થયા છે. રાજ્યમાં બીજી લહેરનો કોરોના ઘાતક સાબિત થયો છે. કોરોના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે. તો સાથે કોરોના વધારે જીવલેણ બનતાં દૈનિક ૧૦૦ લોકોથી વધારે લોકોનાં મોત થઈ રહ્યા છે. તેવામાં મહેસૂલ મંત્રી કૌશિક પટેલના અધિક અંગત સચિવ આત્મારામ પટેલ કે જેઓ થોડા દિવસો પહેલાં જ કોરોનાથી સંક્રમિત થયા હતા. અને તેઓની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી.

## આણંદમાં જાહેરનામાનો ભંગ કરી બર્થ-ડે ઉજવનાર બીજેપી પૂર્વ પ્રમુખ સામે ગુનો

- **અન્ય પૂર્વ પ્રમુખ સહિતના સામે રાત્રિ કરફ્યૂ અને જાહેરનામાના ભંગનો ગુનો નોંધી અટકાયત કરવા તજવીજ**

આણંદ : આણંદ શહેર સહિત રાજ્યના ૨૦ શહેરોમાં સરકાર દ્વારા કોરોના સંક્રમણ ખાળવા સાંજના ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીનો કરફ્યુ લાદવામાં આવ્યો છે પરંતુ આણંદ પાલિકાના પૂર્વપ્રમુખ વિજય પટેલે સાથીદારો સહિત ૪૦ જેટલા લોકો કરીને રાત્રિના ૧૨ના ટકોરે જાહેરમાં કેક કાપી બર્થ-ડેની ઉજવણી કર્યાનો વિડિયો સોશિયલ મિડીયામાં વાઈરલ થયા બાદ હરકતમાં આવેલી પોલીસે પાલિકાના પૂર્વ પ્રમુખ સહિત ભાજપના નેતાઓ સામે રાત્રિ કરફ્યૂ ભંગ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે.

આણંદ શહેરમાં છેલ્લા મહિનાથી કોરોનાએ અજગરી ભરડો લીધો છે ત્યારે સરકાર દ્વારા પણ કૂદકે ને ભૂસકે વધી રહેલા સંક્રમણને ખાળવા રાત્રિના ૮ થી સવારના ૬ વાગ્યા સુધી કરફ્યૂ લાદવામાં આવ્યો છે ત્યારે આણંદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વિજય પટેલ માસ્તરના જન્મદિવસની ઉજવણી રાત્રિ કરફ્યુના કડક અમલ વચ્ચે રાત્રે ૧૨ના ટકોરે કરી હોવાનો વિડિયો સોશિયલ મિડીયામાં વાઈરલ થતા શહેર ભરમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. એટલું જ નહીં સોશિયલ મિડીયામાં વાઈરલ વિડીયોમાં પૂર્વ પ્રમુખ અને સાથીદારો સહિત ૪૦ જેટલા લોકો ફટાકડા ફોડી કેક કાપીને રાત્રિ કરફ્યુ અને કોવિડની ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન કરતા હોવાનું દેખાઈ રહ્યું છે.

## વિરમગામમાં કોરોનાથી ૧ દિવસમાં ૧૮ લોકોનાં મોત

અમદાવાદ : વિરમગામ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં કોરોના દિન–પ્રતિદિન હાહાકાર મચાવી રહ્યો છે તેવામાં દિવસેને દિવસે કોરોના થી સારવાર દરમિયાન મૃત્યુઆંકમાં વધારો થઈ રહ્યો છે આજે વિરમગામ શહેર સહિત પંથકમાં કોરોનાની સારવાર દરમિયાન કુલ ૧૮ લોકોના મૃત્યુના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે મંગળવારે તારીખ ૨૧ એપ્રિલ ૨૦૨૧ ના રોજ સવારથી સ્મશાનમાં એક પછી એક અગ્નિદાહ અપાય રહ્યો છે.. ત્યારે આજરોજ વિરમગામ શહેર પુરાની સારવાર દરમિયાન કુલ ૧૪ લોકોના મૃત્યુ નિપજ્યા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૪ લોકોના મોતના સમાચાર પ્રાપ્ત થયા છે વિરમગામ શહેર વિસ્તારમાં અલગ અલગ વિસ્તારોમાંથી કુલ ૬ સ્ત્રી તેમજ ૮ પુરુષોના મોત નિપજ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ગામમાં વિરમગામ તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય બરકત ભાઈનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું.

## ગુજરાત અને રાજસ્થાનમાં RT-PCR ટેસ્ટના ચાર્જમાં કેમ તફાવત? : કોંગ્રેસ

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાના RT-PCR ટેસ્ટિંગ માટે વધારે પડતો ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. બીજી તરફ ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાનમાં RT-PCR ટેસ્ટની કિંમત ખૂબ જ ઓછી જોવા મળી રહી છે. ગુજરાતમાં ઝડપથી ફેલાઈ રહેલા સંક્રમણને જોતા રાજ્ય સરકારે ખાનગી લેબોરેટરીમાં RT-PCR ટેસ્ટિંગની કિંમતમાં નજીવો કરવાની જાહેરાત કરવામાં આવી છે.

જે અંતર્ગત હોસ્પિટલ કે ઘરે જઈને સેમ્પલ લેવાની સ્થિતિમાં ૨૦૦ રૂપિયા અને લેબોરેટરીમાં જઈને ટેસ્ટિંગ કરવાની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેનો અર્થ એ થયો કે, તમે લેબોરેટરીમાં જઈને RT-PCR ટેસ્ટ કરાવો, તો તમારે ૭૦૦ રૂપિયા ચૂકવવા પડશે. જેનો દર પહેલો ૮૦૦ રૂપિયા હતો. આજ રીતે ઘરે કે હોસ્પિટલેથી સેમ્પલ કલેક્ટ કરવાના રૂપિયા ૯૦૦ ચૂકવવા પડશે. જેના માટે પહેલા ૧૧૦૦ રૂપિયા લેવામાં આવતા હતા. નવો ભાવ આજથી સમગ્ર રાજ્યની લેબોરેટરીમાં લાગૂ થઈ ગયો છે. આ સિવાય રાજ્યની સરકારી લેબોરેટરીમાં RT-PCR ટેસ્ટ મફત કરવામાં આવી રહ્યો છે. હવે રાજસ્થાનમાં આજ RT-PCR ટેસ્ટ માટે માત્ર ૩૫૦ રૂપિયા વસૂલવામાં આવી રહ્યાં છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ટ્વીટ કરીને ગુજરાતમાં પણ RT-PCR ટેસ્ટની કિંમત ઘટાડીને રાજસ્થાનની જેમ ૩૫૦ રૂપિયા કરવાની માંગ કરી છે.

## સાબરકાંઠામાં વરઘોડા પર પોલીસની રેડ, વરરાજા સહિત ૧૭ સામે ફરિયાદ

સાબરકાંઠા : ગુજરાતમાં કોરોના સંક્રમણ વધતાં લગ્નમાં ૫૦ વ્યક્તિઓને જ મંજૂરી આપી છે. જે બાદમાં રાજ્યમાં હવે લગ્નપ્રસંગ અને વરઘોડામાં પોલીસ કાર્યવાહીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સાબરકાંઠાના પ્રાંતિજમાં વરઘોડા પર પોલીસે રેડ પાડી હતી. અને નિયમો ભંગ

બદલ ૧૭ લોકો સામે ફરિયાદ નોંધી હતી. અને ડીજે સહિતનો સામાન પણ લઈ ગયા હતા. પણ અમરેલી ભાજપ નેતા અમરિષ સાવલિયાના પુત્રના વરઘોડો પોલીસને દેખાયો ન હતો. અને ત્યાં લોકોએ ધામધૂમથી સંગીતના તાલે ડાન્સ કર્યો હતો. નિયમ લોકોને પ્રાંતિજના અમરાપુર ગામમાં ગત રોજ લગ્નપ્રસંગ યોજાયો હતો. જેમાં પોલીસની કોઈ પરમિશન લેવામાં આવી ન હતી. અને ૩૦૦થી વધારે લોકો એકઠાં થયા હતા. અને અહીં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સહિતનાં નિયમોનાં ધજાગરા ઉડાવ્યા હતા. જે બાદ પોલીસને જાણ થતાં પોલીસે વરઘોડા પર રેડ પાડી હતી. અને વરરાજા, વરરાજાના પિતા, ફોટોગ્રાફર, ઘોડાચાલક, મંડપ સહિતનાં ૧૭ લોકો સામે ફરિયાદ નોંધી હતી. અને ડીજે સહિતનો સામાન લઈ જવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહિસાગરમાં પણ લગ્નપ્રસંગમાં નિયમ ભંગ બદલ પોલીસે કાર્યવાહી કરી હતી. ખાનપુરના ભાદરોડ ગામ પાસે લગ્નમાં જતાં જાનૈયાઓ ભરેલી બે ગાડી પોલીસે જપ્ત કરી હતી. એટલું જ નહીં પણ ગાઈડલાઈન ભંગ બદલ ડીજે પણ જપ્ત કર્યું હતું.

## દ્વારકામાં પણ લોકડાઉન જાહેર, ૩૦મી એપ્રિલ સુધી તમામ બજારો બંધ

દ્વારકામાં આજથી લોકડાઉન લગાવવાનો નિર્ણય કર્યો છે. દ્વારકામાં કોરોના કેસો વધવાને કારણે સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો છે. તંત્ર સાથેની મીટિંગ બાદ વેપારીઓએ યાત્રાધામ દ્વારકામાં આજથી લોકડાઉન નિયમ અમલી બનાવ્યો છે. આગામી ૩૦ એપ્રિલ સુધી તમામ બજારો રહેશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે. રાજ્યમાં અગાઉ પણ અનેક નગરપાલિકાઓ અને તાલુકાઓ અને ગામ પંચાયતો દ્વારા સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. કોરોનાની ચેઈન તોડવા માટે હાલ લોકો લોકડાઉનને જ ઉપાય જણાવી રહી છે. દ્વારકા ઉપરાંત અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકામાં પણ આઠ દિવસ માટે સ્વયંભૂ સજ્જડ લોકડાઉનનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ૭ મહાનગરોમાં ૭૬૫થી વધુ મૃતદેહને સ્મશાને લવાયા, સરકારે કહ્યુ- ૯૦ મોત

ગાંધીનગર : અમદાવાદ, સુરત બાદ હવે જામનગરમાં પણ કોરોના થયા પછી મૃત્યુ પામતા દર્દીઓની સંખ્યા ત્રણ આંકડે પહોંચી રહી છે. બુધવારે સાત મહાનગરોમાં ૭૫૬થી વધુ મૃતદેહોને કોવિડ-૧૯ના પ્રોટોકોલ મુજબ અંતિમક્રિયા માટે સ્મશાને લઈ જવાયા હતા. જો કે, આરોગ્ય વિભાગ ૨૨ એપ્રિલની સાંજે ૭ શહેરોમાં કોરોનાને કારણે માત્ર ૯૦ દર્દીઓના જ મૃત્યુ થયાનું જાહેર કર્યુ હતુ. ગુજરાત સરકારના કોવિડ-૧૯ પોર્ટલ ઉપર ડાંગ, નવસારી, નર્મદા, તાપી અને પોરબંદર એમ પાંચ જિલ્લામાં સિંગલ ડિઝીટમાં મૃત્યુઆંક દર્શાવાયો છે. આ પાંચેય જિલ્લામાં કોરોના થયા પછી મૃત્યુ પામનારા નાગરીકોની હકિકત તદ્દન વિપરીત છે. બુધવારે જામનગર જિલ્લામાં સરકારે ૫૦૯ જેટલા નવા કેસ મળ્યાનું જાહેર કર્યુ હતુ. જ્યારે ૨૬૧ દર્દીઓ



ડિસ્ચાર્જ અટલે કે સાજા થયાનું અખબારી યાદીમાં કહેવાયુ હતુ. આ તથ્ય

વચ્ચે જામનગરમાં ૯૯ દર્દીઓના મૃત્યુ થાય છે. જે ડિસ્ચાર્જ સામે ૩૭.૯૩ ટકા જેટલો ઊંચો દર સુચવે છે. રાજ્યની અનેક હોસ્પિટલોમાં ઓક્સિજનના અભાવે કો-મોર્બિડ અને નાની વયના ગંભીર દર્દીઓ ઉપર જોખમ વધી રહ્યુ છે.

## રેમડેસિવિર : પાટિલ અને સંઘવીને બે સપ્તાહમાં જવાબ રજૂ કરવા હુકમ

ગુજરાતમાં રેમડેસિવિર ઈન્જેક્શનની અછત છે તેવામાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા સુરતમાં ૫ હજાર રેમડેસિવિરના વિતરણના મુદ્દે વિધાનસભાના વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી દ્વારા સી.આર.પાટીલ અને ધારાસભ્ય હર્ષ સંઘવી સામે તપાસ સમિતિ નિમીને યોગ્ય કાર્યવાહી કરવા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની રિટ અરજીની પ્રાથમિક સુનાવણી બાદ ચીફ જસ્ટીસની ખંડપીઠે કારણદર્શક નોટિસો કાઢીને બે સપ્તાહમાં જવાબ રજૂ કરવા હુકમ કર્યો છે. હાઈકોર્ટની ખંડપીઠે રાજય સરકાર, સુરતના પોલીસ કમિશનર, ડ્રગ્સ વિભાગના કમિશનરને નોટિસ ફટકારી છે. રાજકીય પક્ષના કાર્યાલયેથી ઈન્જેક્શનની વહેંચણીમાં ઘણાં કાયદાઓનો ભંગ થયો છે.

# ગેંગલીડર ચંદન ઝડપાતા જુના ખંડણી, અપહરણ કેસની ખુટતી કડીઓ જોડાશે

**• દમણના સોહેલ હિંગોરા અપહરણ-ખંડણી કેસની પણ તપાસ થશે**

સુરત : ઉમરગામના બિલ્ડરના અપરણ-ખંડણી કેસ તથા ગુજસીટોક એક્ટના ગુનામાં સંડોવાયેલા બિહારના કુખ્યાત ચંદન સોનાર ગેંગના આરોપી લીડર સહિત અન્ય આરોપીનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યા બાદ વલસાડ પોલીસે સુરતની ખાસ કોર્ટમાંથી ૧૪ દિવસના રિમાન્ડ મેળવી જુના અપહરણ-ખંડણી કેસ ઉપરાંત અન્ય ગુનાની તપાસ હાથ ધરી છે. મૂળ બિહારના વૈશાલી જિલ્લાના હાજીપુરના વતની કુખ્યાત ચંદન સોનાર ગેંગના ગેંગ લીડર ચંદ્રમોહન ઉર્ફે ચંદનકુમાર શ્યામનાથ ગુપ્તા તથા મૂળ બિહારના જહાનાબાદ જિલ્લાના વતની રાકેશકુમાર ઉર્ફે કરણસીંગ ઉર્ફે જોન શત્રુઘ્નસિંગનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવાયો છે. ગેંગ લીડર ચંદન સોનારની ગેંગ સામે ગુજરાત ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાં અપહરણ, મર્ડર, ખંડણી ઉઘરાવવાના અનેક ગુના નોંધાયા છે.

ઉમરગામના બિલ્ડર જીતેન્દ્ર પટેલના અપહરણ-ખંડણી કેસમાં ચંદન સોનારે પ્લાનીંગ કરી ગુના માટે વાહનો દિલ્હીથી રાજુ તથા સોનુ મારફતે અપાવ્યા હતા. સહઆરોપી રાકેશકુમાર ઉર્ફે કરણસિંગે ચંદન સાથે ભૂતકાળના ગુનામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જે પૈકી હાલના ગુનામાં રિમાન્ડ હેઠળ રહેલા આરોપી પપ્પુ ઉર્ફે ગૌરવ ચૌધરીને પૈસા આપ્યા હોવાનું તપાસમાં ખૂલ્યુ છે. ગેંગના નેજા હેઠળ અગાઉ સોહેલ હિંગોરાના દમણથી અપહરણ-ખંડણી કેસ સહિત અન્ય રાજ્યોના વણઉકેલ્યા ગુનાઓનો ભેદ પણ ખૂલે તેવી સંભાવના છે. ગેંગ લીડર ચંદન સોનાર અપહણ માટે ટીપ મળ્યા બાદ ગુનાની જગ્યાની રેકી કરી, ષડયંત્રનું પ્લાનિંગ કરતો હતો.

# એર ઇન્ડિયામાં ટિકિટોના કાળા બજાર US અને કેનેડાનું વન-વે ભાડું ૨ લાખ

અમદાવાદ- વંદે ભારત મિશન હેઠળ સ્પેશિયલ ફલાઈટ ઓપરેટ કરી રહેલી એર ઈન્ડિયામાં હજુ પણ વિદેશની ટિકિટોમાં કાળા બજાર થતી હોવાની ફરિયાદો યથાવત છે. ખાસ કરીને અમેરિકા અને કેનેડા જનાર ભારતીય સ્ટુડન્ટ તેમજ ઈમરજન્સી માં જનાર મુસાફરો પાસેથી એર ઈન્ડિયા ત્રણથી ચાર ગણા ભાડા વસૂલી રહી છે. એર ઈન્ડિયા દ્વારા થતા ટિકિટના કાળા બજાર પર રોક લગાવવા ગુજરાતના આઈટા એજન્ટોએ સોશિયલ મીડિયા અને ઈમેલ ના માધ્યમથી ઉડ્ડયન મંત્રાલય અને વડાપ્રધાનને રજુઆત કરી છે.

ગુજરાતમાંથી અમેરિકા અને કેનેડા જનાર સ્ટુડન્ટની સંખ્યા વધી રહી છે. વિદેશમાં અભ્યાસ માટે જનાર હજારો વિદ્યાર્થીઓ દેવું કરીને ઊંચા વ્યાજે રૂપિયા લાવીને પોતાની ફી ભરતા હોય છે ત્યારે કોરોના મહામારી વચ્ચે ફક્ત એર ઈન્ડિયા સ્પેશિયલ ફલાઈટ ઓપરેટ કરી રહી છે. મુસાફરો અને સ્ટુડન્ટ પાસે અન્ય એક કોઈ ફલાઈટ નો વિકલ્પ ન હોવાથી એર ઈન્ડિયા ગેર ફાયદો ઉઠાવી ટિકિટ ત્રણથી ચાર ગણા ભાડા વસુલી રહી છે. સામાન્ય રીતે અમેરિકા અને કેનેડાના વન વે ભાડા રૂ ૩૫થી રૂ ૭૦ હજારની આસપાસ ચાલી રહ્યા હતા.

# અમદાવાદમાં ઘરકંકાસમાં માતાએ પુત્રીની હત્યા કરીને પોતે પણ જીવન ટૂંકાવ્યું

અમદાવાદ- ઈસનપુર વિસ્તારમાં રવિવારે વહેલી સવારે માતા અને દોઢ વર્ષની દીકરીની ગળે ફાસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા માતા નિમિષા સોલંકીએ દોઢ વર્ષની બાળકી મૈત્રીને ગળે ફાસો આપી હત્યા કરી દીધી અને બાદમાં માતા આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું હોવાનું સામે આવ્યું હતું. માતાનું આ પગલું ભરવા પાછળનું કારણ ઘર કંકાસ હતું. જેથી પરિણીતાના સાસરિયા વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણા કરવાનો ગુનો નોંધી પોલીસે મૃતકના પતિ,સાસુ-સસરા સહિત ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના મતે રાત્રે આ પરિવારમાં ઝગડો થયો હતો અને ત્યારબાદ પરિવારના તમામ સદસ્યો ઉંઘવા ગયા ત્યારે પરિણીતાએ પુત્રીની હત્યા કરી પોતે આપઘાત કર્યો હતો અને જેથી બે અલગ અલગ ફરિયાદ નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

# સંતાન પોતાનું ન હોવાની શંકાથી પુત્રની હત્યા કરી દેનારા પિતાને આજીવન કેદ

**• પત્નીના ચારિત્ર પર શંકામાં પુત્રનું ગળું ચપ્પુથી કાપી નાંખ્યા**

સુરત : પત્નીના ચારિર્ત્ય પર શંકામાં પુત્રનું ગળું ચપ્પુથી કાપી નાંખ્યા બાદ પોતાના હાથમાં ઉપર ચપ્પુના ઘા મારી પલંગ નીચે છુપાઈ ગયો હતો આજથી ચાર વર્ષ પહેલાં પરવત ગામમાં પ્રેમ લગ્ન બાદ જન્મેલા પુત્ર પોતાનો ન હોવાનો વહેમ રાખીને હત્યા કરનાર આરોપી પિતાને એડીશ્નલ સેશન્સ જજ અદ્વૈત વ્યાસે ગુનામાં દોષી ઠેરવી આજીવન કેદ, રૂ.૧ હજાર દંડ તથા દંડ ન ભરે તો વધુ સાત દિવસની કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

પરવત ગામમાં ખાડી ફળીયામાં રહેતા આરોપી સંજય સુમન ચૌધરીએ વર્ષ-૨૦૧૩માં સોનલબેન સાથે પ્રેમ સંબંધ બાદ પ્રેમ લગ્ન કર્યા હતા. દાંપત્ય જીવન દરમિયાન એલેક્ષ નામના પુત્રનો જન્મ થયો હતો. પરંતુ પુત્રના જન્મ બાદ પતિ સંજયને પત્ની સોનલના ચારિર્ત્ય પર શંકા હતી અને એલેક્ષ પોતાનો પુત્ર ન હોવાનો વહેમ હતો. જેના મુદ્દે પતિ-પત્ની વચ્ચે મતભેદો થતાં અલગ અલગ રહેતા હતા. પતિ સંજયે સૂતેલા પુત્ર એલેક્ષનું ચપ્પુથી ગળું કાપી નાંખ્યું હતું. અને પોતાના હાથ પર ચપ્પુના ઘા મારી લોહીલુહાણ હાલતમાં ખાટલા નીચે સંતાઈ ગયો હતો.

# નશીલી દવા આપી ગેંગ રેપ કરતા યુવતીએ જીવ ગુમાવ્યો: ૩ બળાત્કારી હત્યારા પકડાયા

અમદાવાદ : એક મહિના પહેલાં જ નેપાળથી પતિ-બાળકો સાથે રહેવા આવેલી ૨૪ વર્ષની પરિણીતાને મકાન શોધવામાં મદદ કરવાના બહાને રિક્ષામાં ઉઠાવી જઈ ગેંગ રેપનું જઘન્ય કૃત્ય આચરાયું છે. યુવતીને નશીલી દવાની ૧૫ ગોળીઓ ત્રણ તબક્કે આપીને ક્રાઈમ બ્રાન્ચના બાતમીદાર, રાજુ સોલંકીના બહેરામપુરામાં ચામુંડાની ચાલી ખાતે આવેલા ઘરમાં આખી રાત બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ગેંગ રેપ દરમિયાન નશીલી દવાના ઓવરડોઝ અને મોઢામાં રુમાલનો ડૂચો ભરાવ્યો હોવાથી યુવતીનું મૃત્યુ નિપજતાં ત્રણ આરોપી નાસી છૂટયા હતા. રાજુ સોલંકીની ભાળ મેળવવા તેની બહેન આવી ત્યારે યુવતીનો સડેલો મૃતદેહ મળતાં દાણીલીમડા પોલીસને જાણ કરવામાં આવી હતી. મુખ્ય આરોપી રિક્ષાચાલક અને બાતમીદાર રાજુ સોલંકી ક્રાઈમ બ્રાન્ચમાં હાજર થઈ ગયો હતો.

# પવિત્ર માસ રમઝાનના ઉપવાસ (રોઝા)નો મહિમા તથા મહત્વતા



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

આરોગ્યના નિયમો અનુસાર ભોજન સમયે પેટ થોડુંક ખાલી રાખવું જરૂરી છે અને કયારેક ઉપવાસ પણ કરી લેવા જોઈએ. ઉપવાસનો ઉલ્લેખ જગતના લગભગ દરેક ધર્મમાં જોવા મળે છે અને દરેક ધર્મમાં ઉપવાસ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. એકંદરે કયારેક કયારેક ઉપવાસ કરવાથી આરોગ્ય પરિપૂર્ણ રહે છે.

ઈસ્લામ ધર્મમાં પણ નવમા ઈસ્લામી માસ "રમઝાન" માસના પુરા ઉપવાસ (રોઝા) ફરજીયાત છે. ઈસ્લામ ધર્મના પાંચ મૂળભૂત સિધ્ધાંતો કે સ્તંભો (અરકાન)માં રમઝાન માસના ઉપવાસ (રોઝા)નો પણ સમાવેશ થાય છે. આ ઉપવાસ (રોઝા) પુરા માસના એટલે કે ૨૯ અથવા ૩૦ દિવસના, આગામી નવા ચંદ્રના નીકળવાના આધારે હોય છે. રમઝાન માસના ઉપવાસ (રોઝા)ના ફરજીયાત હોવા વિષે કુરાન મજીદમાં આ પ્રમાણે બોધવચન આપવામાં આવેલ છેઃ-

"હે શ્રધ્ધાળુઓ, તમારા ઉપર (પવિત્ર માસ રમઝાનના) રોઝા ફરજીયાત કરવામાં આવ્યા છે, જેવી રીતે તમારા પહેલાની જ્ઞાતિઓ (કોમો-ઉમ્મતો) ઉપર ફરજીયાત કરવામાં આવ્યા હતા, જેથી તમે (રોઝા રાખવાના પ્રતાપે) સંયમિ (પરહેઝગાર) થઈ જાઓ (નઠારા કાર્યોથી દૂર રહો)," (પ્રકરણ ૨, શ્લોક ૧૮૩)

પવિત્ર રમઝાન માસની મહત્વતા એ વાસ્તવિકતાથી પણ વધી જાય છે કે આ પવિત્ર માસમાં મુસ્લીમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદ પાલનહાર અલ્લાહ તરફથી સમસ્ત માનવજાતના માર્ગદર્શન માટે ઉતારવામાં આવેલ છે. આ વિષે કુરાન મજીદમાં આ પ્રમાણે બોધવચન આપવામાં આવેલ છેઃ-

"રમઝાનનો (પવિત્ર) માસ તે છે, જેમાં કુરાન મજીદ ઉતારવામાં આવેલ છે, જે સમસ્ત માનવજાત માટે સંપુર્ણ માર્ગદર્શન છે, જેમાં માર્ગદર્શનની ખુલ્લી નિશાનીઓ છે, તથા તે (કુરાન મજીદ) સત્ય અને અસત્ય વચ્ચે ભિન્નતા (ફેર-ફરક) કરી દેનાર છે." (પ્રકરણ ૨, શ્લોક ૧૮૫)

પવિત્ર રમઝાનમાં જે શ્રધ્ધાળુઓ (મોમીનો) માંદગીની અવસ્થામાં અથવા મુસાફરીની અવસ્થામાં હોવાના કારણે ઉપવાસ (રોઝા) રાખવાની શકિત ન ધરાવતા હોય,તો તેમના માટે પાલનહાર અલ્લાહે સરળતા કરી આપેલ છે. આ વિષે પ્રકરણ ૨ ના શ્લોક ૧૮૫ માં જ આગળ આ અનુસાર કહેવામાં આવેલ છે- "પછી તમારામાંથી જે કોઈ આ પવિત્ર માસમાં હાજર હોય, તેણે આ પવિત્ર માસના રોઝા અવશ્ય રાખવા જોઈએ. અને જે કોઈ માંદો હોય અથવા મુસાફરીમાં હોય, તો તેણે અન્ય દિવસોમાં રોઝા રાખીને ગણતરી (સંખ્યા) પૂરી કરવી જોઈએ.

પાલનહાર અલ્લાહ તમારા માટે આદેશોમાં સરળતા ચાહે છે, અને તમારા માટે સખ્તાઈ નથી ચાહતો. અને આ ગણતરી (સંખ્યા) પૂરી કરો. અને તેણે તમારું માર્ગદર્શન કર્યુ છે, તેના માટે તમે પાલનહાર અલ્લાહની મ્હોટાઈ (બુઝુર્ગી) વ્યકત કરતા રહો અને તેનો આભાર માનતા રહો." (પ્રકરણ ૨, શ્લોક ૧૮૫નો છેલ્લો ભાગ). આ સરળતા તેવા શ્રધ્ધાળુઓ (મોમીનો) માટે છે, જેઓ માંદગીમાં અથવા તો મુસાફરીમાં હોય અને તે અનુસાર તેઓ પવિત્ર માસ રમઝાનના ઉપવાસ (રોઝા) ન રાખી શકતા હોય. તેમના માટે પાલનહાર અલ્લાહે એ સરળતા કરી આપેલ છે કે તેઓ માંદગીમાંથી ઊભા થઈને સાજા નરવા થઈ જાય તથા જેઓ મુસાફરીમાં હોય, તો જયારે તેઓ પોતાની મુસાફરી પુર્ણ કરી લે, ત્યાર પછી બાકી ન કરેલા ઉપવાસ (રોઝા) અન્ય દિવસોમાં રાખીને ઉપવાસ (રોઝા)ની ગણતરી (સંખ્યા) પૂર્ણ કરી લે અને આ રીતે પોતાના ઉપવાસ (રોઝા) ૨૯ કે ૩૦ પૂર્ણ કરી લે.

તે ઉપરાંત માંદા શ્રધ્ધાળુઓ માટે પણ પાલનહાર અલ્લાહે એક સરળતા કરી આપેલ છે, જેઓ અતિ અશકત, માંદા અને અનવરત માંદગીમાં રહેતા હોય. તેમના માટે સરળતા એ કરી આપવામાં આવેલ છે કે તેઓ પોતે ન રાખી શકેલ ઉપવાસ (રોઝા) ના બદલે કોઈ નિરાધાર, દરિદ્ર કે નિર્ધન ને ભોજન કરાવી દે. આ ભોજન કયા પ્રકારનું હોવું જોઈએ ? દરિદ્રો ખાતા હોય એવું કે ધનવાનો ખાતા હોય એવું ? આનો ઉત્તર એ છે કે ભોજન એ પ્રકારનું હોવું જોઈએ, જે શ્રધ્ધાળુ ( જે ઉપવાસ ન કરી શકેલ હોય ) પોતે દરરોજ ખાતો હોય તે પ્રકારનું. આ સરળતા વિષે કુરાન મજીદનું એક બોધવચન આ પ્રમાણે છે :

"અમુક ચોક્કસ દિવસો (પવિત્ર રમઝાન માસના, ૨૯ કે ૩૦)ના રોઝા રાખ્યા કરો. પણ તમારામાંથી કોઈ માંદો હોય અથવા મુસાફરીમાં હોય, તો તે અન્ય દિવસોમાં રોઝા રાખીને સંખ્યા પુર્ણ કરીલે. અને જેઓ રોઝા રાખવાની શકિત મુશ્કેલીથી ધરાવતા હોય, અને આ મુશ્કેલીના લીધે રોઝા ન રાખી શકે, તો તેના બદલે કોઈ નિરાધાર દરિદ્રને ભોજન ખવડાવી દે. પછી જે કોઈ સ્વેચ્છાએ આનાથી વધુ પુણ્ય કરે, તો તેના માટે શ્રેષ્ઠ છે. અને જો તમે રોઝાની મહત્વતા સમજતા હો, તો આ સ્થિતિમાં પણ રોઝો રાખવો વધુ શ્રેષ્ઠ છે." (પ્રકરણ ૨, શ્લોક ૧૮૪)

(ક્રમશઃ)

# કોરોનાની બીજી લહેર ૧૧થી ૧૫ મે વચ્ચે પીક ઉપર પહોંચવાની ભીતિ

નવી દિલ્હી : ભારતમાં જે ગતિથી કોરોનાના કેસ વધી રહ્યા છે તે હજુ પણ આગામી ૨૦ જેટલા દિવસો સુધી વધતા રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. વૈજ્ઞાનિકો દ્વારા ગણતરી કરવામાં આવી રહી છે કે ભારતમાં ચાલતી કોરોના મહામારીની બીજી લહેર ૧૧થી ૧૫ મે દરમિયાન પીક પર પહોંચી શકે છે, અને આ દરમિયાન એક્ટિવ કેસનો આંકડો ૩૩-૩૫ લાખ પર પહોંચી જશે.

ફેબ્રુઆરીના મધ્યથી જે રીતે કોરોનાના નવા કેસની સામે સાજા થનારા દર્દીઓનો આંકડો નીચો રહ્યો છે તેના કારણે એક્ટિવ કેસની સંખ્યામાં મોટો વધારો થઈ રહ્યો છે. ફેબ્રુઆરીની શરુઆતમાં જે એક્ટિવ કેસ ૧ લાખની અંદર પહોંચવાની તૈયારીમાં હતા તે હાલ ૨૩ લાખની (૨૨,૯૧,૪૨૮) નજીક પહોંચી ગયા છે. એક સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે કે હજુ દેશમાં આગામી ત્રણ અઠવાડિયા જેટલો સમય એક્ટિવ કેસની સંખ્યામાં સતત વધારો થતો રહેશે. જો હાલ જે સ્થિતિ છે તે પ્રમાણે પણ આગળના સમયમાં દેખાઈ તો મેના મધ્યમાં તે પહેલી લહેર દરમિયાન ૧૭ સપ્ટેમ્બરે એક્ટિવ કેસ ૧૦ લાખ પર પહોંચ્યા હતા હતા તેનાથી ત્રણ ગણા વધુ હશે. જે રીતે કેસ વધી રહ્યા છે તેને જોતા આગામી સમય માટે નવી પોલિસી સાથે તૈયાર રહેવું પડશે.

# નાસિકની હોસ્પિટલમાં ઓક્સિજન ટેન્ક લીક થતા ૨૨ દર્દીઓના મોત

મહારાષ્ટ્રમાં ઓક્સીનની ભારે અછતના કારણે કોરોનાના દર્દીઓના જીવ જાય છે. ત્યરે બીજી બાજુ રાજ્યના નાસિક શહેરમાં પણ ઓક્સિજનની ટેંકરમાંથી ઓક્સિજન લીક થઈ જવાથી ૨૨ કોરોનાના દર્દીઓના મોત નિપજ્યા છે. આ તમામ વેન્ટિલેટર પર સારવાર હેઠળ હતાં.

મહારાષ્ટ્રના નાસિકની જાકિર હુસેન હોસ્પિટલમાં ટેન્કમાંથી ઓક્સિજન લીક થતા ૨૨ લોકોના દર્દનાક મોત થયા છે. આ ઘટના આજે બપોરે બુધવારે બપોરે ૨ની આસપાસ ઘટી હતી. હોસ્પિટલ પરિસરમાં પડેલી ટેન્કમાંથી ઓક્સિજન લીક થવા લાગ્યું હતું અને તેને પરિણામે વેન્ટિલેટર સપોર્ટ પર રહેલા કોરોનાના દર્દીઓને ઓક્સિજન ઓછો મળવા લાગતા તેઓ તરફડવા લાગ્યા હતા. વેન્ટિલેટર પર કુલ ૨૩ દર્દીઓ હતાં જેમાં ૨૨ દર્દીઓ મોતને ભેટ્યા હતા. ૩૫ દર્દીઓની હાલત નાજૂક હોવાનું જણાવાયું હતું. ઘટના બની ત્યારે હોસ્પિટલમાં ૨૩૮ દર્દીઓ દાખલ હતા. ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર સતત ચાલુ છે. મોટી સંખ્યામાં દર્દીઓની સ્થિતિ ગંભીર બની રહી હોવાના કારણે અનેક રાજ્યોમાં ઓક્સીજનની અછત સર્જાઈ છે. આ દરમિયાન મહારાષ્ટ્રના નાસિકની એક હોસ્પિટલમાં મોટી દુર્ઘટના ઘટી છે. અહીંની ઝાકિર હુસૈન હોસ્પિટલમાં ઓક્સિજન ટેન્ક લીક થઈ ગઈ હતી.

# દેશમાં હવે ટ્રિપલ મ્યુટન્ટ કોરોના મહારાષ્ટ્ર અને બંગાળમાં વધુ કેસ

નવી દિલ્હી : છેલ્લા ૪૨ દિવસથી એક્ટિવ કેસોમાં વધારો થઈ રહ્યો છે. બીજી તરફ ભારતમાં હવે ટ્રિપલ મ્યૂટેંટ કોરોના વાઈરસ મળી આવ્યો છે. જેની મહારાષ્ટ્ર અને બંગાળમાં સૌથી વધુ અસર જોવા મળી રહી છે.

ઉત્તરાખંડમાં રાત્રી કરફ્યૂનો સમય લંબાવાયો, મહારાષ્ટ્રમાં વધુ ૬૨ હજાર, ઉ. પ્રદેશમાં ૨૯ હજાર અને દિલ્હીમાં ૨૮ હજાર કેસ જ્યારે જે નવા કેસો સામે આવ્યા છે તેમાં મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને રાજસ્થાન, ગુજરાત સહિત ૧૦ રાજ્યો એવા છે કે જ્યાં ૭૬ ટકા કેસો સામે આવ્યા છે.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬૨ હજાર નવા કેસો નોંધાયા છે, જ્યારે ઉત્તર પ્રદેશ ૨૯ હજાર કેસો સાથે બીજા ક્રમે છે. દિલ્હીમાં નવા ૨૮ હજાર કેસો નોંધાયા છે. અનેક રાજકારણીઓને હાલ કોરોના થઈ રહ્યો છે, મનમોહનસિંહ, રાહુલ ગાંધી, જિતેન્દ્રસિંહ, આનંદ શર્મા વગેરે બાદ હવે કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરીયાલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૬૧ વર્ષીય મંત્રીને કોરોનાને કારણે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

## વેક્સિન નીતિ નોટબંધી જેવી જ, લોકો લાઈનોમાં જ ઊભા રહેશે : રાહુલ

રાહુલ ગાંધીએ સરકારની કોરોનાની વેક્સિન નીતિની ટીકા કરી હતી તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારની વેક્સિન નીતિ નોટબંધી જેવી જ છે. તે નોટબંધીથી જેવી સ્થિતિથી વિશેષ કશું નથી. સરકારની વેક્સિન નીતિને કારણે ફક્ત ઉદ્યોગો અને ઉદ્યોગપતિઓને જ લાભ થશે. ઉદ્યોગપતિઓ ફુલશે ફાલશે જયારે લોકોને હાલાકી સહન કરવાનો વારો આવશે. કોંગ્રેસે વેક્સિન નીતિને ભેદભાવભરી અને વિસંગત જણાવી હતી. સરકારની વેક્સિન નીતિને રાહુલે નોટબંધી સાથે સરખાવી હતી.

# પશ્ચિમ બંગાળમાં કોરોનાના ટ્રિપલ મ્યુનટ સામે વેક્સિન બેઅસર રહી

કોલકાતા : બંગાળમાં પણ હવે કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. એવું પણ સામે આવ્યું છે કે, બંગાળમાં દેખાઈ રહેલો વાયરસ ત્રિપલ મ્યૂટેશન ધરાવે છે. વાયરસનું આ નવું સ્વરુપ વધારે ઝડપથી ફેલાઈ શકે છે, અને તે વધુ ઘાતક પણ છે. ઉલ્લેખનીય છે કે, દેશમાં ગયા મહિને ડબલ મ્યૂટન્ટ ટાઈપ વાયરસ દેખાયો હતો, જે હવે ટ્રિપલ મ્યૂટેશનમાં પરિણમી ચૂક્યો છે. બંગાળમાં કોરોનાનો જે પ્રકાર જોવા મળી રહ્યો છે તેને એક્સપર્ટ્સ 'બંગાળ સ્ટ્રેઈન' (બી.૧.૬૧૮) તરીકે ઓળખાવી રહ્યા છે. તેની ઘાતકતા અને ફેલાવાની ક્ષમતા ડૉક્ટરોની ચિંતા વધારી રહી છે. આ વાયરસ એવો છે કે તેને કદાચ માણસની રોગપ્રતિકારક શક્તિ ઓળખી શકે તેમ નથી. અગાઉ કોરોના થઈ ચૂક્યો હોય કે વેક્સિન લીધી હોય તેવા વ્યક્તિને પણ તેનો ચેપ લાગી શકે છે. જોકે, નવા પ્રકાર પર હજુ ઘણું રિસર્ચ કરવાનું બાકી છે. સીએસઆઈઆર-ઈન્સ્ટિટ્યૂટ ઓફ જેનોમિક્સ એન્ડ ઈન્ટેગ્રેટિવ બાયોલોજીના રિસર્ચર વિનોદ સ્કારિયાએ આ અંગે જણાવ્યું હતું કે, ડબલ મ્યૂટેશન ઉપરાંત વાયરસનું બંગાળ વેરિયંટ હાલના સમયમાં ઝડપથી ફેલાઈ રહ્યું છે.

## જોહ્નસન એન્ડ જોહ્નસને ભારતમાં વેક્સિનની ટ્રાયલની મંજૂરી માગી

નવી દિલ્હી : વિશ્વની અગ્રણી ફાર્મા કંપની જોહ્નસન એન્ડ જોહ્નસને આજે જણાવ્યું હતું કે તેણે ભારતના ડ્રગ રેગ્યુલેટર પાસે પોતાના સિંગલ ડોઝ કોવિડ-૧૯ વેક્સિનના ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી આપી છે. ઉલ્લેખનીય છે કે યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનએ ફેબ્રુઆરી મહિનામાં ઇમરજન્સી વપરાશ માટે વપરાતા જોહ્નસવન એન્ડ જોહ્નસનના કોવિડ-૧૯ વેક્સિનના સિંગલ ડોઝને મંજૂરી આપી હતી. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે જોહ્નસન એન્ડ જોહ્નસન આરોગ્ય સત્તાવાળાઓ અને વિશ્વના ટોચના વૈજ્ઞાાનિકો સાથે મળીને ઇમરજન્સી સમયમાં આ વેક્સિનના સિંગલ ડોઝનો ઉપયોગ કરવાના સમર્થનમાં જરૂરી ડેટા તૈયાર કરી રહી છે. ઉલ્લેખનીય છે કે ભારત સરકારે પણ ગયા સપ્તાહમાં જાહેરાત કરી હતી કે ડબ્લ્યુએચઓ અથવા અમેરિકા, યુરોપ, બ્રિટન કે જાપાનના રેગ્યુલેટરો દ્વારા મંજૂર કરેલી વેક્સિનને ભારતમાં ઉપયોગ કરી શકાશે.

# કોરોનાની બીજી લહેર તૂફાન, લોકડાઉન અંતિમ વિકલ્પ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવી દિલ્હી : ભારતમાં કોરોના વાઈરસનો રાફડો ફાટયો હોય તેમ દિવસે ને દિવસે કેસો વધી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દેશને સંબોધન કર્યુ હતું. મોદીએ રાત્રે ૮:૪૫ વાગ્યે પોતાનું ભાષણ શરૂ કર્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે કોરોનાની બીજી લહેર તૂફાન બનીને સામે આવી છે. જે પીડા દેશના લોકો સહન કરી રહ્યા છે તેનો મને અહેસાસ છે. આપણે હૌસલા અને તૈયારીઓ સાથે આ જંગ પણ જીતી જઈશું. સાથે મોદીએ એમ પણ કહ્યું કે લોકડાઉન અંતિમ વિકલ્પ છે.

રાજ્યોને સંદેશો આપતા મોદીએ કહ્યું કે જેટલુ શક્ય હોય તેટલુ લોકોમાં કોરોનાને ફેલાતો અટકાવવાની જાગૃતિ ફેલાવવામાં આવે કે જેથી દેશને લોકડાઉનથી બચાવી શકાય. હાલ દેશને કોરોનાની સાથે લોકડાઉનથી પણ બચાવવાનો છે. રાજ્ય સરકારો પણ લોકડાઉનને અંતિમ વિકલ્પ માનીને ચાલે. લોકોને અપીલ કરતા મોદીએ કહ્યું કે ઘરમાં એવો માહોલ બનાવો કે બહાર નિકળવાની જરુર જ ના પડે. હાલ લોકડાઉનને અંતિમ વિકલ્પ માનીને ચાલવું જોઈએ અને સૌથી વધુ ધ્યાન માઈક્રો કન્ટેનમેંટ ઝોન પર આપવું જોઈએ.

## કોંગી નેતા એ.કે. વાલિયાનું નિધન, સીતારામ યેચુરીના યુવાન દીકરાનું પણ મોત

દિલ્હીમાં કોરોનાથી મૃત્યુ પામનારા લોકોનો આંકડો વધતો જઇ રહ્યો છે. હવે દિલ્હી કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી અશોક કુમાર વાલિયા (એ.કે. વાલિયા) પણ કોરોનાની ઝપટમાં આવી ગયા. ૭૨ વર્ષની ઉંમરમાં એ.કે. વાલિયાનું દિલ્હીની અપોલો હૉસ્પિટલમાં મોડી રાત્રે ૧ વાગ્યે ૩૦ મિનિટ પર નિધન થઈ ગયું. તેઓ છેલ્લા ત્રણ દિવસથી કોરોના સામે લડી રહ્યા હતા. દિલ્હી કૉંગ્રેસના અધ્યક્ષ અનિલ કુમારે ટ્વીટ કરીને કહ્યું કે, "અપાર દુ:ખની સાથે સૂચિત કરવું પડી રહ્યું છે કે અમારા દિલ્હી કૉંગ્રેસના લોકપ્રિય નેતા તેમજ પૂર્વ મંત્રી દિલ્હી સરકાર ડૉ. અશોક કુમાર વાલિયાજીનો આજે ૨૨-૦૪-૨૦૨૧ના કોરોના બીમારીના કારણે ઇન્દ્રપ્રસ્થ અપોલો હૉસ્પિટલમાં સ્વર્ગવાસ થયો છે.' સીપીઆઇ (માર્ક્સવાદી) નેતા સીતારામ યેચુરીના દીકરા આશીષનું પણ કોરોનાના કારણે નિધન થઈ ગયું છે.

## ઓરિસ્સાના તમામ શહેરી વિસ્તારોમાં ૨૪ એપ્રિલથી વીક એન્ડ શટડાઉન

ઓડિશામાં નવિન પટનાયક સરકારે ૨૪ એપ્રિલથી તમામ શહેરી વિસ્તારોમાં વીકએન્ડ શટડાઉન લાગુ કરવાની જાહેરાત કરી છે. અત્યારે રાજ્યના ૧૦ જિલ્લાના શહેરી વિસ્તારોમાં વીકએન્ડ લોકડાઉન અમલમાં છે. ઇન્ટ્રા સ્ટેટ ટ્રાન્સપોર્ટમાં નિયંત્રણો લદાયાં છે. જિલ્લાની બસોમાં બેઠક જેટલાં જ પ્રવાસી બેસાડી શકાશે. મધ્યપ્રદેશના ઉજ્જૈન અને હોશંગાબાદમાં ૩૦ એપ્રિલના સવારના ૬ કલાક સુધી સંપુર્ણ લોકડાઉનની જાહેરાત કરાઇ છે. તે ઉપરાંત ગુનામાં ૨૬ એપ્રિલ સુધી લોકડાઉન લદાયું છે. અનુપપુરમાં ૩ મે સુધી લોકડાઉનની જાહેરાત કરાઇ છે. ઇન્દોર, ભોપાલ અને દતિયામાં લગ્નને પરવાનગી આપવાનો ઇનકાર કરી દેવાયો છે.

## ભોપાલમાં હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી જતાં ૧૦ કોરોના દર્દીનાં મોત

ભોપાલ : મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પીપલ્સ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે ઓક્સિજનની અછત સર્જાતાં ઓછામાં ઓછા ૧૦ દર્દીનાં મોત થયાં હતાં. સોમવારે વહેલી સવારે હોસ્પિટલના ડી બ્લોકમાં ઊભા કરાયેલા કોવિડ વોર્ડમાં અચાનક ઓક્સિજનનું પ્રેશર ઘટી જતાં આઇસીયુમાં રખાયેલા કોરોનાના દર્દીઓ શ્વાસ માટે તરફડિયા મારવા લાગ્યાં હતાં. હોસ્પિટલના સત્તાવાળાઓએ જિલ્લા વહીવટીતંત્રને તાત્કાલિક જાણ ન કરતાં ૧૦ દર્દીઓને જીવ ગુમાવવો પડયો હતો. અધિકારીઓએ તાત્કાલિક હોસ્પિટલમાં ઓક્સિજનના જમ્બો સિલિન્ડર મોકલી આપતાં મોટી જાનહાનિ ટળી હતી. જો ઓક્સિજન તાત્કાલિક મોકલી ન અપાયો હોત તો આઇસીયુમાં દાખલ કરાયેલા ૪૦ દર્દીઓનાં મોત થયાં હોત.

## દિલ્હીમાં સેંકડો દર્દીઓનો જીવ સંકટમાં, હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત

દલ્હીમાં કોરોના વાયરસનાં વધી રહેલા કેસ વચ્ચે શહેરની હોસ્પિટલોમાં ઓક્સિજનની અછતનાં કારણે હાહાકાર મચી ગયો છે, દિલ્હી સરકારે જણાવ્યું કે શહેરની ઘણી હોસ્પિટલોમાં માત્ર કેટલાક કલાકો ચાલે તેટલો જ ઓક્સિજન બચ્યો છે, મુખ્ય પ્રધાન કેજરીવાલે પણ કેન્દ્ર સરકાર પાસે મદદ માંગી છે, દિલ્હીનાં આરોગ્ય પ્રધાન સત્યેન્દ્ર જૈને ટ્વીટ કરીને જણાવ્યું કે દિલ્હીની તેગ બહાદુર હોસ્પિટલમાં માત્ર ૪ કલાક ચાલે તેટલો જ ઓક્સિજન બચ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ અરવિંદ કેજરીવાલ પણ ક્વોરેન્ટાઈન થઈ ગયા છે. સુનીતા કેજરીવાલ પણ ઘરે આઈસોલેટ થઈ ગયા છે.

## કર્ણાટકના એક ગામમાં ૧૪૪ જણા કોરોના પોઝિટિવ, તંત્રમાં દોડધામ

કોરોના વાયરસનું બદલાયેલું સ્વરુપ કેટલું ખતરનાક છે તે કર્ણાટકના એક ગામમાં જોવા મળ્યું છે. રાજ્યના બેલગાવી જિલ્લાના આબનાલી ગામની અડધી વસ્તીને વાયરસનો ચેપ લાગી ગયો છે. વળી, આ લોકોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે. આબનાલી ગામની વસ્તી ૩૦૦ છે, જેમાંથી ૧૪૪ લોકોનો એન્ટિજેન ટેસ્ટ કરાયો હતો અને તમામનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જે લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે તેમાંના મોટાભાગના મહારાષ્ટ્રમાં કામ કરતાં મજૂરો છે. મહારાષ્ટ્રમાં કડક નિયંત્રણો લાદી દેવાયા બાદ આ લોકો ગામ પરત ફર્યા હતા, પરંતુ તેઓ પોતાની સાથે કોરોનાનું ઈન્ફેક્શન પણ લઈ આવ્યા છે. આ નાનકડા ગામના લોકો મોટાભાગે મહારાષ્ટ્ર કે ગોવા કામકાજ માટે જતાં હોય છે.

# પ. બંગાળમાં છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં ૩ સ્થળે બોંબથી હુમલા, એકનું મોત

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના મતદાન પહેલા મંગળવારે રાજ્યમાં ૩ જગ્યાએ બોમ્બ વડે હુમલો થયો હતો. મતદાન પહેલા થયેલા વિસ્ફોટોના કારણે ફરી એક વખત ભયનું વાતાવરણ સર્જાયું હતું. છઠ્ઠા તબક્કાનું મતદાન થવાનું હતુ તે ક્ષેત્રોમાં જ બોમ્બ વિસ્ફોટની ઘટના બની હતી. વિસ્ફોટની આ ઘટનાઓમાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો છે.



ઉત્તર ૨૪ પરગણાના ટીટાગઢ ખાતે આવેલા ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ક્રુડ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ અંગે જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને કાટમાળ નીચે દટાયેલા બે લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. તે પૈકીના ૨૮ વર્ષીય એક શખ્સનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ઉપદ્રવીઓએ બૈરકપુર વિધાનસભા ક્ષેત્રમાં આવતા ટીટાગઢમાં જ અન્ય એક સ્થળે પણ કાચા બોમ્બ ફેંક્યા હતા. આ જગ્યા ભાજપના નેતા સંતોષ જેનાના ઘરની નજીક છે. પોલીસે બુધવારે તે વિસ્તારમાંથી બે જીવીત ક્રુડ બોમ્બ જપ્ત કર્યા હતા. આ બંને ઘટના બાદ ક્ષેત્રમાં ભારે તણાવ વ્યાપ્યો હતો. ભાટાપારા ખાતે પણ મંગળવારે મોડી રાતે બોમ્બ વિસ્ફોટની ઘટના બની હતી. આ ક્ષેત્ર ભાજપના સાંસદ અર્જુન સિંહનો ગઢ ગણાય છે. તેઓ પહેલા ટીએમસીના સદસ્ય હતા.

# વિદેશમાંથી ઓક્સિજન કન્ટેનર્સ લાવવા વાયુસેનાની મદદ લેવાશે

નવી દિલ્હી : દેશમાં કોરોના સંકટ વચ્ચે ઓક્સિજનની તંગી વર્તાઈ રહી છે. આ બધા વચ્ચે વિદેશથી ઓક્સિજન કન્ટેનર્સ લાવવા માટે હવે વાયુ સેનાની તૈનાતી કરવામાં આવશે. જાણવા મળ્યા મુજબ અન્ય દેશોમાંથી ઓક્સિજન કન્ટેનર્સ લાવવા માટે કેન્દ્ર સરકાર વાયુ સેનાની મદદ લઈ શકે છે. સરકાર વિદેશથી કન્ટેનર્સ લાવવા માટે ભારતીય વાયુ સેનાના ઉપયોગનો વિકલ્પ શોધી રહી છે. આ સંજોગોમાં દેશમાં ઓક્સિજન સપ્લાય પૂરો પાડવા કન્ટેનર્સ લાવવા વાયુ સેનાનો ઉપયોગ થઈ શકે છે.

જાણવા મળ્યા મુજબ ઓક્સિજન ઉપલબ્ધ છે પરંતુ તેને લઈ જવા માટે વપરાતા કન્ટેનર્સની તંગીના કારણે ટ્રાન્સપોર્ટેશન એક મોટી સમસ્યા છે. આ સંજોગોમાં વાયુ સેનાની મદદથી કન્ટેનર્સને વિદેશથી લાવવામાં આવશે. ભારતીય વાયુ સેનાએ કોરોના સંકટ દરમિયાન દેશના વિવિધ વિસ્તારોમાંથી ઓક્સિજન કન્ટેનર, સિલિન્ડર, દવા, હેલ્થ ઉપકરણ વગેરેના સપ્લાયમાં મદદ કરી છે. દિલ્હીના કોવિડ કેન્દ્રો માટે બેંગલુરૂથી ડીઆરડીઓના ઓક્સિજન કન્ટેનર્સને પણ એરલિફ્ટ કરવામાં આવ્યા છે. ડીઆરડીઓ પણ હોસ્પિટલ વગેરેના નિર્માણમાં સહયોગ આપી રહ્યું છે.

# GST હેઠળની ટાંચની સત્તાનો ઉપયોગ તકેદારીપુર્વક થવો જોઇએ : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સર્વોચ્ચ અદાલતે જીએસટી કાયદા હેઠળ મળતી પ્રોવિઝનલ એટેચમેન્ટ (ટાંચ)ના આદેશ કરવા મળતી સત્તા ખુબ જ કઠોર હોવાનું જણાવીને ભારપુર્વક જણાવ્યું હતું કે આવા આદેશને સત્તાવાળાને મનફાવે તેમ આપવાને ભરોસે ના રાખી શકાય. ન્યાયમૂર્તિ ધનંજય વાય. ચંદ્રચૂડ અને એમ.આર.શાહની બનેલી બેન્ચે ભારપુર્વક જણાવ્યું હતું કે ટાંચ મુકતા આવા તમામ આદેશ જીએસટી કાયદામાં ઉલ્લેખિત તમામ તકેદારીરૂપ પ્રક્રીયાનું પાલન કરતા હોવા જોઈએ.

બેન્ચે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે વેરો વસુલ કરવાનો હોય તેવી વ્યક્તિની બેન્ક ખાતા સહિતની મિલકતો પર ટાંચના આદેશ કરવાની સત્તાની જોગવાઈ ખુબ જ કઠોર જોગવાઈ છે. આવા આદેશ કરતી વખતે સમગ્ર કાયદેસરની પ્રક્રીયા અને શરતોનું પાલન થાય તેની તકેદારી રખાવી જોઈએ. કોર્ટે એ બાબત તરફ ધ્યાન દોર્યું હતું કે કર ભરનારી વ્યક્તિ પર મિલકતો પર ટાંચ મુકવાનની જોગવાઈના ગંભીર પરિણામો પડી શકે છે. સ્થાવર મિલકત પર ટાંચ મુકાતા તેની સામે સ્થાન છોડવું પડે તેવી સ્થિતી સર્જાય છે અને બેન્ક ખાતા પર ટાંચ મુકવામાં આવે તો વ્યક્તિ તેનું બેન્ક ખાતુ ઓપરેટ કરી શકતો નથી.

# હરિયાણાની એક હોસ્પિટલમાંથી રસીના ૧૬૦૦ ડોઝની ચોરી કરી તસ્કરો ફરાર

ચંદીગઢ : કોરોનાના સંક્રમણ વચ્ચે રસીકરણ અભિયાનને વેગ આપવાની જાહેરાતો થઈ રહી છે અને બીજી તરફ કોરોનાની વેક્સીન તસ્કરોના નિશાના પર આવી ગઈ છે.

હોસ્પિટલમાંથી કોરોના વેક્સીન ચોરી થવાની બીજી ઘટના હરિયાણામાં બની છે. અહીંના જીંદ જિલ્લાની હોસ્પિટલના સ્ટોરમાં મુકવામાં આવેલા કોરોના વેક્સીનના ૧૬૦૦ જેટલા ડોઝ ચોરી થઈ ગયા છે. જેમાં ૧૨૦૦ જેટલા કોવિશીલ્ડ અને ૪૦૦ જેટલા કોવેક્સીનના ડોઝ સામેલ છે. આ ઘટનાની જાણકારી આજે સવારે નવ વાગ્યે હોસ્પિટલ સત્તાધીશોને



મળી હતી. હોસ્પિટલના સ્ટોરના તાળા તુટેલા જોઈને અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. ડિપ ફ્રિજમાંથી વેક્સીન સ્ટોક ગાયબ હતો. જોકે હોસ્પિટલમાં મુકાયેલી ૫૦,૦૦૦ રુપિયાની રોકડ રકમ સુરક્ષિત છે. આ બાબતે છેવટે પોલીસને જાણ કરવામાં આવી હતી. હવે પોલીસ મામલાની તપાસ કરી રહી છે.હોસ્પિટલ સત્તાધીસોએ કહ્યુ હતુ કે, હાલમાં હોસ્પિટલ પાસે ૧૬૦૦ જેટલા રસીના ડોઝ ઉપલબ્ધ છે પણ ગુરુવારે બપોર સુધી બંને વેક્સીનના ૧૦૦૦-૧૦૦૦ ડોઝ આવી જશે. હોસ્પિટલમાં વેક્સીન નહીં હોવાના અહેવાલો પણ વહેતા થયા હતા. જેને હોસ્પિટલ સત્તાધીશોએ રદિયો આપ્યો હતો. અને કહ્યુ હતુ કે, પૂરતા પ્રમાણમાં વેક્સીન સ્ટોક ઉપલબ્ધ છે. દરમિયાન પોલીસે ચોરી કરનારાઓનુ પગેરુ મેળવવા માટે ફિંગર પ્રિન્ટ એક્સપર્ટનો પણ ઉપયોગ કર્યો છે.

# નૌકાદળે કેરળના કાંઠેથી રૂપિયા ૩૦૦૦ કરોડનું ૩૦૦ કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યું

- **પાકિસ્તાન કાંઠેથી નાર્કોટીક્સ ભારત, શ્રીલંકા, માલદિવ્સ માટે રવાના થયું હતું : ૫ ક્રૂની કોચીમાં ઉલટ-તપાસ**

કોચી : કેરળના કાંઠેથી નૌકાદળે ૩૦૦ કિલોગ્રામ જેટલું નાર્કોટિક ડ્રગ્સ ઝડપી પાડયું છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેની કિંમત રૂપિયા ૩ હજાર કરોડ જેટલી મોટી થવા જાય છે. ડ્રગ્સનો આ અતિ મોટો જથ્થો કહી શકાય. નૌકાદળે જણાવ્યું હતું કે પેટ્રોલિંગ જહાજ આઈએનએસ સુવર્ણા અરબ સાગરમાં છાનબીન કરતું હતું ત્યારે તેના ધ્યાને એક શંકાસ્પદ માછીમારી હોડી આવી હતી. તેની તપાસ કરતાં તેમાંથી ડ્રગ્સ મળ્યું હતું.

આ હોડી શ્રીલંકાની છે અને તેના પાંચ માછીમારો પણ શ્રીલંકન છે. તેમની ધરપકડ કરી વધુ તપાસ માટે કોચી લવાયા છે. કિંમતની દૃષ્ટિએ આ મોટો જથ્થો પાકિસ્તાનના મકરાણ કાંઠેથી રવાના થયો હતો. એ જથ્થો ભારત, શ્રીલંકા અને માલદિવ્સ પહોંચાડવાનો હતો. કાંઠે લવાયેલા માછીમારોની નૌકાદળ, નાર્કોટિક્સ બ્યુરો અને અન્ય તપાસ એજન્સીઓ દ્વારા પૂછપરછ થઈ રહી છે. નૌકાદળના નાર્કોસ કમાન્ડોએ આ હોડીને ઘેરી લઈ ડ્રગ્સ પકડી પાડયું હતું. સમુદ્ર કાંઠે ૨૦ કિલોમીટર પછીના વિસ્તારમાં નૌકાદળના જહાજો પેટ્રોલિંગ કરતાં હોય છે. ૨૦ કિલોમીટર સુધીનો વિસ્તાર કોસ્ટ ગાર્ડના તાબામાં હોય છે. નૌકાદળના સર્વેલન્સ જહાજ આઈએનએસ સુવર્ણાના ધ્યાને આવ્યું હતું કે મધદરિયે એક હોડી શંકાસ્પદ હિલચાલ કરી રહી છે. પરંતુ એક્ઝેટ હોડી ક્યાંથી મળી તેની જાણકારી નૌકાદળે આપી ન હતી.

# કોરોનાના કેર વચ્ચે ૨૦,૦૦૦ ખેડૂતોની આંદોલન માટે નવી દિલ્હી તરફ કૂચ

નવી દિલ્હી : દેશમાં ચારેતરફ કોરોના મોતનું તાંડવ કરી રહ્યો છે અને દિલ્હીમાં કાળોકેર વર્તાવ્યો છે ત્યાં કૃષિ કાયદા મુદ્દે આંદોલને ચડેલા ખેડૂત નેતાઓ દ્વારા ફરી આ ઝુંબેશને વેગ આપવાનો પ્રયાસ કરાયો છે. ૨૪ એપ્રિલે કૃષિ કાયદા વિરોધી ખેડૂત આંદોલનને ૧૫૦ દિવસ થતાં હોવાથી ખેડૂત યૂનિયનોના નેતાઓ દ્વારા 'ફિર દિલ્હી ચલો'નું આહ્વાન કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ખેડૂત નેતાઓના આહ્વાન પછી પંજાબના ૧૬૫૦ ગામડાઓમાંથી અંદાજે ૨૦,૦૦૦ ખેડૂતો દિલ્હીમાં રેલીમાં જોડાવા માટે નીકળી ગયા છે. તેઓ ટિકરી સરહદેથી દિલ્હીમાં આવીને વિવિધ સ્થળે ખેડૂત યુનિયનો સાથે જોડાશે. સૂત્રોના મતે આ ખેડૂતોમાંથી મોટાભાગના ભારતીય કિસાન યૂનિયન (ઉગ્રહન) સાથે સંકળાયેલા છે. ભારતીય કિસાન યૂનિયન (એકતા-ઉગ્રહન)ના મહાસચિવ સુખદેવસિંહે જણાવ્યું કે, પુરુષો અત્યારે ખેતરોમાં વ્યસ્ત છે અને તેથી જ મહિલાઓ, કિશોરો અને બાળકોને મોટી સંખ્યામાં દિલ્હી બોલાવાયા છે. છેલ્લાં કેટલાક સમયથી લોકો ખેતીમાં જોડાઈ જવાથી તથા કોરોનાના વધતા કેસના કારણે ખેડૂત આંદોલનના મુદ્દાથી થોડા દૂર જતા રહ્યા હતા.

# પીએમ મોદી આગામી મહિને પોર્ટુગલ અને ફ્રાંસના પ્રવાસે જાય તેવી સંભાવના

દેશમાં કોરોના વાયરસના કારણે ભયાવહ સ્થિતિ છે. દેશમાં હાલમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૦ લાખને પાર થઈ ગઈ છે. જેની વચ્ચે હવે એવી ખબર આવી છે કે, આગામી મહિને પીએમ મોદી પોર્ટુગલ અને ફ્રાંસના પ્રવાસે જઈ શકે છે. જોકે તેના પર અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. આ મુદ્દે હજી સુધી વિદેશ મંત્રાલય તરફથી કોઈ નિર્ણય લેવાયો નથી અને કોઈ સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવી નથી. જોકે સૂત્રોનુ કહેવુ છે કે, આ વિદેશ પ્રવાસ અંગેની તૈયારીઓ પૂરી થઈ ગઈ છે અને વડાપ્રધાનના પ્રવાસ પહેલા પ્રોટોકોલ પ્રમાણે એડવાન્સ ટીમોએ જરુરી અભ્યાસ પણ કરી લીધો છે. હાલમાં તો પીએમ મોદી કોરોનાના પ્રકોપને લઈને સબંધિત પક્ષો સાથે એક પછી એક બેઠક કરી રહ્યા છે. આમ તો ૮ મેના રોજ પીએમ મોદીને પોર્ટુગલ જવાનુ છે.

# ૧૭ હજાર ફીટ ઊંચી ભારત સરહદે ચીને લોંગ રેન્જ રોકેટ લૉન્ચર ગોઠવ્યા

- **ચીન મુદ્દે મોદી દેશ સમક્ષ ખોટું બોલે છે : સુબ્રમણ્યમ સ્વામી**

નવી દિલ્હી : ચીને ભારત સાથેની સરહદે ૧૭ હજાર ફીટ ઊંચાઈએ લોન્ગ રેન્જ રોકેટ લૉન્ચર ગોઠવ્યા છે. ચીની સરકારના અખબાર પીએલએ ડેઈલીએ આ સમાચાર પહેલા પાને રજૂ કર્યા હતા. ચીન સરકારે આ સમાચાર દ્વારા ભારતને આડકતરો સંદેશો આપ્યો હતો કે સરહદે તમે ધારો છો એવી શાંતિ સ્થપાઈ નથી. ભારત-ચીન બન્ને પેંગોગ કાંઠેથી સૈન્ય પાછુ ખેંચી ચૂક્યા છે. પણ અન્ય સ્થળેથી ખસવા ચીન તૈયાર નથી. એટલે ઉત્સાહભેર શરૂ થયેલી ડિસએન્ગેજમેન્ટ (સૈન્ય પાછુ ખેંચવાની પ્રક્રિયા) અત્યારે તો અટકી પડી છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ અંગ્રેજી અખબાર ઈન્ડિયન એક્સપ્રેસનો અહેવાલ ટાંકીને ટ્વિટ કરી હતી કે ચીન સાથેની સમજૂતી મુદ્દે મોદી દેશ સાથે ખોટું બોલી રહ્યા છે. ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ રજૂ કર્યો હતો કે ચીની સૈન્ય હજુ વિવાદિત સ્થળોએ અડગ છે અને પાછું હટવા માંગતુ નથી. આ સ્થળોમાં ગોગરા, હોટ સ્પ્રિંગ, દેપસાંગ વગેરે પોસ્ટનો સમાવેશ થાય છે. જ્યારે મોદી સરકાર કહે છે કે ચીને મે ૨૦૨૦માં જ્યાં જ્યાં ઘૂસણખોરી કરી હતી ત્યાંથી એ પરત ફર્યું છે અથવા ફરવા તૈયાર છે.

# સરકારે એપ્રિલ-૨૦થી જાન્યુ. ૨૦૨૧ વચ્ચે ૯,૦૦૦ ટન ઓક્સિજનની નિકાસ કરી

નવી દિલ્હી : ભારતમાં કોરોના મહામારીના સેકન્ડ વેવના હાહાકાર વચ્ચે કોરોના દર્દીઓમાં ઓક્સિજનની માગમાં તીવ્ર ઉછાળો થયો છે જેના કારણે સંખ્યાબંધ રાજ્યો મેડિકલ ઓક્સિજનની તીવ્ર અછતનો સામનો કરી રહ્યાં છે. સરકારી આંકડા કહે છે કે દેશમાં કોરોના મહામારીનો પ્રથમ વેવ શરૂ થયો તે એપ્રિલ ૨૦૨૦થી સેકન્ડ વેવના પડઘમ સંભળાવા લાગ્યા તે જાન્યુઆરી ૨૦૨૧ વચ્ચે ભારતમાંથી ઓક્સિજનની નિકાસ બમણી થઈ ગઈ હતી. એપ્રિલ ૨૦૨૦થી જાન્યુઆરી ૨૦૨૧ વચ્ચે ભારતે ૯૦૦૦ મેટ્રિક ટન કરતાં વધુ ઓક્સિજનની નિકાસ કરી હતી. વર્ષ ૨૦૨૦ના નાણાકિય વર્ષમાં ભારતે ફક્ત ૪૫૦૦ મેટ્રિક ટન ઓક્સિજનની નિકાસ કરી હતી. આમ નિકાસ બમણી થઈ ગઈ હતી. જાન્યુઆરી ૨૦૨૦માં ભારત ૩૫૨ મેટ્રિક ટન ઓક્સિજનનો નિકાસ કરતો હતો.

# નવો સ્ટ્રેન : સિંગાપુરે ભારતીયોની પ્રવેશ સંખ્યા ઘટાડી

## કોરોનાના નવા સ્ટ્રેનના લક્ષણો સામે આવ્યા પછી સત્તાધીશો ચિંતામાં મૂકાયા, એશિયાઈ દેશોના પ્રવાસી પર નજર

લંડન : વિશ્વભરમાં વાયરસના નવા સ્ટ્રેનના લક્ષણો સામે આવ્યા પછી સિંગાપુર ભૂતકાળમાં સાજા થઈ ગયેલા પ્રવાસીઓને પણ દેશમાં કઈ રીતે પ્રવેશ આપવો તે મુદ્દાની સમીક્ષા કરશે. ભારતની મુલાકાત વખતે પ્રવાસી ફરી સંક્રમિત થવાની સંભાવના રહેતી હોવાથી સિંગાપુર આ દિશામાં વિચારી રહ્યું છે. અત્યારસુધી મહામારીને અંકુશમાં રાખવામાં સફળ રહેલા આ એશિયાઇ દેશે બોર્ડર પ્રવેશમાં ઘટાડો કરવા તેમ જ ભારતથી આવી રહેલા પ્રવાસીઓ માટે આઈસોલેશન જેવા પગલાં લેવાનો નિર્ણય લીધો છે. આરોગ્ય મંત્રાલયે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે સિંગાપુરના નાગરિક ના હોય કે પછી કાયમી નિવાસી ના હોય તેવા ભારતીયોને સિંગાપુરમાં ઓછી સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે.

## કોરોનાના ખાતમા માટે યુએસની બે કંપનીઓ ટેબ્લેટ તૈયાર કરે છે

અમેરિકાની બે કંપની મળીને ટેબ્લેટ સ્વરૂપે કોવિડ-૧૯નો ખાતમો કરવાની કોશિશ કરી રહી છે. આ બંને કંપનીઓ છે- રિજબેક બાયોથેરાપ્યુટિક અને મર્ક. આ કંપનીઓએ ટેબ્લેટ બનાવી છે અને એની ક્લિનિકલ ટ્રાયલ્સ ચાલી રહી છે. રસપ્રદ એ છે કે આ ટેબ્લેટની હાલ તો ધારી અસર કોરોનાવાયરસ વિરુદ્ધ જોવા મળી રહી છે. ટૂંક સમયમાં ઈન્જેક્શનના બદલે મોંએથી ગળવાની આ ટેબ્લેટની હ્યુમન ટ્રાયલ્સ પણ શરૂ થશે. અમેરિકન એપિડેમિયોલોજિસ્ટ ડો. જિલ રોબર્ટ્સે ટેબ્લેટ વિશે કહ્યું હતું કે જો પરિણામો તમામ સ્તરે પાર ઊતરશે તો નજીકના ભવિષ્યમાં કોરોનાવાયરસનો ખાતમો કરી શકાશે.

## ફાઇઝરે ભારત સરકારને નફો રળ્યા વિના વેક્સિન પુરવઠો પુરો પાડવા ઓફર કરી

દવાઓની ઉત્પાદક અમેરિકી કંપની ફાઇઝરે ગુરૂવારે ભારત સરકારના વેક્સિનેશન કાર્યક્રમ માટે નફા વિનાને ભાવે વેક્સિન ઉપલબ્ધ કરાવવા ઓફર કરી હતી. કંપનીએ જણાવ્યું કે તે દેશમાં વેક્સિનની ઉપલબ્ધતા સુનિૃત કરવા માટે સરકાર સાથે હાથ મિલાવીને કામ કરવા પ્રતિબદ્ધ છે. કંપનીએ એમ પણ કહ્યું કે ફાઇઝર -બાયોટેક કોવિડ-૧૯ વેક્સિનનો પુરવઠો માત્ર સરકાર સાથેના કરારો આધારે પુરો પાડશે. ફાઇઝરના પ્રવક્તાએ જણાવ્યું કે,' કંપની દેશમાં સરકારના રસીકરણ કાર્યક્રમમાં ઉપયોગ થઇ શકે તે હેતુસર ફાઇઝર અને બાયોએનટેક વેક્સિન ઉપલબ્ધ કરાવીને સરકાર સાથે કામ કરવા પ્રતિબદ્ધ છે.' ફાઇઝરે એમ પણ જણાવ્યું કે તે વેક્સિનનો જથ્થો નફો લીધા વગર પુરો પાડશે.

## ગળુ દબાવી જ્યોર્જની હત્યા કરનાર પોલીસકર્મીને ૭૫ વર્ષની સજા થઇ

વોશિંગ્ટન : અમેરિકામાં થયેલી જ્યોર્જ ફ્લોયડની હત્યાના આરોપી પોલિસને કોર્ટે દોષી જાહેર કર્યો છે. વોશિંગ્ટનની હેનેપિન કાઉન્ટી કોર્ટમાં જ્યુરી સાથે થયેલી ૧૦ કલાકની ચર્ચા પછી આરોપી પોલિસકર્મી ડેરેક ચાઉવિનને તમામ ત્રણ આરોપમાં દોષીત જાહેર કર્યો છે. જ્યુરીએ ડેરેક ચાઉવિન પર ઈરાદાવગરની હત્યા કરવા બદલ તેમજ હત્યા અને બીજા મામલે નિર્મમ હત્યાનો દોષી માનવામાં આવ્યો છે. અમેરિકી કાયદા અનુસાર બીજા પ્રકારની ઈરાદાવગરની હત્યાના મામલે વધારેમાં વધારે ૪૦ વર્ષની સજા ફટકારવામાં આવે છે. ત્રીજા મામલે હત્યામાં ૨૫ વર્ષની સજા ફટકારવામાં આવે છે. નિર્મમ હત્યાના મામલે ૧૦ વર્ષની સજા કે ૨૦ હજાર ડૉલરનો દંડ ફટકારવામાં આવે છે. આ રીતે જોઈએ તો આરોપી પોલિસકર્મી ડેરેક ચાઉવિનને ૭૫ વર્ષ જેલમાં સબડવુ પડશે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે એક સાથે સજા ભોગવવાની રહેશે કે અલગ અલગ. કોર્ટમાં આ નિર્ણય વખતે પોલિસકર્મી ડેરેક ચાઉવિનને હાથકડી પહેરાવી હાજર રાખવામાં આવ્યો હતો. દોષી જાહેર થતાની સાથે જ તેને મંગળવારે રાત્રે મિનેસોટાની અકમાત્ર સુરક્ષાવાળી જેલ ઓફ પાર્ક હાઈટ્સમાં શિફ્ટ કરી દેવામાં આવ્યો.

## સિરિયામાં રશિયાની એર સ્ટ્રાઈક, ઈસ્લામિક સ્ટેટના વધુ ૨૦૦ આતંકવાદીઓનો ખાત્મો

નવી દિલ્હી : સિરિયામાં રાષ્ટ્રપતિ બસર અલ અસદની સરકારનુ સમર્થન કરી રહેલા રશિયાએ આતંકીઓ સામે મોટી કાર્યવાહી કરી છે. રશિયન વાયુસેનાના લડાકુ વિમાનોએ કરેલી એર સ્ટ્રાઈકમાં ઈસ્લામિક સ્ટેટના ૨૦૦ જેટલા આતંકીઓનો ખાત્મો થયો હોવાના અહેવાલો મળ્યા છે. રશિયાના લડાકુ વિમાનોએ પલમાયરાના ઉત્તર પૂર્વ વિસ્તારમાં આવેલા ઈસ્લામિક સ્ટેટના બેઝને ટાર્ગેટ બનાવીને સંખ્યાબંધ મિસાઈલ્સ લોન્ચ કરી હતી. દરમિયાન સિરિયામાં રશિયન સેનાની આગેવાની કરી રહેલા રિયલ એડમિરલ કારપોવે પણ આ હુમલાને સમર્થન આપ્યુ છે. જે બેઝ પર હુમલો કરાયો છે ત્યાં આંતકીઓ વિસ્ફટકો તૈયાર કરતા હતા. આ બાબતની જાણકારી રશિયાને મળી હતી. રશિયાએ આ બેઝ તબાહ કરવા માટે વાયુસેનાના લડાકુ વિમાનોનો ઉપયોગ કર્યો હતો. રશિયાએ દાવો કર્યો છે કે, હુમલામાં ૨૦૦ આતંકવાદીઓ ઉપરાંત બે




મકાનો, ભારે મશિનગનોથી સજ્જ ૨૪ ટ્રકો, ૫૦૦ કિલો વિસ્ફોટકોનો ખાતમો બોલી ગયો છે. વિસ્ફોટક હથિયારો બનાવવા માટેનુ બીજુ મટિરિયલ પણ નષ્ટ કરવામાં આવ્યુ છે. આતંકીઓનો ઈરાદો સિરિયામાં થનારી ચૂંટણી પહેલા અસ્થિરતા ઉભી કરવાનો હતો.

## મહામારી વચ્ચે પૃથ્વી પર ઓક્સિજનનો કકળાટ પણ નાસાએ કરોડો કિલોમીટર દૂર કરી કમાલ

વોશિંગ્ટન : કોરોના મહામારીના કારણે ભારત જેવા દેશમાં ઓક્સિજનની સપ્લાઈને લઈને વિકટ સ્થિતિ સર્જાઈ છે ત્યારે અમેરિકાની અવકાશ સંસ્થા નાસાએ મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. નાસાના ૬ પૈડાવાળા રોવરે મંગળ ગ્રહના વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ લઈને તેને ઓક્સિજનમાં ફેરવ્યો છે.

નાસાએ કહ્યું છે કે, આ પહેલી ઘટના છે જ્યારે બીજા કોઈ ગ્રહ પર ઓક્સિજનનુ બનાવવામાં આવ્યું હોય. મંગળ ગ્રહ પર માનવજીવન વસાવવાની દિશામાં એક મહત્વનુ ડગલુ માંડ્યુ છે. મંગળ પર



ભવિષ્યમાં માનવ વસાહત સ્થાપવા માટે ઓક્સિજન સપ્લાય થઈ શકે છે તેવુ આ રોવરે સાબિત કર્યુ છે. નાસાના એડમિનિસ્ટ્રેટર જિમ રેઉટરે કહ્યું હતું કે, આ ટેકનોલોજીનો પ્રયોગ ૨૦ એપ્રિલે કરવામાં આવ્યો હતો.આ ટેકનોલોજી થકી ભવિષ્યમાં મંગળ પર જનારા અવકાશયાત્રીઓને ઓક્સિજન ઉપલબ્ધ કરાવી શકાય તેવી શક્યતા વધી ગઈ છે. માર્સ પર લેન્ડ થયેલા રોવરમાં કારની બેટરીની સાઈઝનુ એક ગોલ્ડન બોક્સ છે અને તેને મિકેનિકલ ટ્રી તરીકે ઓળખવામાં આવે છે. જે કાર્બન ડાયોક્સાઈડના મોલેક્યુલને છુટા પાડવા માટે ઈલેક્ટ્રિસિટી અને કેમેસ્ટ્રીનો ઉપયોગ કરે છે. કાર્બન ડાયોકસાઈડ કાર્બન અને ઓક્સિજન એટમનો બને છે. આમ રોવરનુ મિકેનિકલ ટ્રી કાર્બન ડાયોક્સાઈડમાંથી ઓક્સિજનને અલગ કરે છે.

## લુઈસિયાના સ્ટેટમાં બર્થ-ડે પાર્ટીમાં ફાયરિંગ, નવ બાળકો ઈજાગ્રસ્ત

લુઈસિયા : અમેરિકા માટે ગન કલ્ચર મોટુ દુષણ સાબિત થઈ રહ્યુ છે. અહીંયા છાશવારે અંધાધૂધ ફાયરિંગની ઘટનામાં લોકો જીવ ગુમાવતા હોય છે અથવા ઘાયલ થતા હોય છે.

અમેરિકાના લુઈસિયાના સ્ટેટમાં ફાયરિંગની ઘટના બની છે. ચોંકાવનારી વાત એ છે કે, આ ફાયરિંગ બાળકોની બર્થે ડે પાર્ટી દરમિયાન થયુ હતુ. જેમાં ૯ બાળકોને ગોળી વાગવાથી ઘાયલ થયા છે. પાર્ટીમાં યુવાઓના બે જુથ વચ્ચે બોલાચાલી થઈ હતી અને પછી બંને જૂથોએ એક બીજા પર ગોળીઓ ચલાવવા માંડી હતી. પાર્ટીમાં બાળકો પણ સામેલ હતા અને તેમાંથી ૯ બાળકો ઘાયલ થયા છે. કોઈને હાથમાં તો કોઈને પાંસળીમાં તો કોઈને પગમાં અને કોઈને પેટમાં ગોળી વાગી છે. અહીંયા છેલ્લા કેટલાક દિવસથી ફાયરિંગની ઘટનાઓ બની રહી છે. આ પહેલા રવિવારે પણ એક ઘટનામાં ત્રણ લોકોના મોત થયા હતા. અન્ય એક કિસ્સામાં પૂર્વ પોલીસ અધિકારીએ પોતાની પત્ની, ૧૬ વર્ષની પુત્રી અને તેના બોયફ્રેન્ડની ગોળી મારી હત્યા કરી હતી.

હવે બર્થ ડે પાર્ટીમાં પણ થયેલા ફાયરિંગ બાદ ગન કલ્ચરને લઈને ફરી ચર્ચાઓ શરુ થઈ છે.

## યુએસના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને મારી નાંખવાની ધમકી, નર્સની ધરપકડ થઈ

વોશિંગ્ટન : અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને મારી નાંખવાની ધમકી આપનાર નર્સની ધરપકડ કરવામાં આવી છે. આરોપી નર્સ નિવિયાને પેટિટે ૧૩ ફેબ્રુઆરીથી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન હેરિસને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. એ પછી અમેરિકન સિક્રેટ સર્વિસની તપાસ બાદ ફ્લોરિડા રાજ્યમાંથી આ નર્સની ધરપકડ કરવામાં આવી છે. કમલા હેરિસ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા પહેલા મહિલા અને ભારતીય મૂળના નાગરિક છે. નર્સ નિવિયાને પેટિટે જેલમાં પૂરાયેલા પોતાના પતિને એક કોમ્પ્યુટર એપ્લિકેશન થકી એક વિડિયો મોકલ્યો હતો. આ પ્રકારનો વિડિયો કેદીઓને પરિવારો સાથે કનેક્ટ કરવા માટે મોકલવાની છુટ છે. આ વિડિયોમાં નર્સ પેટિટે કેમેરા સામે રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ માટે નફરતભર્યા શબ્દોનો પ્રયોગ કર્યો હતો.

## વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ : ભારતનું રેન્કિંગ સતત બીજા વર્ષે પણ ૧૪૨મો ક્રમ જળવાયો

લંડન : મંગળવારે જાહેર કરવામાં આવેલા રિપોર્ટ્સ વિધાઉટ બોર્ડર્સના વાર્ષિક વિશ્લેષણ અનુસાર વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ ૨૦૨૧માં ભારતના રેન્કિંગમાં કોઈ સુધારો કે ઘટાડો નોંધાયો નથી અને ૧૮૦ દેશોના સમુહમા સતત બીજા વર્ષે ૧૪૨મા ક્રમ પર આવ્યું છે તેમ છતાં તેને હજું પણ પત્રકારત્વના સંદર્ભમાં સુરક્ષિત દેશ માનવામાં આવ્યો નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારત વિશ્વના સૌથી વધારે ખતરનાક દેશોમાં સામેલ છે, કે જ્યાં પત્રકારોને પોતાનું કામ સુવિધાજનક રીતે કરવા માટે ભારે તકલીફોનો સામનો કરવો પડે છે. નોંધનીય છે કે ૨૦૧૬માં ભારત ૧૩૩મા સ્થાન પર હતું પરંતુ તે પછી તેમાં ઘટાડો થયો ગયો છે. લેટેસ્ટ રિપોર્ટ અનુસાર ભારત હાલના સંજોગોમાં બ્રાઝિલ, રશિયા અને મેક્સિકોની સાથે પત્રકારત્વ માટે સૌથી ખરાબ દેશોમાં સામેલ છે. જો કે રિપોર્ટમાં જણાવાયું હતું કે ૨૦૧૯માં ભારતમાં એક પણ પત્રકારની હત્યા કરવામાં આવી ન હતી અને તે રીતે દેશના મીડિયા માટે સુરક્ષા સ્થિતિમાં સુધારો નજરે પડયો છે. જો કે સ્વતંત્રતાનું સતત ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું,

પ્રેસની સ્વતંત્રતા મોરચે નોર્વે ટોચ પર । રિપોર્ટ અનુસાર નોર્વે સતત ચોતા વર્ષે પ્રેસની સ્વતંત્રતાના મોરચે ટોચ પર છે. પત્રકારત્વના મામલે આ દેશ સૌથી સુરક્ષિત દેશ છે.

## અમેરિકાએ ભારતને ફરી બીજીવાર કરન્સી મેનિપ્યુલેટર વોચલિસ્ટમાં મૂકી દીધું

વોશિંગ્ટન : અમેરિકાનાં ટ્રેઝરી વિભાગ દ્વારા ભારતને કરન્સી મેનિપ્યુલેટર વોચલિસ્ટમાં મુકવામાં આવ્યું છે. ભારતની ઈકોનોમી દ્વારા તેની કરન્સીને મેનિપ્યુલેટ કરવામાં આવી છે કે કેમ તે માટે ત્રણ માપદંડોનો આધાર લેવામાં આવ્યો છે. આ વોચલિસ્ટમાં કેટલાક અન્ય દેશોની સાથે ભારતને પણ મુકવામાં આવ્યું છે. યુએસ દ્વારા ડિસેમ્બર ૨૦૨૦માં ભારતને બીજી વખત કરન્સી વોટલિસ્ટમાં મુકવામાં આવ્યું હતું. આ અગાઉ ડિસેમ્બર ૨૦૧૮માં તેને આ કરન્સી મેનિપ્યુલેશન વોચલિસ્ટમાં મુકવામાં આવ્યું હતું અને ૨૦૧૯માં તેમાંથી હટાવાયું હતું. આ દેશોમાં ચીન, જાપાન, સાઉથ કોરિયા, જર્મની, આયર્લેન્ડ, ઈટાલી, ભારત, મલેશિયા, સિંગાપુર, થાઈલેન્ડ અને મેક્સિકોનો સમાવેશ થાય છે. આયર્લેન્ડ અને મેક્સિકો સિવાય અન્ય તમામ દેશો ડિસેમ્બર ૨૦૨૦માં પણ આ યાદીમાં હતા.

# બેંગ્લોરનો વિજયી ચોગ્ગો: રાજસ્થાનને ૧૦ વિકેટે પછાડ્યું

મુંબઈ: આઈપીએલમાં બેંગ્લોરે રાજસ્થાનને બતાવી આપ્યું હતું કે રોયલ વિજય કોને કહેવાય. રાજસ્થાને ૯ વિકેટે ૧૭૭ રન કરી આપેલા ૧૭૮ રનના લક્ષ્યાંકને બેંગ્લોરે એક પણ વિકેટ ગુમાવ્યા વગર ૧૬.૩ ઓવરમાં ૧૮૧ રન કરી સર કર્યો હતો. આ દરમિયાન ઓપનર પડિક્કલને ૫૨ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૬ છગ્ગાની મદદથી અણનમ ૧૦૧ રન અને કેપ્ટન વિરાટ કોહલીએ ૪૭ બોલમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી અણનમ ૭૨ રન કર્યા હતા. બંનેએ આ દરમિયાન પહેલી વિકેટની અણનમ ૧૮૧ રનની ભાગીદારી નોંધાવી હતી. આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સે પ્રારંભિક આંચકાઓમાંથી બહાર આવી બેંગ્લોર સામે ૯ વિકેટે ૧૭૭ રનનો સન્માનજનક સ્કોર મૂકવામાં સફળતા મેળવી હતી.



## ચેન્નઇના વિજયની હેટ્રિક, કોલકાતાને ૧૮ રનથી હરાવ્યું

મુંબઇ: ઓપનર ફાફ ડુ પ્લેસિસ અને ઋતુરાજ ગાયકવાડે પ્રથમ વિકેટે ૧૧૫ રનની ભાગીદારી નોંધાવ્યા બાદ પેસ બોલર દીપક ચહરે ઘાતક સ્પેલ નાખીને ૨૯ રનમાં ચાર વિકેટ ઝડપતા ચેન્નઇ સુપર કિંગ્સે અહીં રમાયેલી આઇપીએલની લીગ મેચમાં કોલકાતા નાઇટ રાઇડર્સને ૧૮ રનથી હરાવીને ટૂર્નામેન્ટમાં વિજયની હેટ્રિક નોંધાવી હતી. કોલકાતાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ચેન્નઇએ ત્રણ વિકેટે ૨૨૦ રનનો જંગી સ્કોર નોંધાવ્યો હતો. કોલકાતાની ટીમ ૧૯.૧ ઓવરમાં ૨૦૨ રન બનાવી શકી હતી.

## અમદાવાદમાં ફરી શરૂ થશે ક્રિકેટ કાર્નિવલ

હાલમાં આઈપીએલની લીગ મેચો ચાલી રહી છે. લોકોમાં ક્રિકેટનો અલગ જ ક્રેઝ જોવા મળી રહ્યો છે. એવામાં અમદાવાદમાં ફરી એકવાર ક્રિકેટ કાર્નિવલ શરૂ થવા જઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે, આઇપીએલની ૧૨ મેચો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ૨૬મી એપ્રિલથી અમદાવાદમાં લીગ મેચોની શરૂઆત થશે. જેને લઈને ૨૪ એપ્રિલથી ટીમોનું અમદાવાદમાં આગમન થઈ જશે. તમને જણાવી દઈએ કે અમદાવાદમાં ૮ લીગ મેચો અને ૪ નોકઆઉટ મેચો રમાશે.

## પોઈન્ટ્સ ટેબલ

| Teams | M | W | L | PTS |
|---|---|---|---|---|
| બેંગલુરુ | 4 | 4 | 0 | 8 |
| ચેન્નાઈ | 4 | 3 | 1 | 6 |
| દિલ્હી | 4 | 3 | 1 | 6 |
| મુંબઈ | 4 | 2 | 2 | 4 |
| હૈદરાબાદ | 4 | 1 | 3 | 2 |
| કોલકાતા | 4 | 1 | 3 | 2 |
| પંજાબ | 4 | 1 | 3 | 2 |
| રાજસ્થાન | 4 | 1 | 3 | 2 |

# વર્લ્ડ યુવા બોક્સિંગ ચેમ્પિયનશિપની સેમી ફાઈનલમાં પહોંચતા સાત ભારતીય બોક્સર

નવી દિલ્હી: પોલેન્ડના કીલસમાં ચાલતી વર્લ્ડ મેન્સ એન્ડ વીમેન્સ યુથ બોક્સિંગ ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઈનલમાં ભારતની બેબીરોજિસિના ચાનૂએ યુરોપીયન ચેમ્પિયન એલેક્સા કુબિકાને હરાવી અપસેટ સર્જ્યો હતો. આ રીતે કુલ સાત મહિલા ભારતીય બોક્સરો સેમી ફાઈનલમાં પહોંચવામાં સફળ રહી છે.

બેબીરોજિસિના ૫૧ કિલોગ્રામમાં સેમી ફાઈનલમાં પહોંચી તો અરુંધતી ચૌધરી ૬૯ કિલોગ્રામ, સનામાચા ચાનૂ ૭૫ કિલોગ્રામ, અંકિત નરવાલ ૬૪ કિલોગ્રામ, વિશાલ ગુપ્તા ૯૧ કિલોગ્રામ, વિશ્વામિત્ર ચૌગથમ ૪૯ કિલોગ્રામ અને સચીને ૫૬ કિલોગ્રામમાં પોતાના ક્વાર્ટર ફાઈનલના મુકાબલા જીતીને સેમી ફાઈનલમાં પ્રવેશની સાથે કમસેકમ પોતાનો કાંસ્યચંદ્રક સુનિશ્ચિત કરી લીધો છે.

આમ વધુ સાત ચંદ્રકની સાથે ભારતીય બોક્સરોએ સ્પર્ધામાં કુલ ૧૧ ચંદ્રક સુનિશ્ચિત કરી લીધા. આ પહેલા ચેમ્પિયનના છઠ્ઠા દિવસે વિનકા, અલફિયા, ગીતિકા અને પૂનમે સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. એશિયન યુથ ચેમ્પિયન બેબીરોજિસિનાએ ૫૧ કિલોગ્રામમાં બે મજબૂત હરીફ બોક્સરમાં પોલેન્ડની કુબિકાને કોઈ પોઈન્ટ જ હાંસલ કરવાની તક ન આપી. મણિપુરની આ બોક્સરે ૫-૦થી જીત નોંધાવી. સેમી ફાઈનલમાં તેનો સામનો ઈટલીની લુસિયા અયારી સાથે થશે. અરુંધતી અને સનામાચાએ પણ ક્વાર્ટર ફાઈનલમાં શાનદાર દેખાવ કર્યો હતો. અરુંધતીએ ક્વાર્ટર ફાઈનલમાં યુક્રેનની અન્ના સેજકોને ૫-૦થી હરાવી હતી.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
::: For Free Quotation & Consultation :::

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

MOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2020 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings


MOTEL KING:Specializing in Selling Motels: LIST & SELL with confidence

18 Room Motel Near Pembroke/1.5 Hrs from Ottawa
18 Room Motel With 3 Br house for Owner Located In Eganville Near Pembroke. Seller Had Spent Over 150K In Last 5 Years On Room Renovations. No Competition, the Only Motel In Town. Since last 2 years Operating With 70% To 100% Occupancy. Currently All 18 Rooms Are Occupied by Monthly Customers. Regular Income, Easy Operation & Low Operating Costs.Small VTB available. Asking Price: $925,000

15 Room Motel Hwy 402, near London/Sarnia
SOLD IN JANUARY 2021

12 Room Motel Hwy 17, near North Bay / Sudbury
SOLD IN JANUARY 2021

42 Room Motel North of Timmins
In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business
Asking Price: $1,300,000

10 Room Motel Near Welland / St.Cathrines
30 min to Niagara/Buffalo. With 3 BR house.
100% occupancy, all rooms given on monthly basis.
Easy one man operation.
Asking Price: $849,000 SOLD CONDITIONAL

Quality Inn & Suites - $4,500,000

30+ Room Motel Nr Sault Ste. Marie
Seller willing to hold mortgage at 35% down
Asking Price: $2,000,000

27 Room Motel Near Thunder Bay Airport
Well maintained rooms & huge house. Within the city on prime intersection, year round business + additional income from 2 Commercial tenants Price reduced. VTB available. Asking Price: $1,999,000

Franchise Hotels & Motels for Sale
Asking Price: $3M to $11M, Call for more info

Other Motels For Sale Principal Buyers to Sign Buyer Representation Agreement on Particular Motels
(1) 60+ Room in Northern Ontario (2) Motel & Cottages near Tobermory / Wasaga beach (3) Motels in Niagara Falls (4) Other 30 Room to 50 Room Motels -$3.5M to $5M (5) Other 10 Room to 30 Room - $1M to $3M (6) Other small and medium size motels coming up for sale in Spring 2021 EXCLUSIVE Listings with me

Looking for Experienced Motel Operator
Willing to relocate in northern ON. Must have a knowledge of Computer & English (opportunity to be a Working Partner with small investment)

NOTE: Buyers to sign Representation Agreement on particular motels to get additional & financial information. About 40% down payment required to get a bank loan
Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100.

Dr. Salim Kapadia DDS
Dental Centre

Your Perfect Smile... Is Our Greatest Satisfaction!

Dr. Salim Kapadia Dental Centre – Scarborough Mirror – 2020 readers' choice Awards – PLATINUM



SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

416-321-3268





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com